# સંસ્કાર સોપાન - ૪

## વૈભવ અને વારસો



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી - ગાંધીનગર



તમારી સંસ્થા ઈંગ્લેન્ડની પબ્લિક સ્કૂલ જેવું
સુંદર કાર્ય કરી રહી છે.

- મહારાજા સયાજીરાવ ગાયકવાડ



તમારાં બાળકોને અભ્યાસ માટે અહીં મોકલો.
તેઓ અહીં સાચી કેળવણી પામશે.

- ગાંધીજી

# સંસ્કાર સોપાન-૪

## વૈભવ અને વારસો



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી - ગાંધીનગર



**વિદ્યાર્થી આશ્રમ - ૧૯૧૯. કડી**



**શેઠ પ્રાણસુખલાલ મફતલાલ વિવિધલક્ષી સર્વ વિદ્યાલય - કડી**

**સંસ્કારસોપાન-૪**
**Sanskarsopan-4**

**પહેલી આવૃત્તિ**
૫, ઓક્ટોબર ૨૦૦૩, વિજયાદશમી

**પ્રત :** ૧૦૦૦

**કિંમત :** રૂ. ૩૦-૦૦

**પ્રકાશક**
શ્રી માણેકલાલ એમ. પટેલ
ચેરમેન, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,
કડી-ગાંધીનગર

**મુદ્રક**
**નયન પટેલ**
**દર્શન પ્રેસ**
૦૨, 'કલિંગ' કોમ્પ્લેક્ષ, માઉન્ટ કાર્મેલ સ્કૂલ પાસે, બાટા શૉ-રૂમ પાછળ,
આશ્રમ રોડ, અમદાવાદ-૯ ● ફોન : ૬૫૮૪૯૬૩



# અર્પણ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સંસ્થાઓના આદ્યસંસ્થાપકો અને અગ્રણી કાર્યકરોને,

સંસ્થાઓમાંથી શિક્ષણ લઈ જીવનમાં સફળ થયેલ તમામ વ્યક્તિઓને, જેઓ સમાજ માટે આદર્શ બની છે અને સંસ્થા તેમજ સમાજનું ગૌરવ વધાર્યું છે,

ઋષિતુલ્ય આચાર્યશ્રીઓ, શિક્ષકોને, જેમણે અભ્યાસ ઉપરાંત ચારિત્ર્યઘડતર, જીવનઘડતર અને સદાચારી સંસ્કારોનું સીંચન કર્યું છે,

શુભેચ્છકો અને દાનવીરો – ખાસ કરીને દેશવિદેશમાં વસતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને, જેમણે છુટ્ટે હાથે દાનનો પ્રવાહ અસ્ખલિત વહેતો રાખ્યો છે અને વિકાસ માટે નાણાં પૂરાં પાડ્યાં છે તે સૌને.

# આમુખ

માનવજીવન અને સમાજોત્થાનમાં સારા વિચારોએ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. સારા વિચારો માણસના ઉત્તમ મિત્ર તરીકે કામ કરે છે.

વિચારો જ જીવનને દૃષ્ટિ અને દિશા આપે છે, પ્રેરણા આપે છે, ખુશી આપે છે, શાંત્વન આપે છે અને પ્રોત્સાહિત પણ કરે છે. વિચાર એ જ કાર્યનો રાજા છે.

ઘણી વાર એક સુંદર શબ્દ, એક નાનું વાક્ય કે વિધાન, આપણામાં નવી શક્તિનો સંચાર કરે છે અને એમાંથી નવું, સાચું અને સારું કામ કરવાની પ્રેરણા મળે છે.

વિશ્વની સઘળી ભાષાઓમાં સંસ્કૃત અતિ પ્રાચીન ભાષા છે. એમાં રચાયેલું સાહિત્ય સમૃદ્ધ અને જીવનલક્ષી છે. તેમાંય સુભાષિતો અને સૂક્તિઓમાં ભારોભાર જ્ઞાન, અનુભવ અને ડહાપણ ભરેલાં હોય છે. એ આપણો અમૂલ્ય રત્નભંડાર અને પરંપરાગત વૈભવી વારસો છે, જે આપણા ઋષિમુનિઓ અને શાસ્ત્રોની આપણને અમૂલ્ય ભેટ છે. સુભાષિતો અને સૂક્તિઓમાં અંકિત થયેલા વિચારો નવી દૃષ્ટિ આપે છે. નવી દિશા દર્શાવી મૂંઝવણનો ઉકેલ સુઝાડે છે. એ બધાં વ્યવહારમાં વણી શકાય તેવાં હોય છે અને સચોટ રીતે નીતિ અને ડહાપણભર્યો પ્રકાશ અને પંથ બતાવે છે.

આવી ગણતરીથી, આપણા યુવાન વિદ્યાર્થીઓને એમાંથી દૃષ્ટિ, દિશા, નવા વિચારો, વિવેકબુદ્ધિ, અને પ્રેરણા મળે અને એમના જીવનમાં પ્રકાશ પડે અને નીતિમત્તા સાથે પ્રગતિ કરી શકે એવાં



સુભાષિતો, સૂક્તિઓ, મુક્તકો અને કહેવતો ઇત્યાદિને આ સોપાનમાં આવરી લેવામાં આવ્યાં છે.

આપણાં વેદ, ઉપનિષદ, ગીતા, શાસ્ત્રીય ગ્રંથો તેમજ અન્ય સાહિત્યમાં સંસ્કાર-સંસ્કૃતિનો અમૂલ્ય રસ પડેલો છે. એના વાચનથી, ચિંતનથી વિચારો, વાણી અને વર્તન ઘડાય અને સર્વાંગી વિકાસ થાય તે ધ્યાનમાં રાખી ચયન કર્યું છે.

આ સાહિત્ય તૈયાર કરવામાં મેં આશ્રમ ભજનાવલિ, સ્વ. શ્રી બાપુભાઈ ગામીનો 'ગીર્વાણગીતાંજલિ' સંગ્રહ, જનકલ્યાણમાં છપાયેલા વેદ-ઉપનિષદ્‌ના શ્લોકો, અને શ્રી કનૈયાલાલ જોશી લિખિત 'સંસ્કૃત સુભાષિતો અને રત્નકણિકાઓ' ઇત્યાદિ પ્રકાશનોનો સારો એવો ઉપયોગ કર્યો છે અને એમાંથી ઘણા શ્લોકો અને સૂક્તિઓ લીધી છે. આ માટે હું એમનો ખૂબ આભારી છું.

ચારિત્ર એ એવી માટી છે, જેના ઉપર સર્વ કાંઈ સારું નીપજે. ચારિત્રની કેળવણી એટલે સદ્‌વિચાર અને સદાચારની કેળવણી. સદાચારની વાતો, દલીલો અને ભાષણોથી વિદ્યાર્થીઓમાં ન ઊતરે. આચાર એ ક્રિયા છે. આ ક્રિયા દ્વારા વિદ્યાર્થી વાચન અને મનન કરતો રહે તો જ તેનો માનસિક વિકાસ થાય. આપણા પ્રાચીન ગ્રંથોમાં આશ્રમજીવનના આપણા અમર વારસામાં જે રહ્યું છે તેને અમે સંસ્કારસોપાનના ચાર ભાગમાં, બાળક, કિશોર અને યુવકનું જીવન આહ્‌લાદક બને એવું પાથેય મળી રહે તે ઉદ્દેશથી આપ્યું છે.

ગ્રીક ચિંતક પ્લેટો કહે છે : 'વિદ્યાર્થીનું મગજ કોથળો નથી કે તેમાં બધુ ઠાંસી ઠાંસી ભરી દેવાય.' અમે તો માત્ર તેને રુચિકર

લાગે તેટલું જ લે અને જીવન બાગને મઘમઘતો બનાવે એવા આશયથી જ આટલું જલસિંચન કર્યું છે.

અમારે મન સંસ્કારસોપાનના આ ચાર સંપુટો ચાર વેદ, ચાર પુરુષાર્થ, ચાર વર્ણાશ્રમધર્મ અને ચાર આર્ય સત્યો જેટલા જ મહત્ત્વના છે એ કહેવાની જરૂર ન હોય.

આ પુસ્તિકા તૈયાર કરવામાં મને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રી પ્રા. ડૉ. મંગુભાઈ પટેલ, તથા પ્રા. ત્રિકમભાઈ પટેલ અને પ્રા. જોઈતારામ પટેલે ખૂબ મદદ કરી છે. એમનો હું હાર્દિક આભાર માનું છું.

દર્શન પ્રેસના શ્રી હરેશભાઈ અને નયનભાઈએ સંસ્કૃત અને ગુજરાતીમાં સુંદર છાપકામ કર્યું છે એ પ્રશંસનીય છે. ટાઈટલ ડિઝાઈનર શ્રી હિમાંશુભાઈએ પણ સુંદર કામ કર્યું છે.

આ પ્રકાશનની મંજૂરી આપવા માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન શ્રી માણેકલાલનો આભાર વ્યક્ત કરુ છું. આપણા મંડળના સર્વાંગી વિકાસના કાર્યમાં સંસ્કારસોપાનની આ પુસ્તિકાઓ મદદરૂપ થશે એવી આશા રાખું છું.

*નરસિંહભાઈ કે. પટેલ*
ચૅરમેન
હાયર એજ્યુકેશન
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,
કડી-ગાંધીનગર



# આવકાર

૧૯૧૯માં સ્થપાયેલી આ સંસ્થા આજે ઉત્તર ગુજરાતના 'કાશી' તરીકે જાણીતી બની છે. યુગપુરુષ મહાત્મા ગાંધી અને અદના રાજવી શ્રી સયાજીરાવ ગાયકવાડ ત્રીજાના મુખે તેમજ કેટલાક દીવાનો, સરકારી અમલદારો, વિદ્વાનો, સામાજિક કાર્યકરો દ્વારા પ્રશંસા પામી છે અને આજે પણ પામતી રહી છે. તેના યશના અધિકારી છે : અમારી સંસ્થાના આદ્યસ્થાપકો, નિષ્ઠાવાન આચાર્યો અને શિક્ષકો. આજે આ સંસ્થાનું સંચાલન આ જ સંસ્થામાં સંસ્કારનું પયપાન કરી તૈયાર થયેલા પૂર્વ-વિદ્યાર્થીઓ **'ઘસાઈને ઊજળા થાઓ'** એ સિદ્ધાંતથી કામ કરે છે.

રાષ્ટ્રનો મંત્ર 'સત્ય મેવ જયતે' છે. તે જ રીતે અમારી સંસ્થાનો મંત્ર **'કર ભલા હોગા ભલા'** નો છે. બાળક પ્રભુનું પ્રતીક છે. સંસ્થામાં આવી તેને બાળક, કિશોર, યુવક એમ ત્રણ અવસ્થામાંથી પસાર થવાનું હોય છે. આ સમયગાળામાં તેનો સંપૂર્ણપણે વિકાસ થાય તે હેતુથી હાયર એજ્યુકેશનના ચેરમેન શ્રી નરસિંહભાઈ પટેલે સંસ્કારસોપાનના ચાર ભાગમાં સંપુટો તૈયાર કરાવ્યા છે. તેમને વીણેલાં મોતી વિચારગાથા કે ઝાકળબિંદુ તરીકે પણ ઓળખાવી શકાય.

શ્રી નરસિંહભાઈનું માનવું છે : વિદ્યાર્થી ઊર્જાથી ભરેલો છે. તેનામાં જબરજસ્ત તાકાત રહેલી છે. આપણાં ચાર 'સંસ્કારસોપાન'માં જે વાતો કરી છે તેમાંથી એ થોડું પણ ગ્રહણ કરે, તો સિદ્ધિનાં સોપાન સહેલાઈથી ચડી શકે. આપણા રાષ્ટ્રપતિ શ્રી એ. પી. જે કલામ બાળકોની આંખોમાં આવતીકાલના ભારતનું સ્વપ્ન નિહાળી રહ્યા છે; જ્યારે શ્રી નરસિંહભાઈ યુવકની આંખોમાં તરવરાટ જોઈ આવતીકાલનું ગુજરાત તેમની આંખોમાં સાકાર થતું જોઈ રહ્યા છે. આ સંસ્થામાં દાખલ થયેલ બાળક **'સંપૂર્ણ માનવ'** એટલે કે **નિષ્ઠાવાન નાગરિક** થઈને બહાર પડે એ એમનું અને અમારી સંસ્થાનું સ્વપ્ન છે.

અમે કરી રહ્યા છીએ તે સારું છે કે ખોટું? શું સારું? શું ખોટું? તેનો માપદંડ કે પારાશીશી વાલીઓ અને સમાજ છે. અમે માત્ર પ્રશંસાના ભૂખ્યા નથી, અમને રચનાત્મક ટીકાઓ કે સૂચનો પણ ગમશે. આ સંપૂટ તૈયાર કરનાર સૌકોઈને અભિનંદન.

ગાંધીનગર

*માણેકલાલ એમ. પટેલ*
ચેરમેન, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ
કડી-ગાંધીનગર

# અનુક્રમ

## વિભાગ-૧

સુભાષિત શ્લોકો ........................................ ૯ થી ૬૨

## વિભાગ-૨

સૂક્તિઓ ................................................ ૬૩ થી ૧૦૦

## વિભાગ-૩

ગુજરાતી મુક્તકો
કહેવતોનો વારસો ................................ ૧૦૧ થી ૧૧૨



# વિભાગ-૧

## સુભાષિત શ્લોકો



# સુભાષિતો

'સુભાષિત' એટલે સુંદર વચન. આવાં વચનોમાં પ્રાણ પેઠે સત્ય ધબકતું હોય છે. આવાં વચનોનો ઉદ્દેશ કલ્યાણકારી-શિવ હોય છે. એમાં અદ્‌ભુત સૌન્દર્ય લાધ્યું હોય છે. એટલે કે સત્યમ્, શિવમ્ અને સુંદરમ્‌નો એમાં સમન્વય થયો હોય છે.

સુભાષિતો દ્વારા ઉપદેશ, પ્રશંસા, વ્યાવહારિક જ્ઞાન અને નીતિમત્તા સરળ રીતે દર્શાવવામાં આવે છે.

વિદ્યાર્થીજીવનમાં, ચારિત્ર્યઘડતરમાં, સંસ્કારસિંચનમાં ઉપયોગી થાય એવાં કેટલાંક સુભાષિતો એકઠાં કર્યાં છે. દરેક સુભાષિતનો અનુવાદ અને જ્યાં જરૂરી હોય ત્યાં ભાવાર્થ આપ્યો છે, જેનાથી અર્થ સમજવામાં સરળતા રહેશે અને પરંપરાગત વિકાસલક્ષી જ્ઞાન, અનુભવ અને વિચારશક્તિ પ્રાપ્ત થશે. અવારનવાર અધ્યયન તથા કંઠસ્થ કરવા જેવાં આ સુભાષિતો જીવનને રસમય બનાવશે, પ્રેરણાદાયક નીવડશે.

જીવનમાં સુભાષિતો એમનું સમજપૂર્વક વાચન-મનન કરવાથી તેઓ સત્સંગ અને સતપુરુષોના સમાગમની ગરજ સારે છે. એટલું જ નહીં એ પથદર્શક અને પ્રેરક પણ બની રહે છે. સુભાષિતો અવશ્યમેવ ફળદાયી હોય છે. સદ્‌ગુણોથી સભર અનુભવવચનો અને સત્પુરુષોનું સદાચારી જીવન આપણને કર્તવ્યનિષ્ઠ અને સંનિષ્ઠ બનવાની પ્રેરણા અને પ્રોત્સાહન આપે છે.



# સુભાષિતો

(૧)

**सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।**
**सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित् दुःखमाप्नुयात् ।।**

**અનુવાદ :** અહીં (આ લોકમાં) સૌ સુખી થાઓ; સૌ નીરોગી બનો; સૌ સદ્‌ભાગ્ય નિહાળો (અનુભવો); કોઈ પણ દુઃખ ન પામો.

**અર્થવિસ્તાર :** ઋષિઓ લોકકલ્યાણ માટે જ સાધના અને તપશ્ચર્યા કરે છે અને દેવોની આરાધના કરે છે. તેઓ સંસારમાં સૌનું સુખ ઇચ્છે છે; સૌને સૌભાગ્ય પ્રાપ્ત થાય અને કોઈને દુઃખ ન પડે તેવી મંગલ ઇચ્છા વ્યક્ત કરે છે.

(૨)

**सेतुंतर दुस्तरान् दानेन अदानम्**
**अक्रोधेन क्रोधम् श्रद्धया अश्रद्धाम् ।**
**सत्येन असत्यम् एषा गतिः एतदमृतम्**
**स्वर्गच्छ ज्योतिर्गच्छ, सेतूंस्तर चतुरः ।।**

**અનુવાદ :** હે મનુષ્યો! કૃપણતા, ક્રોધ, અશ્રદ્ધા અને અસત્ય એ ચાર દુસ્તર સેતુઓ છે. એમને તું દાન, અક્રોધ (ક્ષમા), શ્રદ્ધા અને સત્યાચરણથી પાર કરી જા. આ જ સાચો માર્ગ છે. આ જ અમરતા છે. સ્વર્ગમાં જા; પ્રકાશ પ્રતિ પ્રગતિ કર.

**અર્થવિસ્તાર :** માનવકલ્યાણના માર્ગમાં કૃપણતા, ક્રોધ, અશ્રદ્ધા અને અસત્ય એ ચાર અવરોધો છે અને એ અવરોધોના પ્રતિકાર અહીં સૂચવવામાં આવ્યા છે. દાન, ક્ષમા, શ્રદ્ધા અને સત્યઆચરણ એ ચાર માર્ગો તમને પ્રગતિ તરફ લઈ જશે.

(૩)

**ईशावास्यमिदं सर्वं यत् किञ्च जगत्यां जगत् ।**
**तेन त्यक्तेन भुञ्जीथाः मा गृधः किस्यस्विद् धनम् ।।**
(ईशोपनिषद)

**અનુવાદ :** આ જગતમાં જે કાંઈ ચરાચર પદાર્થો છે તે બધા ઈશ્વરથી આવાસિત અથવા ઈશ્વરથી આચ્છાદિત કરવા યોગ્ય છે. માટે ઈશ્વરને અર્પણ કરીને જ તુ પદાર્થોને ભોગવ. અધિકની તૃષ્ણા ન કર. અરે, ધન કોનું છે? અર્થાત્, ધન કોઈનુંયે નથી.

**અર્થવિસ્તાર :** આ મંત્રમાં કહેવામાં આવ્યું છે કે, આ બધુ ઈશ્વરનું ઘર છે. તેમાંથી અમુક અંશ, જે તમને કલ્યાણકારી ન હોય, તેનો ત્યાગ કરવો જોઈએ અને અનાસક્ત ભાવથી ભોગવવો જોઈએ.

આ બધું ઈશ્વર-રચિત છે, એટલે જે કંઈ ઉપાર્જન કરવામાં આવે તે બધું ઈશ્વરને અર્પણ કરવું જોઈએ અને પછી જ તેનો ઉપભોગ કરવો જોઈએ; અને જે કંઈ ઉર્પાજન થાય એમાં સંતોષ માનવો જોઈએ, કારણ કે, આ ધન ઈશ્વર સિવાય બીજા કોઈનું નથી, કોઈનું થયું નથી અને થશે પણ નહિ.

(૪)

**श्रेयश्च प्रेयश्च मनुष्यमेतः तौ सम्परीत्य विविनक्ति धीरः ।**
**श्रेयो हि धीरोऽभि प्रेयसो वृणीते प्रेयो मन्दो योगक्षेमाद् गृणीते ।।**
(कठोपनिषद)

**અનુવાદ :** આત્મકલ્યાણ અને પ્રિય વસ્તુ મનુષ્યની સામે આવે છે. બુદ્ધિમાન મનુષ્ય તે બંનેને બરાબર તપાસીને વિવેકથી છૂટાં પાડે છે. ખરેખર, બુદ્ધિમાન પ્રિય વસ્તુ કરતાં આત્મકલ્યાણને વધારે



પસંદ કરે છે; જ્યારે મંદ બુદ્ધિવાળો પ્રિય વસ્તુને આત્મકલ્યાણ કરતાં વધુ પસંદ કરે છે.

**અર્થવિસ્તાર :** કઠોપનિષદના આ મંત્રમાં શ્રેય અને પ્રેયની પસંદગીમાં શ્રેયને જ પ્રાધાન્ય આપવું એવું સૂચન અને સલાહ છે. જીવનમાં ભૌતિક સુખો 'પ્રેય' લાગે છે, પણ જ્યારે પસંદગી કરવાની આવે ત્યારે 'શ્રેય'ની - આત્માનું કલ્યાણ કરે તેવી જ બાબતની - પસંદગી વિવેકપૂર્વક કરવી જોઈએ; કારણ કે પ્રેય અર્થાત્ ઇન્દ્રિયસુખ ક્ષણિક હોય છે જ્યારે શ્રેય એટલે કે આત્મકલ્યાણ શાશ્વત હોય છે.

(૫)

**उत्तिष्ठत जाग्रत प्राप्य वरान् निबोधत ।**
**क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गपथस्तत् कवयो वदन्ति ।।**
(कठोपनिषद)

**અનુવાદ :** ઊઠો, જાગો, શ્રેષ્ઠ ગુરુઓ પાસે જઈને જ્ઞાન મેળવો. બુદ્ધિમાનોનો તે માર્ગ ઓળંગી ન શકાય એવો, અસ્ત્રાની ધાર જેવો છે; છતાં ચાલી શકાય તેવો છે એમ કવિઓ કહે છે.

**અર્થવિસ્તાર :** કઠોપનિષદનો આ મંત્ર જ્ઞાનપ્રાપ્તિ અને આત્માની ઉન્નતિ માટે ત્રણ સોનેરી આદેશો આપે છે.

આમાં જ્ઞાનસિદ્ધિ માટે ઉદ્‌બોધન છે, જેના માટે શ્રેષ્ઠ ગુરુની આવશ્યકતા છે. શ્રેષ્ઠ ગુરુ જ્ઞાની, ચારિત્ર્યવાન હોવો જોઈએ અને શિષ્યપ્રેમી હોવો જોઈએ. જ્ઞાનસંપાદન માટે સાધના જરૂરી છે.

આમ, જાગૃતિ, ગુરુનું માર્ગદર્શન અને સાધના એ ત્રણેનો સુભગ સંગમ થાય તો જ જ્ઞાનપ્રાપ્તિ થાય.

અનુભવીઓ કહે છે કે, જેમ અસ્ત્રાની ધાર ઉપર ચાલવાનું કઠિન છે તેમ આત્મસાક્ષાત્કારનો માર્ગ પણ કઠણ છે; અને એ માર્ગે ચાલવા ગુરુપ્રાપ્તિ અને સાધના ખૂબ જ મહત્ત્વનાં છે.

(૬)

**असतो मा सद्गमय, तमसो मा ज्योतिर्गमय, मृत्योर्मा अमृतं गमय ।**

(बृहदारण्यक उपनिषद)

**અનુવાદ :** મને અસત્યમાંથી સત્ય તરફ, અંધકારમાંથી પ્રકાશ તરફ અને મૃત્યુમાંથી અમૃત તરફ લઈ જાઓ.

**અર્થવિસ્તાર :** આ એક પ્રેરક મંત્ર છે. સંસાર વિષમસ્વરૂપ છે; જેમાં સ્વાર્થ, જુઠ્ઠાણું, વહેમ, ખોટી માન્યતાઓ અને અજ્ઞાન ભર્યું છે. એટલે જીવનસાફલ્ય માટે આ પ્રાર્થના પ્રેરક છે. પ્રભુ પાસેથી સત્ય, પ્રકાશ (અંધકાર અને અજ્ઞાનમાં જ્યોતિરૂપ) મળે અને અહંનો નાશ થાય એ માટે આ પ્રાર્થના છે. હું નિત્ય જ્ઞાનસ્વરૂપ આત્મા છું એવી પ્રતીતિ પ્રભુ કરાવે એવી પ્રાર્થના છે.

(૭)

**ॐ सहनाववतु। सह नौ भुनक्तु। सहवीर्यं करवावहै ।**
**तेजस्विनावधीतमस्तु। मा विद्विषावहै। ॐ शान्तिः शान्तिः शान्तिः ।।**

(कठोपनिषद)

**અનુવાદ :** પરમાત્મા અમારા (ગુરુ-શિષ્ય) બંનેનું રક્ષણ કરો. અમે બંને સાથે મળીને ઉપભોગ કરીએ; અમે બંને એકસાથે પુરુષાર્થ કરીએ; અમારી વિદ્યા તેજસ્વી બનો. અમે એકબીજાનો દ્વેષ ન કરીએ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ!



**અર્થવિસ્તાર :** ગુરુ સમીપ બેસીને એકાત્મભાવે વિદ્યાસંપાદન કરવાનો અહીં ભાવાર્થ છે. ગુરુ અને શિષ્ય સાથે મળીને પ્રાર્થના કરે છે.

આ મંત્રમાં ગુરુ-શિષ્યના આદર્શ જીવનની ઝાંખી છે. એ ઉપરાંત, સહજીવનની આ ખૂબ શ્રદ્ધેય પ્રાર્થના છે. કૌટુંબિક અને સાંસારિક સહજીવન જીવવા માટે ખૂબ સારી શિખામણ આપતો આ મંત્ર છે.

(૮)

**सत्यं वद। धर्मं चर। स्वाध्यायान्मा प्रमदः ।**
**आचार्याय प्रियं धनमाहृत्य प्रजातन्तुं मा व्यवच्छेत्सीः ।।**

(तैतरीयोपनिषद)

**અનુવાદ :** સત્ય બોલજે, ધર્મનું પાલન કરજે, સદ્‌ગ્રંથોનું અધ્યયન કરવામાં આળસ કરીશ નહીં, આચાર્યને પ્રિય ધન આપતો રહેજે અને વંશપરંપરાનો ઉચ્છેદ ન થાય તેનું ધ્યાન રાખજે.

**અર્થવિસ્તાર :** આશ્રમમાં રહીને શિષ્યનો વિદ્યાભ્યાસ પૂર્ણ થયા પછી તે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશે છે ત્યારે ગુરુ તેને આ સલાહ આપે છે.

આ 'દીક્ષાંત' ઉપદેશ આજે પણ એટલો જ પ્રસ્તુત અને જરૂરી છે. એમાં સારા ચારિત્ર્યનું દર્શન છે. નિરંતર અધ્યયન એટલે માત્ર વાચન નહીં, પણ શીખવું-અનુભવવું એવા 'Continuous learning' - સતતશિક્ષણની સલાહ છે. એમાં જીવનના સાતત્યની પણ વાત છે.

(૯)

**ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।**
**पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ।।**

(छान्दोग्यम्)

**અનુવાદ :** એ પૂર્ણ છે. આ પૂર્ણ છે. પૂર્ણમાંથી પૂર્ણ નીકળે છે. પૂર્ણમાંથી પૂર્ણ લેવા છતાં પૂર્ણ જ બાકી રહે છે.

**અર્થવિસ્તાર :** આ મંત્રમાં પરમાત્માના પૂર્ણસ્વરૂપની ઓળખ છે. પરમાત્મા અને એનું સર્જન પૂર્ણ જ હોય છે.

આ અતિ ગહન ચિંતનમંત્ર છે. પરમાત્માની પ્રાર્થના એટલે પૂર્ણતાની પ્રાપ્તિ - Excelleceની પ્રાપ્તિ - ગણાય, અને એ જ જીવનનું મુખ્ય લક્ષ્ય છે.

(૧૦)

**उपकारान् स्मरेन्नित्यं अपकारांश्च विस्मरेत् ।**
**शुभे सैधंयं प्रकुर्वीत अशुभे दीर्घसूत्रता ।।**

(वाल्मीकिरामायण)

**અનુવાદ :** બુદ્ધિમાન માણસે બીજાએ પોતાના પર કરેલા ઉપકારો સદા યાદ રાખવા અને અપકારો ભૂલી જવા. એણે સારા કામમાં ઉતાવળ કરવી અને અશુભમાં વિલંબ કરવો જોઈએ.

**અર્થવિસ્તાર :** આ શ્લોક હૃદયની ઉદારતા કેળવવાનો બોધ કરે છે. મનની શાંતિ માટે અપકારોને ભૂલી જવા જરૂરી છે; નહિતર વેરવૃત્તિ જાગ્રત થાય અને તેથી જીવને અજંપો થાય.

જો કોઈએ આપણા પર કરેલા ઉપકારો યાદ રાખીએ તો વ્યક્તિ તરફ સ્નેહ અને આદર આવે અને બીજાને ઉપયોગી થવાની પ્રેરણા અને પ્રોત્સાહન મળે.



બીજી સલાહ : સારાં કામ વિનાવિલંબે કરવાં જોઈએ. Do it now. અનુચિત અને અશુભ કામ કરવાનું તો સદંતર ટાળવું જોઈએ. એ ન બને તો એમને કરવામાં અતિવિલંબ કરવો જોઈએ, કે જેથી સમય જતાં એ ખરાબ કામ આપણાથી થતું અટકી જાય.

(૧૧)

**धर्मं चरत माऽधर्मं सत्यं वदत नानृतम् ।**
**दीर्घं पश्यत मा ह्रस्वं परं पश्यत माऽपरम् ।।**

(महाभारत)

**અનુવાદ :** ધર્મનું આચરણ કરો, અધર્મનું નહીં; સત્ય બોલો, અસત્ય નહીં; દીર્ઘ દૃષ્ટિ રાખો, સંકુચિત નહીં; ઉપર જુઓ; નીચે નહીં.

**અર્થવિસ્તાર :** આ શ્લોક આચારસંહિતાના સાર સમાન છે. વ્યાસમુનિ ધર્મ અનુસારનું આચરણ કરવાનું કહે છે.

અહીં ધર્મની કર્મકાંડની ક્રિયાઓ કે વિધિઓની વાત નથી. સમાજમાં ઉત્કૃષ્ટ જીવન જીવવા માટેનાં જે નીતિમૂલ્યો છે તે અનુસાર વર્તવું એનું નામ ધર્મનું આચરણ.

સત્યનિષ્ઠા અને ધર્મનિષ્ઠા એક જ સિક્કાનાં બે પાસાં છે. વિશાળ દૃષ્ટિ એટલે કે ઔદાર્ય હોવું જોઈએ. એ હૃદયનો ગુણ છે. સંકુચિત મનોવૃત્તિ વિકાસ અને જીવનને રૂંધે છે. ઉપર ઈશ્વર તરફ જુઓ, નીચે એટલે સંસાર તરફ નહીં; એટલે કે સંસારી સુખો નહીં પણ શાશ્વત સુખોની ઇચ્છા કરો. આ શ્લોકમાં વ્યાસમુનિએ જીવનનાં સુંદર મૂલ્યો દર્શાવ્યાં છે.

(૧૨)

**श्लोकार्धेन प्रवक्ष्यामि यदुक्तं ग्रंथकोटिभिः ।**
**परोपकारः पुण्याय पापाय परपीडनम् ।।**

(महाभारत)

**અનુવાદ :** જે કરોડો ગ્રંથોમાં કહ્યું છે તેને હું અર્ધા શ્લોકમાં કહું છું : પરોપકાર કરવામાં પુણ્ય છે અને અન્યને પીડા કરવામાં પાપ છે.

**અર્થવિસ્તાર :** આ અડધા શ્લોકમાં પાપ અને પુણ્યની સરળ છતાં સચોટ પિછાન છે.

નરસિંહ મહેતા જેવાએ પણ વૈષ્ણવજનનાં લક્ષણો વ્યક્ત કરતાં ઉપદેશ આપ્યો છે કે, 'પરદુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે.' આ આલંકારિક પંક્તિ જીવનમાં ઉતારવા જેવી છે.

(૧૩)

**धर्म एव सुहृल्लोके निधनेऽप्यनुयाति यः ।**
**शरीरेण समं नाशं सर्वमन्यद्धि गच्छति ।।**

(महाभारत)

**અનુવાદ :** મૃત્યુ પછી પણ જે સાથે આવે છે તે ધર્મ જ સંસારમાં જીવનો સુહૃદ છે; બીજું બધું તો શરીરની સાથે જ નાશ પામે છે.

**અર્થવિસ્તાર :** જે ક્રિયા કરવાથી જીવન ટકે અને ઉન્નત બને એ ધર્મ. જે કર્તવ્યથી વ્યક્તિત્વ વિકસે છે, વધે છે તે જ ધર્મ. માનવીને સંનિષ્ઠ બનાવી કાર્યરત રાખે તેનું નામ ધર્મ. ધર્મ શાશ્વત છે, એટલે ધર્મનું સદા પાલન કરવું જોઈએ.



(૧૪)

**ग्रन्थानभ्यस्य मेधावी ज्ञानविज्ञानतत्परः ।**
**पलालमिव धान्यार्थी त्यजेत् सर्वमशेषतः ।।**

(महाभारत)

**અનુવાદ :** તીક્ષ્ણ બુદ્ધિવાળા મનુષ્યે જ્ઞાન અને વિજ્ઞાનની પ્રાપ્તિ અર્થે ગ્રંથોનો અભ્યાસ કરવો, પરંતુ ધાન્યની અપેક્ષા રાખનાર જેમ પરાળ છોડી ધાન્યમાત્ર લે છે, તેમ મનુષ્યે ગ્રંથોનો સાર ગ્રહણ કરવો અને શેષ સર્વ છોડી દેવું.

**અર્થવિસ્તાર :** અહીં વિવેક દાખવીને થતા પુસ્તકવાચનનું મહત્ત્વ દર્શાવ્યું છે. જ્ઞાન-વિજ્ઞાન માટે ગ્રંથો જ સાચા સાથી છે. આ અભ્યાસ હેતુલક્ષી હોવો જોઈએ, અર્થાત્ તેમાંનો સાર જ ગ્રહણ કરવો જોઈએ, અન્ય બાબતો છોડી દેવી જોઈએ. ધાન્ય મેળવવા જેમ છોડાં અને ઘાસ અલગ પાડીને માત્ર ધાન્યને જ ગ્રહણ કરવામાં આવે છે તેમ. કેવું સુંદર દૃષ્ટાંત!

બધાં નહીં, ઉત્તમ પુસ્તકો જ જીવનને તેજોમય બનાવે છે.

(૧૫)

**असूयैकपदं मृत्युः अतिवादः श्रियो वधः ।**
**अशुश्रूषा त्वरा श्लाघा विद्यायाः शत्रवस्त्रयः ।।**

(महाभारत)

**અનુવાદ :** વિદ્યાર્થી માટે ઈર્ષ્યા એ મૃત્યુ છે, અતિવાદ સંપત્તિનાશક છે અને સેવાવિમુખ થવું, ભણવામાં ઉતાવળ કરવી તથા પોતાનાં વખાણ કરવાં એ ત્રણ વિદ્યાના શત્રુઓ છે.

**અર્થવિસ્તાર :** પ્રાચીન સમયની ગુરુકુળપ્રથા એટલે આશ્રમમાં રહી વિદ્યાસંપાદન કરવું. તે પદ્ધતિ-આધારિત વિદ્યાર્થીજીવન માટે અહીં ખૂબ સુંદર સલાહ આપી છે.

વિદ્યાર્થીએ સ્વાશ્રયી બનવાનું છે. વિદ્યાર્થીનો બીજો આશય સહજીવન અને સમૂહજીવન વિશેનો છે. એટલે જ વિદ્યાર્થીએ ઈર્ષ્યાથી મુક્ત રહેવું જોઈએ. તંદુરસ્ત સ્પર્ધા આવકાર્ય છે. ઉપનિષદની 'સહનાવવતુ'ની ભાવના મૂર્તિમંત થવી જોઈએ.

'વાદવિવાદ' એ શિક્ષણપદ્ધતિ છે, પણ તે 'અતિ'નું રૂપ ધારણ ન કરે એ જરૂરી છે. અતિવાદ વૈમનસ્ય જગાડે છે.

સેવા વિદ્યાર્થીનું ભૂષણ છે અને સેવાપરાયણ બનવું એ વિદ્યાર્થીજીવનનો મહત્ત્વનો આદર્શ છે. સેવા દ્વારા સહાનુભૂતિ, કરુણા અને સહકારના ગુણો ખીલે છે.

વિદ્યાર્થીનું ધ્યેય તો વિદ્યાપ્રાપ્તિ જ છે. જ્ઞાનનું સંપાદન, દૃઢીકરણ અને અમલીકરણ : આ ત્રણ વિદ્યાપ્રાપ્તિનાં પગથિયાં છે. આ ત્રણે સોપાનોને ક્રમશઃ અને યોગ્ય રીતે અનુસરવું જોઈએ.

કવિએ એમ પણ કહ્યું છે કે, આત્મપ્રશંસા અને આત્મશ્લાઘા વિઘાતક બળ છે અને એ અત્યંત હાનિકારક છે. એ દુર્ગુણનો તો નાશ જ કરવો.

ગાંધીજીએ પણ બુનિયાદી શિક્ષણના ત્રણ પાયાના સિદ્ધાંતો કહ્યા છે : (૧) શ્રમયુક્ત ઉદ્યોગ, (૨) સમૂહજીવન અને (૩) સમવાયી શિક્ષણ. આ ત્રણે સિદ્ધાંત આપણાં ગુરુકુલોમાં હતા.

અધ્યયન એક ઉપાસના છે અને એ જ્વલંત બને, ઉત્કૃષ્ટ બને એ માટેનું અહીં પથદર્શન છે. બહુ મનન કરવા જેવો અને જીવનમાં ઉતારવા જેવો આ શ્લોક છે.



(૧૬)

**आरभेतैव कर्माणि श्रान्तः श्रान्तः पुनः पुनः ।**
**कर्माण्यारभमाणं हि पुरुषं श्रीर्निषेवते ।।**

(मनुस्मृति)

**અનુવાદ :** થાક લાગે ત્યારે થોડો વિશ્રામ કરી, ફરી ફરીને કર્મ કરતા રહેવું જોઈએ. કર્મને ન છોડનાર પુરુષની સેવામાં લક્ષ્મી અવશ્ય ઉપસ્થિત રહે છે.

**અર્થવિસ્તાર :** કર્મ સતત કરતા રહેવું અને જરૂર લાગે ત્યારે વિશ્રામ પણ લેવો. પણ, એ વિશ્રામ આળસમાં ન પરિણમે એ જરૂરી છે. મનન, શક્તિ અને સ્ફૂર્તિ પાછી મેળવવા માટે આરામ જરૂરી છે, તેમ તે નવી ચેતના માટે પણ જરૂરી છે.

આવું આયોજિત અને અવિરત કર્મ જીવનનો આનંદ છે, જીવનની સફળતાનું સોપાન છે.

(૧૭)

**यत् कर्मं कुर्वतोऽस्य स्यात् परितोषोऽन्तरात्मनः ।**
**तत् प्रयत्नेन कुर्वीत विपरीतं तु वर्णयेत् ।।**

(मनुस्मृति)

**અનુવાદ :** સજ્જન માણસનો અંતરાત્મા જે કામથી સંતોષ અનુભવે તે કામ એણે અવશ્ય કરવું; અને એથી વિપરીત - અર્થાત્ જે કર્મ કરતાં મન ખેદ અનુભવે તેનો ત્યાગ કરવો.

**અર્થવિસ્તાર :** મનુષ્યે અવિરત કામ તો કરવાનું છે, પણ કાર્ય એવું હોવું જોઈએ કે તે કર્મ કરતાં પોતાને આનંદ અને સંતોષ થવા જોઈએ સાથે સમાજના સજ્જન માણસોને પણ આનંદ અને સંતોષ થવા જોઈએ.

જે કામ માણસ માટે શ્રેયકારક હોય, સમાજને ઉપયોગી હોય, જેમાં માનવસેવાની સુગંધ હોય એવાં જ કામની સજ્જનો પ્રશંસા કરે છે.

મનને ખેદ થાય એવાં કાર્યો કદી નહીં કરવાં જોઈએ.

(૧૮)

**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।**
**मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि ।।**

(गीता)

**અનુવાદ :** (હે અર્જુન!) કર્મમાં જ તારો અધિકાર છે; ફળ વિશે કદી નહીં. તું કર્મના ફળનું કારણ ન થા. કર્મ નહીં કરવામાં તારી આસક્તિ ન થાઓ.

**અર્થવિસ્તાર :** અહીં કર્મનો સિદ્ધાંત બતાવ્યો છે. શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને કહે છે કે, ''તારો અધિકાર કર્મ કરવામાં જ છે. તેના ફળમાં તારો અધિકાર નથી. એટલે કર્મફળ મળે એવી વાસનાથી કર્મ ના કર, અને કર્મ નહીં કરવાની પણ આસક્તિ ન રાખ.''

આનો અર્થ ઘણો ગહન છે. માણસે અવિરત કર્મ કરવાનું છે. કર્મ કરશો એટલે ફળ પણ મળશે; પણ એવા ફળની ઈચ્છા માત્રથી જ્યારે કામ થાય છે ત્યારે એમાં સ્વાર્થ આવી જાય છે અને કર્મ બરાબર થતું નથી.

મનુષ્યને ઈશ્વરમાં શ્રદ્ધા હોવી જોઈએ કે, કર્મનું જે ફળ પ્રાપ્ત થશે એ ઈશ્વરેચ્છા અનુસાર હશે. એટલે કર્મનું શુભ કે અશુભ ફળ, પ્રભુની દેણગી ગણીને સ્વીકારી લેવાનું છે. મનુષ્ય પોતે જ સ્વયં ફળનું કારણ છે એવું માનવાનું નથી. બધું ઈશ્વરનિર્મિત બનતું હોય છે, મનુષ્ય તો માત્ર નિમિત્ત છે.



એટલે 'હું નહિ કરું' - જો મને ઈચ્છિત ફળ મળવાનું ના હોય તો - એવો ભાવ નથી રાખવાનો. નિષ્ક્રિયતા તો મૃત્યુ સમાન છે. સારાં કામનાં ફળ સારાં જ મળતાં હોય છે એ ઈશ્વરી નિયમ છે. એટલે હતાશા અને નિરાશાને દૂર કરી આપણો જે ધર્મ હોય એવાં કામો ઈશ્વરમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખીને કરવાં જોઈએ અને પરિણામ - ફળ જે આવે તે સ્વીકારી લેવું જોઈએ; જેથી દુઃખ ન થાય.

(૧૯)

**योगस्थः कुरु कर्माणि सङ्गं त्यक्त्वा धनञ्जय ।**
**सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते ।।**

(गीता)

**અનુવાદ :** હે અર્જુન! યોગમાં સ્થિર રહેલો તું (ફળ વિશેની) આસક્તિ છોડીને સફળતા-નિષ્ફળતામાં સમાન થઈ કર્મો કર. (મનનો) આવો સમભાવ એ જ યોગ કહેવાય છે.

**અર્થવિસ્તાર :** અહીં કર્મયોગની ઓળખ આપવામાં આવી છે. ભગવાન કહે છે કે, આસક્તિ છોડી દો અને સિદ્ધિ કે અસિદ્ધિ એ બે પૈકી ધાર્યું પરિણામ ન આવે તોપણ બુદ્ધિની સમતા રાખવાની વાત છે. એમ કરવાથી યોગમાં સ્થિર રહી શકાય અને આપણું કર્મ બરાબર કરી શકાય. આ સમત્વભાવને જ 'યોગ' કહેવાય છે.

ટૂંકમાં, કર્મ પ્રત્યે મોહ રાખીને કે આવું જ પરિણામ આવે એવી લાગણીવશતાથી કામ કરવાનું નથી, કારણ કે એવો મોહ મનમાં દ્વિધા ઊભી કરે છે કે, આ કાર્ય કરવું કે ના કરવું?

મોહ કે આસક્તિ કરતાં કાર્ય જ મહાન છે. એટલે સફળતા કે નિષ્ફળતાના પરિણામની ચિંતા કર્યા વગર કેવળ ધ્યાનપૂર્વક કર્મ કરવું જોઈએ. 'કાર્ય-કારણના' નિયમ અનુસાર પરિણામ કે ફળ જરૂર મળશે.

(૨૦)

**दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।**
**वितरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ।।**

(गीता)

**અનુવાદ :** (ત્રિવિધ) દુઃખોમાં ઉદ્વેગ રહિત મનવાળો, સુખોમાં સ્પૃહા કે ઇચ્છા વિનાનો અને જેનાં રાગ-આસક્તિ, ભય તથા ક્રોધ છૂટી ગયાં છે તે મુનિ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.

**અર્થવિસ્તાર :** સ્થિતપ્રજ્ઞ એટલે સ્થિરબુદ્ધિમાન. સફળ કે નિષ્ફળ, શુભ કે અશુભ, લાભદાયક કે નુકસાનકારક, એવી ત્રિવિધ જુદી જુદી પરિસ્થિતિમાં જેની પ્રજ્ઞા-બુદ્ધિ સ્થિર રહે છે તે જ સ્થિતપ્રજ્ઞ કહેવાય.

આ કર્મયોગનું પ્રમાણ છે. આધિ, વ્યાધિ અને ઉપાધિ જેવાં દુઃખોમાં પણ મન ઉશ્કેરાટ સિવાયનું રહે છે, સુખ મળે તો તેને ભોગવવાની સ્પૃહા નથી રહેતી અને મોહ, ભય અને ક્રોધ જેવા નકારાત્મક ભાવોનો અનુભવ થતો નથી. આમ, તે 'કમલવત્' ભાવથી જીવન જીવે છે.

(૨૧)

**श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।**
**स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ।।**

(गीता)

**અનુવાદ :** સારી રીતે આચરેલા, બીજાના ધર્મ કરતાં પોતાનો ધર્મ દોષયુક્ત હોય તોપણ વધારે કલ્યાણકારી હોય છે. પોતાના ધર્મમાં રહેતાં મરણ આવે તે પણ શ્રેયસ્કર છે, જ્યારે બીજાનો ધર્મ ભયપ્રદ હોય છે.



**અર્થવિસ્તાર :** સ્વધર્મ માતા જેવો જન્મપ્રાપ્ત છે. મનુષ્યે અંતકાળ લગી ભૌતિક કે આધ્યાત્મિક સ્તરે સ્વધર્મને વગળી રહેવું જોઈએ. બીજાઓના કર્તવ્યની નકલ કરવી જોઈએ નહીં.

મનુષ્ય પ્રકૃતિના ગુણોના પ્રભાવ હેઠળ રહે છે. તેથી તેણે અમુક પરિસ્થિતિ માટે નક્કી કરાયેલા કુદરતી નિયમો પાળવા જોઈએ અને બીજાઓનું અનુકરણ ન કરવું જોઈએ. આમ, સ્વધર્મનું પાલન સ્વ-ઉદ્ધાર છે.

(૨૨)

**दिवसेनैव तत् कुर्याद् चेन रात्रौ सुखं वसेत् ।**
**यावज्जीवं च तत्कुर्याद् येन प्रेत्य सुखं वसेत् ।।**

(विदूरनीति)

**અનુવાદ :** દિનભર એવું કામ કરવું જોઈએ કે રાતે સુખપૂર્વક ઊંઘ આવે; અને જીવનભર એવાં કર્મો કરવાં જોઈએ કે જેથી મૃત્યુ પછી સુખકારક સદ્‌ગતિ થાય.

**અર્થવિસ્તાર :** દિવસ દરમિયાન જે યુક્તિ-પ્રયુક્તિમાં રાચે છે અને અનીતિ અને અન્યાયને અનુસરે છે તેને રાત્રિ દરમિયાન નિદ્રા આવતી નથી. તેના મનમાં શંકા-કુશંકાઓ, ભય અને ચિંતાના વિચારો જ આવતા હોય છે.

એટલે જેનાં પરિણામો નિશ્ચિત હોય એવાં જ કામો કરવાં જોઈએ, જેથી સુખપૂર્વક ઊંઘી શકાય.

આ જ પ્રમાણે જીવનભર, કોઈને પીડા થાય એવાં કામો ન કરો. ન્યાય, નીતિ અને સત્યના માપદંડને જે અનુસરે તેને એવાં સદાચારભર્યાં કર્મો દ્વારા જ જીવનમાં સદ્‌ગતિ મળે છે.

(૨૩)

उत्तमानेव सेवेत प्राप्तकाले तु मध्यमान् ।
अधमांस्तु न सेवेत य इच्छेद् भूतिमात्मनः ।।

(विदुरनीति)

**અનુવાદ :** ઉત્તમ મનુષ્યોનું સેવન કરવું, ગરજ પડ્યે મધ્યમોનુંયે સેવન ચાલે, પણ જે પોતાનું ભલું ચાહે તેણે અધમ માણસોનો સંસર્ગ કે સેવા તો ન જ કરવાં.

**અર્થવિસ્તાર :** ઉત્તમ માણસો, જે ગુણોથી સંપન્ન હોય, જે અન્યના કલ્યાણ માટે સદા તૈયાર હોય, જેનું ચારિત્ર્ય ઊજળું હોય, જે સદા જાગ્રત હોય, તેમના દ્વારા કદી શોષણ થતું નથી, કદી અહિત થતું નથી અને તેઓ સદા લાભદાયી હોય છે.

આ પછી, કોઈ હેતુ પાર પાડવા અથવા કોઈ ચોક્કસ લાભ માટે મધ્યમ પુરુષોનું સેવન કરવું પડે એમ હોય તો તેમ કરો તો તે ચાલે. મધ્યમ પુરુષ એટલે જે વિવિધ ભૌતિક બાબતો (જેવી કે - મોભો, કાર્યશક્તિ, ધન, બળ વગેરે)માં સાધારણ હોય, પણ તેનામાં પ્રેમ, સહાનુભૂતિ અને મદદરૂપ થવાના ગુણો અવશ્ય હોવા જોઈએ. તેનું સેવન પણ, જરૂર પડે તો તેમ કરવાનું સ્વીકારવામાં કશું ખોટું નથી.

પણ જેનામાં દુર્ગુણો જ ભરેલા હોય, જેનામાં માનવતાનો છાંટો પણ ન હોય તેની સેવા તો કદાપિ નહીં કરવી જોઈએ. તેના સંપર્કમાં પણ ન રહેવું, તેનો સંસર્ગ કદી ન કરવો. એટલે જેણે પોતાનું સારું કરવું છે તેણે આવા અધમ માણસોથી સર્વદા દૂર રહેવું જોઈએ.



(૨૪)

वृत्तं यत्नेन संरक्ष्येद् वित्तमेति च याति च ।
अक्षीणो वित्ततः क्षीणो वृत्ततस्तु हतो हतः ।।

(विदुरनीति)

**અનુવાદ :** ધન આવે છે ને જાય છે, માટે તે માટે ચારિત્ર્યભ્રષ્ટ ન થતાં હંમેશાં ચારિત્ર્યનું રક્ષણ પ્રયત્નપૂર્વક કરવું જોઈએ. ધનહીન હીન નથી, પણ ચારિત્ર્યહીન હીન જ છે.

**અર્થવિસ્તાર :** અહીં ચારિત્ર્યનું મૂલ્ય સમજાવ્યું છે.

સંપત્તિ તો ચંચળ છે. તે આવે અને જાય એવું બને. મનુષ્યની સાચી કમાણી તેનું ધન નથી, પણ તેનું ચારિત્ર્ય છે. ચારિત્ર્ય મનુષ્યનું સર્વસ્વ છે, સત્કર્મોનો એ પાયો છે. આથી કોઈ ભૌતિક ઉપાર્જન માટે ચારિત્ર્ય બગડે એવું નહીં કરવું જોઈએ. ઊલટાનું, ચારિત્ર્યનું તો પ્રયત્નપૂર્વક રક્ષણ કરવું જોઈએ.

"જ્યારે સંપત્તિ ગુમાવી ત્યારે માનો કે કંઈ ગુમાવ્યું નથી.
જ્યારે આરોગ્ય ગુમાવ્યું ત્યારે માનો કે કંઈક ગુમાવ્યું છે.
પણ જ્યારે ચારિત્ર્ય ગુમાવ્યું ત્યારે માનો કે સર્વસ્વ ગુમાવ્યું છે." આવું એક અંગ્રેજી વિદ્વાને કહ્યું છે.

સમાજમાં ધનવાન પૂજાય છે. આ એક લૌકિક વ્યવહાર છે. એથી ઘણા એવું માને છે કે ધન વિનાનો માનવી હીન છે; પણ એ સાચું નથી. પણ સદ્ગુણો વગરની હીનતા કે દીનતા તો ધન વગરની હીનતા કરતાંય ઘણી ખરાબ હોય છે. એટલે ચારિત્ર્યવાન બનશો તો તમારામાં વિશ્વાસ આવશે અને તમે પ્રગતિ પણ કરી શકશો.

(૨૫)

अत्यन्तकोपः कटुका च वाणी परेषु मैत्री स्वजनेषु वैरम् ।
नीचप्रसङ्ग कुलहीनसेवा चिह्नानि देहे नरकस्थितानाम् ।।
(चाणक्यनीति)

**અનુવાદ :** અતિશય કોપ, કડવી વાણી, પારકાઓની મૈત્રી, સ્વજનોથી વેર, નીચ-દુર્ગુણીઓનો સંગ અને દુષ્કુલીનોની સેવા - એ તો નરકમાંથી જે મનુષ્યો સીધા ઊતરી આવ્યા હોય તેઓમાં જ આ અપલક્ષણો હોય છે.

**અર્થવિસ્તાર :** ચાણક્યે આમાં દુર્જન લોકોના વ્યવહારનાં અપલક્ષણો બતાવ્યાં છે અને એવું તારણ કાઢ્યું છે કે, દુર્જનો તો જાણે સીધા નરકમાંથી ઊતરી આવ્યા ન હોય!

આ અપલક્ષણો પૃથ્વી ઉપર નરક જેવા જીવનની રીત બને છે.

ક્રોધ એ નિર્બળતા છે. એનાથી વિવેક નષ્ટ થાય છે. પોતાની પ્રતિષ્ઠા પણ ગુમાવાય છે. ક્રોધી માણસ કોઈની સહાનુભૂતિ કે સ્નેહ પ્રાપ્ત કરી શકતો નથી. કડવી વાણી તો સંબંધોમાં કાંટારૂપ હોય છે. એ વેરનું વાવેતર કરે છે.

પારકાની મૈત્રીને પણ અવગુણ લેખ્યો છે. પારકાની મૈત્રી એટલે જે મિત્રો કે સ્વજનો નથી તેમની મૈત્રી, જે ભાગ્યે જ વરસતી હોય છે અને ભાગ્યે જ લાભદાયી હોય છે.

સ્વજનોથી વેર બાંધવું એ પણ ઘણું નુકસાનકારક છે. સંપ અને સહકાર એ સિદ્ધિનાં સોપાન છે. એટલે જ દુર્જનોનો સંગ પણ હાનિકર્તા છે.

છેલ્લે, દુષ્ટોની સેવા એક મોટું અપલક્ષણ છે. તેમાં માનહાનિ થાય છે અને દુઃખી થવું પડે છે.

એટલે આ અપલક્ષણો ટાળવાં જોઈએ. આ અપલક્ષણો જીવનને નિષ્ફળ બનાવે છે.



(૨૬)

साहित्य सङ्गीतकलाविहीनः साक्षात्पशुः पुच्छविषाणहीनः ।
तृणं न खादन्नपि जीवमानः तद् भागधेयं परमं पशुनाम् ।।
(भर्तृहरि - नीतिशतक)

**અનુવાદ :** સાહિત્ય, સંગીત, ચિત્રકલા વગેરે કલાઓ ન જાણનાર મનુષ્ય પૂછડા અને શિંગડા વગરનો સાક્ષાત્ પશુ છે. તે જીવે છે છતાં ઘાસ ખાતો નથી, એ જ તો પશુઓનું મોટું સદ્ભાગ્ય છે.

**અર્થવિસ્તાર :** સવારે જાગવું, જીવવા ભોજન કરવું અને રાત્રે સૂઈ જવું એ કંઈ જીવન નથી. જીવન એક યંત્ર પણ નથી. રસિકતા હોય તો જ જીવન જીવવા જેવું બને છે; અને એ રસપ્રેમ કલાપ્રેમ સિવાય શક્ય નથી. આ વાતને ભર્તૃહરિએ અત્યંત અસરકારક રીતે સમજાવી છે. અહીં કલારહિત માનવીઓ તરફ એક સુંદર કટાક્ષ છે, સાથોસાથ કલાપ્રેમીઓની ઉચિત પ્રશંસા પણ છે.

(૨૭)

रे रे चातक सावधानमनसा क्षणं श्रूयताम्
अम्भोदा बहवो वसन्ति गगने सर्वे तु नैतादृशाः।
केचिद् वृष्टिभिरार्द्रयन्ति वसुधां गर्जन्ति केचिद् वृथा
यं यं पश्यसि तस्य तस्य पुरतो मा ब्रूहि दीनं वचः।।
(कठोपनिषद)

**અનુવાદ :** હે ચાતક મિત્ર! મનથી સાવધાન રહી થોડી વાર મારી વાત સાંભળ : આકાશમાં અનેક વાદળો વસે છે, પણ બધાંયે કાંઈ સરખાં નથી હોતાં. કોઈ વાદળાં વૃષ્ટિથી ધરતીને સારી પેઠે ભીંજાવી દે છે, જ્યારે કેટલાંક ખાલી ખાલી ગરજ્યા કરે છે. માટે તું જેને જેને જુએ તે બધાંની આગળ કાકલૂદી કરીશ નહીં (રોદણાં રડીશ નહીં), દીન વચનો બોલીશ નહીં.

**અર્થવિસ્તાર :** ચાતક પોતાની તરસ વરસાદના પાણીથી જ છિપાવે છે પણ એ અંગેની એક વાસ્તવિકતા રજૂ કરાઈ છે કે બધાં વાદળાં સરખાં નથી હોતાં કે જે ચાતકને પાણી પાય.

મદદ કે દાન મેળવવાની ઇચ્છા રાખનારાઓને ઉપનિષદકાર અહીં એક વહેવારુ સલાહ આપે છે કે, સઘળા ધનિકો પાસે હાથ ન લંબાવશો. આ બાબત પુરસ્કાર કે આર્થિક સહાય માટે પણ લાગુ પડે છે. જે કદર કરે એવા ન હોય તે કદી પુરસ્કાર આપતા નથી. એટલે માણસો અને સંજોગોને પારખવાની આ વાત છે.

પોતાની પ્રતિષ્ઠા અને પ્રતિભાના ભોગે, પોતાના સ્વમાન અને ગૌરવને હણીને, દરેકની સામે હાથ લંબાવવો ન જોઈએ.

(૨૮)

**उद्यमेन हि सिध्यन्ति कार्याणि न मनोरथैः ।**
**न हि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः ।।**

(हितोपदेश)

**અનુવાદ :** કર્મની સફળતા ઉદ્યમ કરવાથી જ મળે છે. તરંગી વિચારો કરવાથી નથી મળતી. સિંહ સૂતો જ રહે તો શિકાર થનારાં મૃગો કાંઈ આપમેળે એના મુખમાં આવી પડતાં નથી.

**અર્થવિસ્તાર :** આ એક સુપ્રસિદ્ધ સુભાષિત છે અને તે ઉદ્યમનો મહિમા બતાવે છે.

ઉદ્યમ વિના સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. માત્ર ઇચ્છા કરવાથી કે મિથ્યા વિચારો જ કરવાથી મનોરથ પૂરા થતા નથી. એને માટે તો પુરુષાર્થ કરવો પડે છે.

આળસ અને પ્રમાદનું જીવનમાં કોઈ સ્થાન નથી. સિંહને શિકાર આપમેળે મળતો નથી, તે પરિશ્રમ કરે છે તો જ મળે છે. આ



રૂપક દ્વારા પુરુષાર્થ કરવાની જરૂરિયાત સમજાવી, સૌને પરિશ્રમ કરવાની પ્રેરણા આપે છે.

જેમ પવનની સામે થઈને જ પતંગ ઊંચે ચઢે છે તેમ સંકટોનો સામનો કરીને જ પુરુષાર્થ સર્વોચ્ચ સફળતાનાં શિખરો સર કરી શકે છે. ધરતી ઉપર સફળ અને સંતુષ્ટ જીવન જીવવા હંમેશાં પ્રયત્નશીલ રહેવું જોઈએ. ઉદ્યમ એ જ સિદ્ધિનું સોપાન છે.

(૨૯)

**यौवनं धनसम्पत्तिः प्रभुत्वमविवेकिता ।**
**एकैकमप्यनर्थाय किमु यत्र चतुष्टयम् ।।**

(हितोपदेश)

**અનુવાદ :** યૌવન, ધનસંપત્તિ, સત્તા અને અવિવેકપણું - આમાંનું એક પણ હોય તો તે મહાન અનર્થ કરે છે, તો જેનામાં ચારેચાર હોય તો પછી કહેવું જ શું?

**અર્થવિસ્તાર :** યૌવન એટલે શક્તિનો ભંડાર. આ શક્તિ નિયંત્રણ અને લગામ માગે છે; નહિતર એ નુકસાન કરે છે.

ધનસંપત્તિ વિલાસને ઉત્તેજે છે, વ્યસનોને પોષે છે એટલે એનો ઉપયોગ પણ વિવેકપૂર્ણ થવો જોઈએ, વિકાસ અને ભલા માટે થવો જોઈએ.

સત્તા દમન તરફ લઈ જાય છે, બીજાને દુઃખી કરતી હોય છે. એને પણ સંભાળીને કોઈના ભલા માટે વાપરવી જોઈએ.

અવિવેક ઝઘડાનું મૂળ છે અને તે વ્યક્તિત્વને હણી નાખે છે.

આ સુભાષિત, એક આત્મદર્શન જેવું છે. આચરણમાં ઉપર્યુક્ત ચાર શક્તિ-સામર્થ્યો પૈકી કોઈનો પણ દુરુપયોગ ન થવો જોઈએ.

(૩૦)

**सुखस्य दु:खस्य न कोऽपि दाता परो ददातीति कुबुद्धिरेषा ।**
**अहं करोमीति वृथाभिमान: स्वकर्मसूत्रग्रथितो हि लोक: ।।**

**અનુવાદ :** કોઈ કોઈને સુખ કે દુઃખ આપતું નથી; સુખદુઃખ પરાયો માણસ આપે છે એમ માનવું એ કુબુદ્ધિ છે. 'હું કરુ છું' એમ માનવું એ વ્યર્થ અભિમાન છે. આ સંસાર પોતાના કર્મરૂપી ધાગામાં જ ગૂંથાયેલ છે.

**અર્થવિસ્તાર :** આ એક સુંદર અને પ્રેરક સુભાષિત છે. માણસ પોતાનાં સુખદુઃખ માટે અન્યને કારણભૂત ગણાવે તો તે ખોટું છે. સુખદુઃખ તો સ્વનિર્મિત છે અને એ મનની પેદાશ છે. માણસ પોતાનાં કર્મ અનુસાર જ સુખદુઃખ ભોગવતો હોય છે.

તેમજ ''હું કરું છું'' એવું માનવું અને અભિમાન કરવું એ પણ મિથ્યા છે. માણસ પોતાના કર્મરૂપી ધાગામાં જ ગૂંથાયેલો રહે છે અને સફળતા-નિષ્ફળતા પામતો હોય છે. આત્મનિરીક્ષણ કરવા પ્રેરે એવું આ સુંદર સુભાષિત સુખદુઃખની ભાવના કે અનુભૂતિ, અને ''હું જ બધું કરું છું'' એવું અભિમાન મિથ્યા છે એ સમજાવે છે.

(૩૧)

**बहवो यत्र नेतार: सर्वे पण्डितमानिन: ।**
**सर्वे महत्त्वमिच्छन्ति वृन्दं तत् नश्यति ध्रुवम् ।।**

**અનુવાદ :** જ્યાં ઘણા આગેવાનો હોય, બધા (પોતાને) પંડિત માનનારા હોય અને બધા (પોતાનું) મહત્ત્વ ઇચ્છતા હોય તે સમુદાય (ટોળું) ચોક્કસ નાશ પામે છે.

**અર્થવિસ્તાર :** આ એક કડવું સત્ય છે. સામૂહિક જીવન એટલે કે કોઈ સંસ્થા કે સંગઠન ચોક્કસ શિસ્તપાલન અને ચોક્કસ



નીતિનિયમો દ્વારા જ ચાલે છે કાર્ય કરી શકાય એ માટે સમર્થ નેતૃત્વની આવશ્યકતા રહે છે. એ જ રીતે પંડિતો (બુદ્ધિમાનો) હોય એ પણ જરૂરી છે; અને માણસો પોતાનું મહત્ત્વ લોકો સ્વીકારે એવું ઇચ્છે એ કાંઈ ખોટું નથી; પણ બધા જ મહત્ત્વાકાંક્ષી હોય તો સમાજ નાશ પામે છે.

જો બધા જ લોકો પોતપોતાનું ધાર્યું કરવા પ્રયત્ન કરે કે મહત્ત્વ માગે અને અન્યના નેતૃત્વને ન સ્વીકારે, તો સંસ્થા-સમુદાયમાં અરાજકતા સર્જાય, વિસંવાદ થાય અને કોઈ નિર્ણય એકવાક્ય-સર્વસંમત ના રહે. પરિણામે આવું સંગઠન લાંબા સમય સુધી ટકી શકે નહિ.

(૩૨)

**पौरुषं नो हलं ज्ञेयं सङ्कल्पो बीजमुत्तमम् ।**
**श्रद्धा तोयं तथा क्षेत्रं जीवनं कर्षका वयम् ।।**

**અનુવાદ :** પુરુષાર્થ આપણું હળ છે, નિશ્ચય (આપણું) ઉત્તમ બીજ છે, શ્રદ્ધા (આપણું) પાણી છે; તેમજ જીવનને (આપણું) ખેતર જાણવું અને આપણે ખેડૂતો છીએ (એમ સમજવું જોઈએ)

**અર્થવિસ્તાર :** જીવન વિષે કવિઓ, વિદ્વાનો અને ફિલસૂફોએ જુદા જુદા મંતવ્યો આપ્યા છે. કોઈએ જીવનને પ્રવાહ કહ્યો છે, તો કોઈએ જીવનને સરિતા (નદી) સાથે સરખાવ્યું છે. શેક્સપિયરે તો જીવનને રંગભૂમિ પણ કહી છે. એક ફિલસૂફે જીવનને કુરુક્ષેત્ર અને સંગ્રામ પણ કહ્યાં છે.

આમાં કવિએ અનોખુ દર્શન કરાવ્યું છે. જીવનને ખેતર સાથે સરખાવ્યું છે. અને સારી ખેતી માટે શું શું જોઈએ એ અસરકારક રીતે સમજાવ્યું છે.

ખેતર ખેડવાના પુરુષાર્થને હળ સાથે, ખેડ પછીની પ્રક્રિયા રોપણીના નિશ્ચયને ઉત્તમ બીજ સાથે અને શ્રદ્ધાને જળસિંચનના જળ સાથે સરખાવ્યું છે.

આ ખેતરના રૂપક દ્વારા, કવિએ જીવનસિદ્ધિ માટે પુરુષાર્થ, દૃઢ નિશ્ચિયશક્તિ અને શ્રદ્ધાને આવશ્યક ગણાવ્યાં છે.

(૩૩)

**प्रथमे नार्जिता विद्या द्वितीये नार्जितं धनम् ।**
**तृतीये नार्जिता कीर्तिः चतुर्थे किं करिष्यति ।।**

(कामन्दकी)

**અનુવાદ :** જેણે પહેલી અવસ્થામાં વિદ્યા; બીજી અવસ્થામાં ધન; અને ત્રીજી અવસ્થામાં કીર્તિ ન મેળવી હોય, તો પછી તે ચોથી અવસ્થા (વૃદ્ધાવસ્થા)માં શું કરવાનો હતો?

**અર્થવિસ્તાર :** આપણાં શાસ્ત્રોએ મનુષ્યના સમગ્ર જીવનના ચાર ભાગ ગણ્યા છે અને દરેક ભાગને 'અવસ્થા' તરીકે ઓળખાવ્યો છે.

પ્રથમ તબક્કે - બ્રહ્મચર્યાશ્રમમાં વિદ્યાસંપાદન કરવાનું હોય છે. બીજી અવસ્થા ગૃહસ્થાશ્રમમાં સંસારી જીવન જીવીને ધનપ્રાપ્તિ કરવાની હોય છે. ત્રીજી અવસ્થા - વાનપ્રસ્થાશ્રમની. એમાં ભૌતિક ઈચ્છાઓ અને સુવિધાઓનો ત્યાગ કરી મોહમાયા ઓછી કરવાનું અને વૈરાગ્ય તરફ જવાનું હોય છે. ચોથો ભાગ તે સંન્યાસાશ્રમ. એમાં સંસારનો સંપૂર્ણ ત્યાગ કરી, સંન્યસ્ત સ્વીકારીને, વનમાં આધ્યાત્મિક જીવન જીવવાનું હોય છે.



મનોવિજ્ઞાને પણ મનુષ્યના વયની ભિન્ન ભિન્ન અવસ્થાઓ દર્શાવી છે. જેવી કે,

| | |
|---|---|
| ૧ થી ૩ વર્ષ | — શિશુ-અવસ્થા |
| ૪ થી ૭ વર્ષ | — બાલ્યાવસ્થા |
| ૮ થી ૧૫ વર્ષ | — કિશોરાવસ્થા |
| ૧૬ થી ૨૦ વર્ષ | — તરુણાવસ્થા |
| ૨૧ થી ૩૦ વર્ષ | — યુવાવસ્થા |
| ૩૧ થી ૫૦ વર્ષ | — પુખ્ત-અવસ્થા |
| ૫૧ વર્ષ અને તેથી વધુ | — વૃદ્ધાવસ્થા |

જીવનના આ સઘળા તબક્કાઓમાં ચોક્કસ કાર્યલક્ષ્ય દર્શાવ્યાં છે.

આ શ્લોકમાં ચાર મુખ્ય અવસ્થાઓનો ઉલ્લેખ છે. વિદ્યા એ જીવનનો પાયો છે અને એ પ્રથમ અવસ્થામાં પ્રાપ્ત ન કરી હોય તો જીવનની ઈમારતનો પાયો કાચો રહી જાય છે.

યૌવન જોમ, જુસ્સો અને ઉત્સાહનો જીવનકાળ છે. આ બીજી અવસ્થામાં ગૃહસ્થજીવન સાથે વિકાસ અને ધનપ્રાપ્તિ કરવાની હોય છે. આ અવસ્થા મોજ, આળસ અને પ્રમાદમાં વેડફાઈ જાય તો અર્થોપાર્જન થઈ શકે નહિ અને યુવાની વ્યર્થ જાય.

ત્રીજી અવસ્થામાં સારાં, શુભ અને કલ્યાણકારી પ્રજાકાર્યો કરીને કીર્તિ કમાવાની હોય છે. જે આમાં પાછી પાની કરે અને નામ, કીર્તિ ન કમાય, તો એનું જીવન એળે ગયું ગણાય છે.

આ વીતી ગયેલી અવસ્થામાં જો કંઈ મેળવી ન શકાયું હોય તો વૃદ્ધાવસ્થામાં મનુષ્ય ખાસ કંઈ કરી શકતો નથી. પ્રભુભક્તિ અને આધ્યાત્મિક ઉપાસના માટે પણ શારીરિક શક્તિ અને મનનું સ્વાસ્થ્ય આવશ્યક હોય છે.

એટલે કવિ કહેવા માગે છે કે, મનુષ્યે જે તે સમયે પુરુષાર્થ કરી પોતાનાં જીવનલક્ષ્યો સિદ્ધ કરવાં જોઈએ અને જીવનમાં પ્રગતિ કરવી જોઈએ.

(૩૪)

विज्ञानसारथिर्यस्तु मनः प्रग्रहवान् नरः।
सोऽध्वनः पारमाप्नोति तद् विष्णोः परमं पदम्॥

(कठोपनिषद)

દેહરૂપી રથ પર બેઠેલા જે મનુષ્યો - સારથિ વિવેકબુદ્ધિવાળા છે અને જેનો મનરૂપી લગામ પર પૂરો કાબુ છે, તે જ મનુષ્ય સંસારરૂપી દુર્ગમ માર્ગને પાર કરી, વિષ્ણુ–સર્વવ્યાપી પરમાત્મા–ના પરમ પદને પ્રાપ્ત થાય છે.

(૩૫)

धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रहः।
धीर्विद्या सत्यमक्रोधः दशकं धर्मलक्षमम्॥

(मनुस्मृति)

ધીરજ, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ (અર્થાત્ પવિત્રતા), ઇન્દ્રિયો પર કાબૂ, સારાસાર સમજનાર બુદ્ધિ, વિદ્યા, સત્ય અને અક્રોધ - આ દસ ગુણો જ ધર્મનું લક્ષણ છે. અર્થાત્, જેનામાં આ દસ ગુણો હોય એ જ મનુષ્ય ધાર્મિક ગણાય. (બહારનાં ચિહ્નો માત્રથી નહીં.)

(૩૬)

नानाश्रान्ताय श्रीरस्ति इति रोहित शुश्रुम।
पापो नृषद्वरो जन इन्द्र इच्चरतः सखा। चरैवेति॥

(ऐतरेय. ब्रा.)

**અર્થ :** હે રોહિત! અમે સત્પુરુષો પાસેથી સાંભળ્યું છે કે, જે નિરંતર શ્રમ કરતો નથી; લક્ષ્મી તેની પાસે આવતી નથી. આરામ અને સલામતીભર્યું જીવન ઝંખતો જે માણસ એદી અને બેદરકારીભર્યું જીવન ગાળે છે તે પાપી છે. સાચે જ, ઇન્દ્ર-પરમેશ્વર પ્રગતિવાંછુનો જ મિત્ર છે. માટે ચાલતા રહો, ચાલતા રહો.



(૩૭)

पुष्पिण्यौ चरतो जङ्घे भूष्णुरात्मा फलेग्रहिः।
शेरेऽस्य सर्वे पाप्मानः श्रमेण प्रपथे हताः॥ चरैवेति॥

(ऐतरेय. ब्रा.)

**અર્થ :** ભૂતકાળની વિફળતાઓને વીસરી જે પુરુષ સતત ગતિશીલ રહે છે તેની જંઘાઓ ફલવતી અર્થાત્ કાર્યસાધક હોય છે. એનો આત્મા નવાં નવાં પરાક્રમો કરવા કટિબદ્ધ થઈ સફળતાની પરંપરા સર્જે છે. એના અથાગ શ્રમથી એનાં પૂર્વકૃત સઘળાં પાપો માર્ગમાં જ ખરી પડે છે - પરસેવાથી ધોવાઈ જાય છે. માટે ચાલતા રહો, ચાલતા રહો, આગળ ધપો.

(૩૮)

आस्ते भग आसीनस्योर्ध्वस्तिष्ठति तिष्ठतः।
शेते निपद्यमानस्य चराति चरतो भगः॥ चरैवेति॥

(ऐतरेय. ब्रा.)

**અર્થ :** બેઠાડુનું ભાગ્ય પણ બેઠેલું રહે છે. ઊભેલાનું, અર્થાત્ કાર્ય કરવા કટિબદ્ધ થયેલાનું, ભાગ્ય ઊભું હોય છે. જે પડી રહે છે, સૂતો હોય છે, તેનું ભાગ્ય પણ સૂઈ રહે છે (અર્થાત્, ભાગ્ય હોય તોયે તે ફલદાયી બનતું નથી). પણ જે ચાલતો રહે છે, શ્રમપરાયણ છે, તેનું ભાગ્ય પણ સદા ચાલતું-ફળતું રહે છે.

(૩૯)

कुर्वन्नेवेह कर्माणि जिजीविषेत् शतं समाः।
एवं त्वयि नान्यथेतोऽस्ति न कर्म लिप्यते नरे॥

(इशोपनिषद २)

**અર્થ :** મનુષ્યે શાસ્ત્રસંમત કર્મો પરમેશ્વરને સમર્પણ કરતાં કરતાં જ સો વર્ષ જીવવાની ઇચ્છા કરવી જોઈએ. આ રીતે

ત્યાગબુદ્ધિથી, ઈશ્વર-સમર્પિતભાવથી કરવામાં આવતાં કર્મો મનુષ્યને લિપ્ત કરતાં નથી; અર્થાત્, એ વાસનાઓ પેદા કરી બંધનમાં નાખતાં નથી. કર્મલેપથી બચવાનો આ સિવાય અન્ય કોઈ ઉપાય નથી. અનાસક્તિથી આચરેલાં કર્મો જ મનુષ્યની ચિત્તશુદ્ધિ કરી એને પરમાત્મપ્રાપ્તિને યોગ્ય બનાવે છે.

(૪૦)

**युवा स्यात् साधु युवाऽध्यापकः आशिष्ठो द्रढिष्ठो बलिष्ठः।**
**तस्येयं पृथिवी सर्वा वित्तस्य पूर्णा स्यात्॥**

(तैत्तरियोपनिषद २-८)

**અર્થ :** યુવાન સ્ત્રીપુરુષોએ સાધુચરિત, અત્યંત અભ્યાસી, આશાવાન, દૃઢસંકલ્પ અને બલસંપન્ન થવું જોઈએ. આવા ગુણસંપન્ન નવજવાન માટે આ સંપૂર્ણ ધરતી વિત્તપૂર્ણ બની જાય છે; અર્થાત્, ઉત્સાહી–કર્તવ્યપરાયણ માટે સર્વ કાંઈ સુલભ છે.

(૪૧)

**ॐ सहनाववतु। सहनौ भुनक्तु। सहवीर्यं करवावहै।**
**तेजस्विनावधीतमस्तु। मा विद्विषावहै। ॐ शान्तिः शान्तिः शान्तिः॥**

(कठोपनिषद २-३-१९)

**અર્થ :** તે સર્વવ્યાપક પરમાત્મા અમારી ગુરુશિષ્ય બન્નેની રક્ષા કરો. અમે સાથે મળીને ભોગ પ્રાપ્ત કરીએ, અમે ગુરુશિષ્ય બન્ને એકસાથે મળીને પુરુષાર્થ કરીએ. અમારી વિદ્યા તેજસ્વી બનો. અમે એકબીજાનો દ્વેષ ન કરીએ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ.

(૪૨)

**यदेव विद्यया करोति श्रद्धयोपनिषदा तदेव वीर्यवत्तरं भवति।**

(छान्दोग्य. १-१-१०)

**અર્થ :** શ્રદ્ધાપૂર્ણ અંતઃકરણથી, પાકી સમજથી અને નિષ્ઠાપૂર્વક કરેલું કામ બહુ જ સામર્થ્યવાન્ અર્થાત્ સફળ થાય છે.



(૪૩)

**सत्यस्य वचनं श्रेयः सत्यादपि हितं वदेत्।**
**यद् भूतहितमत्यन्तं एतत् सत्यं मतं मम॥**

મહાભારત, શાંતિપર્વ

**અર્થ :** સાચું બોલવું એ તો સારું છે જ, પણ એ સાચું પાછું હિતવાળું પણ હોય એવું બોલવું. સૌનું આખરી શ્રેય કે હિત જે છે તે જ સત્ય છે એમ હું માનું છું.

(૪૪)

**आलस्यं मदमोही च चापल्यं गौष्टिरेव च।**
**स्तब्धता चाभिमानितां तथाऽत्यागित्वमेव च।**
**एते वै सप्तदोषाः स्युः सदा विद्यार्थीनां मताः॥**

**અર્થ :** આળસ, લાપરવાહી, ગમતું જ કરવાની વૃત્તિ કે મોહ, ચંચળતા, વાતોડિયાપણું, જાતને જ મોટી માની એમાં જ રત રહેવાની કે સ્તબ્ધ થવાની વૃત્તિ તથા ત્યાગ માટેની અતત્પરતા - એ સાત દોષો વિદ્યાર્થીના હોય છે. (માટે તેઓએ તેમાંથી બચવું રહ્યું.)

(૪૫)

**यतः प्रवृत्तिर्भूताना येन सर्वमिदं ततम्।**
**स्वकर्मण्या तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः॥**

**અર્થ :** જેનાથી પ્રાણીઓ ઉત્પન્ન થઈ, કર્મોમાં પ્રવૃત્ત રહે છે, જેનાથી આ સર્વ જગત વ્યાપ્ત છે તે (પરમાત્મા)ને પોતાનાં (સ્વાભાવિક) કર્મ વડે પૂજીને (અંતઃકરણની શુદ્ધિરૂપ, મોક્ષરૂપ) સિદ્ધિને પામે છે.

(૪૬)

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज।
अहं त्वं सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः॥

**अर्थ :** સર્વ ધર્મો છોડી તું મારે એકને શરણે આવ; હું તને સર્વ પાપોથી છોડાવીશ, તું શોક ન કર.

(૪૭)

गुरुर्ब्रह्मा गुरुर्विष्णु, गुरुर्देवो महेश्वरः।
गुरुः साक्षात् परब्रह्म तस्मै श्रीगुरवे नमः॥

**अर्थ :** ગુરુ એ બ્રહ્મા છે, ગુરુ એ વિષ્ણુ છે, ગુરુ એ મહાદેવ છે, ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ છે. એવા એ ગુરુજીને હું નમસ્કાર કરું છું.

(૪૮)

उद्धरेत् आत्मना आत्मानं
न आत्मा अवसादयेत्।
आत्मैव हि आत्मनो बन्धुः
आत्मैव रिपुरात्मनः॥

**अर्थ :** પોતે જ પોતાનો ઉદ્ધાર કરવો જોઈએ, નહીં કે પોતાનું અધઃપતન થવા દેવું જોઈએ; કારણ કે પોતે જ પોતાનો મિત્ર છે અને પોતે જ પોતાનો શત્રુ છે.

(૪૯)

स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धि लभते नरः।
स्वकर्मनिरतः सिद्धि यथा विन्दति तच्छृणु॥

— A man obtains excellence by devotion to duty.
— Success comes to those who remain firmly committed to their goals.



પોતાની ફરજોને જે વળગી રહે છે એ જ મનુષ્ય સિદ્ધિ પામી શકે છે. પોતાના લક્ષ્યોને દૃઢ રીતે હાંસલ કરવાનો પ્રયત્ન કરતો રહે છે, એ પણ સિદ્ધિ પામે છે અને સફળ થાય છે.

(૫૦)

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते॥

Whatever a great man does, people also try to do the same.

The standards he creates, others follow them.

મોટા-મહાન પુરુષો જે જે કરે છે, એનું અનુકરણ માણસો કરતા રહેતા હોય છે અને મહાન માણસોએ સિદ્ધિનાં જે જે ધોરણો સ્થાપિત કર્યાં હોય તેનું જ માણસો અનુસરણ કરતા હોય છે.

(૫૧)

यस्मिन् जीवति जीवंति दीना मित्राणि बान्धवाः।
सफलं जीवितं तस्य ह्यात्मार्थेका न जीवति॥

He who lives for the needy, gives happiness to friends, colleagues and all others, has lived a successful life.

Who does not live only for himself?

જે માણસ અન્યની જરૂરિયાતો પૂરી પાડે છે, મિત્રો, સ્વજનો અને સહકાર્યકરોને જે સુખ આપે છે, તે સફળ જિંદગી જીવે છે; કારણ કે, એ પોતાના એકલા માટે સ્વાર્થી જીવન જીવતો નથી.

(૫૨)

नन्वात्मानं बहु विगणयन् आत्मनैवावलम्बे।
तत्कल्याणि। त्वमपि नितरां मागमः कातरत्वम्॥

**अर्थ :** હે કલ્યાણી! તું તારી પોતાની જાતને નાની ના ગણ, કે એની અવગણના પણ ના કરીશ. તેમ અંતત્ય ડરપોક પણ ના થઈશ.

તમારી જાતને કદીય નાની ન ગણવી. અને પોતાના ઉપર વિશ્વાસ રાખી કામ કરવું. કાયર કે ભીરુ થવાનું નથી. (તમારામાં શક્તિ છે.)

(૫૩)

कस्यात्यन्तं सुखमुपनतो दुःखमेकान्ततो वा ।
नीचैः गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण ॥

**અર્થ :** કોઈનું એકલું સુખ કાયમ ટકી રહેતું નથી અને કોઈનું એકલું દુઃખ કાયમ રહેતું નથી.

આ જીવનની દશા તો પૈડાના આરાની માફક ઉપર નીચે ચાલ્યા જ કરે છે. (અર્થાત્, સુખ અને દુઃખ તો વારાફરથી આવતાં રહેતાં હોય છે.)

(૫૪)

आरभन्तेऽल्पमेवाज्ञाः कामव्यग्रा भवन्ति च ।
महारम्भाः कृतधियस्तिष्ठन्ति च निराकुलाः ॥

**અર્થ :** મૂર્ખ માણસ, પોતાના કામની શરૂઆત કરવામાં ઢીલ કરે છે અને મુશ્કેલીઓ આવે ત્યારે કાર્યમાં અસ્વસ્થ અને વ્યગ્ર બની જાય છે.

પણ બુદ્ધિશાળી અને દૃઢનિશ્ચયી મનુષ્ય મોટી મુશ્કેલીઓનો સામનો કરી, ઉદ્યમ કરીને સફળ બને છે.

(૫૫)

संगच्छध्वं, संवदध्वं, सं वो मनांसि जानताम् ।
देवा भागं यथा पूर्वे संजानाना उपासते ॥

**અર્થ :** હે શ્રોતાઓ!

- તમે બધા એકસાથે હળીમળી ચાલો (આગળ વધો).
- એકબીજા સાથે સારો વર્તાવ કરો. પ્રિય હોય તે રીતે બોલો.
- તમે બધા સારું અને એકસરખું વિચારો.



જેવી રીતે બધા દેવોએ સાથે મળી યજ્ઞોમાં ભાગ લીધો હતો. એવી રીતે, તમે સૌ એકસાથે મળી કાર્ય કરો અને સફળ થાઓ.

(૫૬)

बुद्धिः प्रभावः तेजश्च सत्त्वमुत्थानमेव च ।
व्यवसायश्च यस्याति तस्य वृत्तिभयं कुतः ॥

*- સુભાષિતકર*

બુદ્ધિ : સર્જનાત્મક વિચારશક્તિ. જે પરિસ્થિતિને બરાબર સમજી શકે અને યોગ્ય પરિણામ આવે તેવો વિવેકપૂર્ણ રસ્તો કાઢે.

પ્રભાવ : પોતાની દૃષ્ટિ, વિચારો અને કાર્યો સરસ રીતે રજૂ કરી શકે અને બીજાઓને પ્રેરણા આપી શકે.

તેજ : પોતાના લક્ષને કાર્યક્ષમ રીતે કૌશલ્યથી પહોંચી વળે એવી શક્તિ.

સત્ત્વમ્ : નીતિ અને ધર્મની મર્યાદામાં રહી જે જીવન જીવી શકે.

ઉત્થાનમ્ : જે કામ હાથમાં લીધું હોય તેમાં શ્રેષ્ઠતમ પરિણામ લાવવાની સતત અને સભાન ઈચ્છાશક્તિ.

વ્યવસાય : સતત પરિશ્રમ, મંડ્યા રહેવાની શક્તિ અને લગન પામવા માટે (Achieve)

જેનામાં આ બધી એટલે કે છ શક્તિઓ અને ગુણો હોય, અને શ્રદ્ધા સાથે પોતપોતાના કામમાં-જીવનની પ્રવૃત્તિમાં પરોવાયેલા રહે, તો તેને સિદ્ધિ મળે જ. એની કોઈ શંકા સેવવાની જરૂર નથી.

(૫૭)

अकर्तव्यं न कर्तव्यं प्राणैः कण्ठगतैरपि ।
कर्तव्यमेव कर्तव्यं प्राणैः कण्ठगतैरपि ॥

*(- રાજતરંગિણી - કલ્હણ)*

**अर्थ :** જે વસ્તુ કરવા જેવી ન હોય, તે વસ્તુ ન જ કરવી જોઈએ, ભલેને પ્રાણ જાય; અને જે કરવાનું કામ છે તે કરવું જ જોઈએ; પછી, ભલેને એમાં મૃત્યુ આવે.

(૫૮)

आचार्यात् पादमेकं स्यात् पादं सबह्रह्म चारिभिः ।
पादं तु मेद्यया ज्ञेयं शेष कालेन पच्यते ॥

*- સુભાષિતાકર*

**अर्थ :** જીવનનો ચતુર્થ ભાગ ગુરુ પાસેથી શિખાય છે - ગુરુ શીખવે છે.

બીજો ચતુર્થભાગ, મિત્રો અને વિદ્યાર્થી સાથેની ચર્ચામાંથી શિખાય છે.

વધારાનો ચતુર્થભાગ, વિદ્યાર્થી પોતાની બુદ્ધિ અને સ્વઅભ્યાસ અને મહેનતથી શીખે છે.

બાકીનો ચતુર્થભાગ, સમય જતાં અનુભવથી શિખાય છે.

(૫૯)

विपदो नैव विपदः सम्पदो नैव सम्पदः ।
विपद् विस्मरणम् विष्णोः सम्पद् नारायणेस्मृतिः ॥

*- ભગવદ્ગીતા*

**अर्थ :** મુશ્કેલીઓ (તકલીફો) ખરેખર મુશ્કેલીઓ હોતી નથી; અને નસીબ ખરેખર નસીબ હોતું નથી. પણ પ્રભુસ્મરણ ભૂલીએ તો એ મુશ્કેલીઓ લાવે છે, અને એ જ પ્રભુનું સ્મરણ કરીએ તો નસીબ આવે છે.



(૬૦)

जिव्हाग्रे वसते लक्ष्मीः जिव्हाग्रे मित्रबान्धवाः ।
अमृतं जिह्वाग्रे जिव्हाग्रे मरणं तथा ॥

*- સુભાષિતાકર*

**अर्थ :** આપણી વાણીમાં સંપતિનો વાસ છે. અને એ જ વાણીમાં મિત્રો, સગાંસંબંધી ટકી રહે છે.

એ જ વાણીમાં જીવનનું અમૃત અને મીઠાશ પણ છે, અને એ વાણી બરાબર ન હોય તો તકલીફો પણ ઊભી કરે છે.

(૬૧)

दानं भोगो नाशः तिस्रो गतयो भवन्ति वित्तस्य ।
यो न ददाति न भुङ्क्ते तस्य तृतीया गतिर्भवति ॥

*- સુભાષિત*

**अर्थ :** દાન, ભોગ અને નાશ એમ ધનની ત્રણ ગતિ છે. જે વ્યક્તિ દાન નથી આપતો કે પોતે ભોગવતો પણ નથી, એની સંપત્તિ નાશ પામ્યા જેવી જ છે. (અર્થાત્ લક્ષ્મી સંપત્તિમાં પણ દેવી શક્તિઓ છે, જે ફક્ત માયા નથી. લક્ષ્મીને કાં તો આપણે વાપરીએ કાં તો બીજાના ઉપયોગમાં આવે. બાકી તો એ લક્ષ્મી-સંપત્તિ સંચિત રહે છે, કોઈ કામમાં આવતી નથી, એનો નાશ થાય છે. આ સ્થિતિ સ્વાર્થી, કંજૂસ અને સંગ્રહખોરની થાય છે.)

(૬૨)

अद्भिः गात्राणि शुद्ध्यन्ति मनः सत्येन शुद्ध्यति ।
विद्या तपोभ्यां भूतात्मा बुद्धिर्ज्ञानेन शुद्ध्यति ॥

*- મનુસ્મૃતિ*

**अर्थ :** શરીરના અંગો તો પાણીથી સાફ થાય છે. જ્યારે મન તો સત્યથી જ પવિત્ર બને. આત્મા તો પવિત્ર જીવન અને સંયમથી શુદ્ધ બને છે; અને બુદ્ધિ જ્ઞાનથી પવિત્ર અને શુદ્ધ બને છે.

## સ્વ. શ્રી બાપુભાઈ ગામીલિખિત
## 'ગીર્વાણગીતાંજલિ'માંથી

(૧)

त्वमेव माता च पिता त्वमेव
त्वमेव बन्धुश्च सखा त्वमेव ।
त्वमेव विद्या द्रविणं त्वमेव
त्वमेव सर्वं मम देवदेव ।।

(હે ભગવાન) તમે જ મારી માતા છો અને તમે જ મારા પિતા છો; તમે જ મારા બંધુ છો અને તમે જ મારા મિત્ર છો; તમે જ મારી વિદ્યા છો અને તમે જ મારું ધન છો. હે દેવોના પણ દેવ! તમે જ મારું સર્વસ્વ છો.

(૨)

विदेशेषु धनं विद्या व्यसनेषु धनं मतिः ।
परलोके धनं धर्मः शीलं सर्वत्र वै धनम् ॥

પરદેશમાં વિદ્યા એ ધન છે; સંકટ સમયે બુદ્ધિ એ ધન છે; (મૃત્યુ પછી) પરલોકમાં (આપણે આચરેલો) ધર્મ એ ધન છે; ખરેખર (માનવીનું) ચારિત્ર્ય એ (હંમેશ માટે) હરેક સ્થળે ધન છે.



(૩)

पिबन्ति नद्यः स्वयमेव नाम्भः
स्वयं न खादन्ति फलानि वृक्षाः ।
नादन्ति सस्यं खलु वारिवाहाः
परोपकाराय सतां विभूतयः ।।

નદીઓ પોતે પોતાનું પાણી પીતી નથી; વૃક્ષો પોતે પોતાનાં ફળો ખાતાં નથી; (જગતને પાણી આપનારાં) વાદળો (ખેતરોમાં તૈયાર થતો પાક) ધાન્ય વગેરે પાક પોતે ખાતાં નથી. સજ્જનોની સંપત્તિઓ (હંમેશાં) બીજાઓના (જગતના, સંસારના) ભલા માટે હોય છે.

(૪)

विद्या ददाति विनयं विनयाद्याति पात्रताम् ।
पात्रत्वाद्धनमाप्नोति धनाद्धर्मस्ततः सुखम् ।।

વિદ્યાથી (માનવીમાં) વિનય આવે છે; વિનયથી (માનવીમાં) યોગ્યતા આવે છે; યોગ્યતા (પાત્રતા) આવવાથી ધનની પ્રાપ્તિ થાય છે (સદ્‌ગુણ રૂપી ધન, સૌંદર્યરૂપી ધન, ભાવસૌંદર્ય, શક્તિરૂપી ધન, પ્રેમરૂપી ધન, ભક્તિરૂપી ધન, પ્રભુ માટે કરેલાં સત્કર્મોરૂપી ધન : માત્ર સ્થૂળ ધન નહીં, પરંતુ સદ્‌ગુણ, ભાવ, પ્રેમ, ભક્તિ - આ બધાં સૂક્ષ્મ ધન); ધનથી જીવનમાં ધર્મ આવે છે; ધર્મ આવવાથી (જીવનમાં) સાચું સુખ પ્રાપ્ત થાય છે.

(૫)

**अयं निजः परो वेति गणना लघुचेतसाम् ।**
**उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ।।**

આ મારું છે અથવા આ પારકાનું છે એવી ગણતરી (માન્યતા) જેમનું મન ક્ષુદ્ર છે એવા માણસો જ કરે છે. જેમનાં હૃદય (ચરિત્ર, મન) વિશાળ છે એવા માનવીઓને (મહાત્માઓને) આખું વિશ્વ પોતાનું કુટુંબ લાગે છે. (આખા વિશ્વ માટે પ્રેમભાવ રાખે છે.)

(૬)

**उपदेशो हि मूर्खाणां प्रकोपाय न शान्तये ।**
**पयःपानं भुजङ्गानां केवलं विषवर्धनम् ।।**

મૂર્ખ માણસોને ઉપદેશ આપવાથી એ કોપાયમાન થાય છે, એમનાં મન (મૂર્ખાઓનાં મન) શાંત થતાં નથી (એવા લોકો ઉપદેશ ગ્રહણ કરતા જ નથી). સર્પોને દૂધ પિવડાવવામાં આવે તો એ દૂધ માત્ર એમના ઝેરમાં વૃદ્ધિ કરે છે. (મૂર્ખ માણસોને સુધારવા માટે ઉપદેશ આપવો એ નિરર્થક છે.)

(૭)

**स्थानभ्रष्टा न शोभन्ते दन्ताः केशा नखा नराः ।**
**इति विज्ञाय मतिमान् स्वस्थानं न परित्यजेत् ।।**

પોતાના સ્થાનમાંથી ભ્રષ્ટ થયેલા (ખરી પડેલા, જેમણે પોતાનું સ્થાન ગુમાવ્યું છે એવા) દાંત શોભતા નથી, વાળ શોભતા નથી, (કપાઈ ગયેલા) નખ શોભતા નથી, માણસો (વડાપ્રધાન હોય,



રાષ્ટ્રપતિ હોય કે રાજા હોય, મોટો અધિકારી હોય, કોઈ મુખ્યપ્રધાન હોય) પોતાનું પદ ગુમાવ્યા પછી શોભતા નથી. ('ઊતર્યો અમલદાર કોડીનો' - કોઈ એને ગણકારતું નથી.) આ સલાહનો પૂર્ણ વિચાર કરીને બુદ્ધિશાળી માણસે પોતાનું સ્થાન છોડવું ન જોઈએ. (જીવનમાં સેવાવૃત્તિથી, સદ્‌ભાવથી, પરમાત્મા પ્રત્યેની કૃતજ્ઞતાથી, પરમાત્મા પ્રત્યેની કૃતિશીલતાથી - સદ્‌ગુણોથી ઉચ્ચ સ્થાન ટકાવી રાખવું જોઈએ.)

(૮)

**गौरवं प्राप्यते दानान्न तु वित्तस्य सञ्चयात् ।**
**स्थितिरुच्चैः पयोदानां पयोधीनामधः स्थितिः ।।**

દાન આપવાથી (આપણને) ગૌરવ પ્રાપ્ત થાય છે, નહિ કે ધનનો સંચય કરવાથી. પાણી આપનારાં વાદળોનું સ્થાન (હંમેશાં - આકાશમાં) ઊંચે હોય છે, પાણીનો સંગ્રહ કરનાર સાગરનું સ્થાન નીચું હોય છે.

(૯)

**यो ध्रुवाणि परित्यज्य अध्रुवाणि निषेवते ।**
**ध्रुवाणि तस्य नश्यन्ति अध्रुवं नष्टमेव च ।।**

જે માણસ સ્થિર (કાયમ ટકે તેવી) વસ્તુઓને ત્યજી દઈને અસ્થિર વસ્તુઓને સેવે છે તેવા માણસની સ્થિર વસ્તુઓ નાશ પામે છે અને અસ્થિર વસ્તુ તો નાશ પામેલી જ છે (એમ સમજી લેવું).

(૧૦)

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखमाप्नुयात् ।।

આ જગતમાં બધા લોકો સુખી થાઓ, સર્વે નીરોગી થાઓ, બધા લોકોને ઉત્તમ સુખ પ્રાપ્ત થાઓ; કોઈ માનવીને દુઃખ આવે નહિ (એવી ભગવાનને પ્રાર્થના છે).

(૧૧)

क्षणशः कणशश्चैव विद्यामर्थं च साधयेत् ।
अक्षणस्य कुतो विद्या अकणस्य कुतो धनम् ।।

ક્ષણેક્ષણનો ઉપયોગ કરીને વિદ્યા મેળવવી જોઈએ અને કણે-કણ ભેગા કરીને ધન એકઠું કરવું જોઈએ. જે ક્ષણેક્ષણનો ઉપયોગ કરતો નથી તેને વિદ્યા ક્યાંથી (કેવી રીતે) પ્રાપ્ત થાય? જે કણે-કણ એકઠા કરતો નથી તેની પાસે ધન કેવી રીતે એકઠું થાય?

(૧૨)

वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि ।
लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमर्हति ।।

(મહાકવિ ભવભૂતિના 'ઉત્તરરામચરિત' નાટકમાં ભગવાન શ્રી રામચન્દ્રજી માટે કહ્યું છેઃ) 'મહાન પુરુષોનાં હૃદય વજ્રથી પણ વધુ કઠોર અને પુષ્પથી પણ વધુ કોમળ હોય છે. એવા લોકોત્તર મનુષ્યોના હૃદયને જાણવાને કોણ સમર્થ છે? (ભગવાન સીતાજીના વિરહમાં રુદન કરતા હતા; જ્યારે સીતાના ત્યાગ વખતે હૃદયને વજ્રથી પણ વધારે કઠોર બનાવીને સીતાજીને વનમાં મોકલી દીધાં.)



(૧૩)

महाजनस्य संसर्गः कस्य नोन्नतिकारकः ।
पद्मपत्रस्थितं तोयं धत्ते मुक्ताफलश्रियम् ।।

મહાન પુરુષનો સંસર્ગ કોની ઉન્નતિ નથી કરતો? કમળની પાંખડી ઉપર રહેલું પાણી મોતીનું સૌંદર્ય ધારણ કરે છે.

(૧૪)

साक्षरा विपरीताश्चेद्राक्षसा एव केवलम् ।
सरसो विपरीतश्चेत्सरसत्वं न मुञ्चति ।।

જો વિદ્વાનો વિપરીત થાય તો તેઓ કેવળ રાક્ષસો જ બને છે. 'साक्षरा'ને ઉલટાવીએ તો 'राक्षसा' થાય છે. (વિદ્વાનોને પોતાની વિદ્વત્તાનો અહંકાર આવી જાય અને હૃદયમાં પ્રેમભાવ ન રહે તો તેઓ ખરેખર રાક્ષસો જેવા બની જાય છે). સરસ એટલે પાણી, એને ઉલટાવીએ તોપણ સરસ જ થાય છે. પાણીનો ગુણ રસ. જેમાં રસ છે, જે રસયુક્ત છે તે સરસ. પાણીને ગમે તે વાસણમાં ભરીએ તોપણ તે પોતાનું રસપણું ગુમાવતું નથી.

(૧૫)

अर्थातुराणां न गुरुर्न बन्धुः
कामातुराणां न भयं न लज्जा ।
विद्यातुराणां न सुखं न निद्रा
क्षुधातुराणां न रुचिर्न वेला ।।

પૈસાના લોભીને મન ગુરુ કોણ અને બંધુ કોણ? કામરૂપી શત્રુથી ઘેરાયેલાને કોઈનો ભય હોતો નથી અને કોઈની શરમ પણ હોતી

નથી; જેમને વિદ્યા મેળવવાની ઉત્સુકતા છે તેમને સુખની કંઈ પરવા નથી અને નિદ્રાની પણ પરવા નથી. ભૂખ્યા માણસોને રુચિનો કોઈ પ્રશ્ન જ નથી અને વેળાનો કોઈ સવાલ જ નથી. (ત્રણ દિવસનો સૂકો રોટલો પણ એને મીઠો લાગે છે : 'ઊંઘ ન જુએ સાથરો, ભૂખ ન જુએ ભાખરો' - એ કહેવત છે.)

(૧૬)

**न चोरहार्यं न च राजहार्यं**
**न भ्रातृभाज्यं न च भारकारि ।**
**व्यये कृते वर्धते एव नित्यम्**
**विद्याधनं सर्वधनप्रधानम् ।।**

વિદ્યારૂપી ધનને કોઈ ચોર ચોરી શકતો નથી, એ ધનને કોઈ રાજસત્તા છીનવી શકતી નથી, કોઈ ભાઈઓ એમાં ભાગ માગી શકતા નથી અને એ ધનનો ભાર લાગતો નથી. એ ધન જેમ વાપરીએ તેમ હંમેશાં વધતું રહે છે. બધા પ્રકારનાં ધનોમાં વિદ્યારૂપી ધન મુખ્ય છે.

(૧૭)

**राष्ट्रस्य चित्तं कृपणस्य वित्तं**
**मनोरथं दुर्जनमानुषाणाम् ।**
**स्त्रियाश्चरित्रं पुरुषस्य भाग्यं**
**देवो न जानाति कुतो मनुष्यः ।।**

રાષ્ટ્રનું ચિત્ત (આખા દેશના લોકોનું મન, હૃદય), કંજૂસ માણસનું ધન, દુર્જન માણસોના મનોરથો, સ્ત્રીચરિત્ર અને પુરુષનું ભાગ્ય - આટલી બાબતો દેવ પણ ન જાણી શકે, તો (પામર) મનુષ્ય કેવી રીતે જાણી શકે?



(૧૮)

**सर्पाः पिबन्ति पवनं न च दुर्बलास्ते**
**शुष्कैस्तृणैर्वनगजा बलिनो भवन्ति ।**
**कन्दैः फलैर्मुनिवराः क्षपयन्ति कालं**
**सन्तोष एव पुरुषस्य परं निधानम् ।।**

સર્પો પવનનું ભક્ષણ કરીને જીવે છે, છતાં તે દૂબળા નથી. વનના હાથીઓ સૂકું ઘાસ ખાઈને જીવે છે, છતાં બળવાન હોય છે; શ્રેષ્ઠ મુનિઓ કંદમૂળ અને ફળો ખાઈને જીવન પસાર કરે છે. ખરેખર સંતોષ એ જ પુરુષના જીવનનો (આનંદનો, સુખનો, શક્તિનો) ઉત્તમ ભંડાર છે.

(૧૯)

**का ते कान्ता कस्ते पुत्रः संसारोऽयमतीव विचित्रः ।**
**कस्य त्वं कुत आयातस्तत्त्वं चिन्तय यदिदं भ्रातः ।**
**भज गोविन्दं भज गोविन्दं भज गोविन्दं मूढमते ।।**

(આદ્ય શંકરાચાર્ય કહે છે :) હે મૂઢમતિવાળા માનવ! કોણ તારી પત્ની અને કોણ તારો પુત્ર? આ સંસાર ઘણો વિચિત્ર છે. તું કોણ છે? તું ક્યાંથી અહીં આવ્યો છે? હે ભાઈ, તું આ વાતનો પૂર્ણ વિચાર કર. હે મૂઢમતિ, ભગવાન ગોવિંદને તું ભજી લે, ગોવિંદને તું ભજી લે, ગોવિંદને તું ભજી લે. (ગોવિંદ જ સાચો વિશ્રામ છે.)

(૨૦)

अर्थागमो नित्यमरोगिता च
प्रिया च भार्या प्रियवादिनी च ।
वश्यश्च पुत्रोऽर्थकरी च विद्या
षड् जीवलोकस्य सुखानि राजन् ।।

(કોઈ કવિ રાજાને સંબોધીને કહે છે :) હે રાજા! આ સૃષ્ટિમાં દરેક માનવીનાં છ પ્રકારનાં સુખનાં સાધન છે : ધનની સ્થિર આવક, કાયમની તંદુરસ્તી, પ્રેમાળ અને પ્રિય બોલનારી પત્ની, આજ્ઞાંકિત પુત્ર અને ધન પ્રાપ્ત કરી આપે તેવી વિદ્યા.

(૨૧)

विद्या विवादाय धनं मदाय
शक्तिः परेषां परिपीडनाय ।
खलस्य साधोर्विपरीतमेतत्
ज्ञानाय दानाय च रक्षणाय ।।

દુર્જન માણસની વિદ્યા વિવાદ માટે હોય છે, ધન મદ વધારવા માટે હોય છે અને શક્તિ બીજાઓને પીડા આપવા માટે હોય છે. એનાથી ઊલટું, સજ્જન પુરુષની વિદ્યા જ્ઞાન માટે હોય છે, ધન દાન માટે હોય છે અને શક્તિ (નિર્બળ માણસોના) રક્ષણ માટે હોય છે.



(૨૨)

साहित्यसंगीतकलाविहीनः
साक्षात्पशुः पुच्छविषाणहीनः ।
तृणं न खादन्नपि जीवमान-
स्तद्भागधेयं परमं पशूनाम् ।।

(ભર્તૃહરિ મહારાજ 'નીતિશતક'માં કહે છે :) સાહિત્ય, સંગીત અને કલા વગરનો માણસ પૂછડાં અને શીંગડાં વગરનું સાક્ષાત્ પશુ છે. પોતે ઘાસ ખાધા સિવાય જીવે છે એ પશુઓનું મોટું ભાગ્ય છે. (જો એ ઘાસ ખાતો હોત તો પશુઓને એટલું ઘાસ ઓછું મળત.)

(૨૩)

उदयति यदि भानुः पश्चिमे दिग्विभागे
प्रचलति यदि मेरुः शीततां याति वह्निः ।
विकसति यदि पद्मं पर्वतानां शिखाग्रे
न चलति खलु वाक्यं सज्जनानां कदाचित् ।।

જો (કદાચ) સૂર્ય પશ્ચિમ દિશામાં ઊગે, જો (કદાચ) મેરુ પર્વત ચાલવા માંડે, જો (કદાચ) અગ્નિ શીતળતા ધારણ કરે, પર્વતના શિખર ઉપર જો (પથ્થરોમાં) (કદાચ) કમળ ખીલી ઊઠે, તોપણ (આ બધી અશક્ય વસ્તુ શક્ય બની જાય તોપણ) ખરેખર સજ્જન પુરુષો કદાપિ પોતાના વચનમાંથી ચલિત થતા નથી.

(૨૪)

शान्ताकारं भुजगशयनं पद्मनाभं सुरेशं
विश्वाधारं गगनसदृशं मेघवर्णं शुभाङ्गम् ।
लक्ष्मीकान्तं कमलनयनं योगिभिर्ध्यानगम्यं
वन्दे विष्णुं भवभयहरं सर्वलोकैकनाथम् ।।

જેમનો આકાર શાંત છે, જેઓ શેષનાગ ઉપર શયન કરે છે, જેમની નાભિમાં (ડુંટીમાં) કમળ છે, જેઓ બધા દેવોના અધિપતિ છે, જેઓ વિશ્વના આધારરૂપ છે, જેઓ આકાશ જેવા (નિર્લેપ) છે, જેમનાં સર્વે અંગો મંગલકારી છે, જેઓ લક્ષ્મીમાતાના સ્વામી (પતિ) છે, જેમનાં નેત્રો કમળ જેવાં સુંદર છે, જેમને યોગીઓ ધ્યાનથી (સમાધિમાં) જોઈ શકે છે, એવા તમામ (ચૌદ) ભુવનોના નાથ, સંસારનો ભય હરી લેનાર ભગવાન વિષ્ણુને હું (ભાવપૂર્વક) વંદન કરું છું.

(૨૫)

घृष्टं घृष्टं पुनरपि पुनश्चन्दनं चारुगन्धम्
छिन्नं छिन्नं पुनरपि पुनः स्वादु चैवेक्षुकाण्डम् ।
दग्धं दग्धं पुनरपि पुनः काञ्चनं कान्तवर्णम्
न प्राणान्ते प्रकृतिविकृतिर्जायते चोत्तमानाम् ।।

ચંદનને વારંવાર ઘસવાથી સુંદર સુગંધ આપે છે; શેરડીના સાંઠાને જેમ જેમ કાપીએ (વધુ ને વધુ કાપીએ) - વારંવાર છેદ કરીએ તેમ તેમ વધારે સ્વાદિષ્ટ રસ નીકળે છે; સોનાને વારંવાર તપાવીએ તેમ તે વધારે ચળકાટ ધારણ કરે છે. પોતાના પ્રાણના અંત સમયે પણ ઉત્તમ પુરુષોની પ્રકૃતિમાં (સ્વભાવમાં) કોઈ ફેરફાર (વિકાર) ઉત્પન્ન થતો નથી.



(૨૬)

काकः पद्मवने रतिं न कुरुते हंसो न कूपोदके
मूर्खः पण्डितसङ्गमे न रमते दासो न सिंहासने ।
कुस्त्री सज्जनसङ्गमे न रमते नीचं जनं सेवते
या यस्य प्रकृतिः स्वभावजनिता केनापि न त्यज्यते ।।

કાગડો કમળોની વાડીમાં રુચિ રાખતો નથી, હંસ કૂવાના પાણીમાં પ્રેમ રાખતો નથી, મૂર્ખ માણસ પંડિતોનો સહવાસ કરતો નથી, ચાકર સિંહાસન ઉપર બેસવાની ઈચ્છા ધરાવતો નથી, ખરાબ સ્ત્રીને સજ્જનોનો સંગ ગમતો નથી, તે દુર્જનોનો સંગ કરે છે. સ્વભાવથી પોતાની પ્રકૃતિ જેવી ઘડાઈ છે તે કોઈનાથી છોડી શકાતી નથી.

(૨૭)

दानाय लक्ष्मीः सुकृताय विद्या
चिन्ता परब्रह्मविनिश्चयाय ।
परोपकाराय वचांसि यस्य
वन्द्यस्त्रिलोकी तिलकः स एव ।।

જે પુરુષની લક્ષ્મી દાન માટે છે, જેની વિદ્યા સત્કર્મો કરવા માટે છે, જેનું ચિંતન (સતત) પરબ્રહ્મને (પરમાત્માને) જાણવા માટે (ઓળખવા) ચાલે છે, જેની વાણી (હંમેશાં) બીજા માનવોના ઉપકાર માટે હોય છે તે જ પુરુષ (મહાત્મા, સંત, ભક્ત, જ્ઞાની, કર્મયોગી) ત્રણે લોકમાં વંદન કરવાને યોગ્ય છે (વંદનીય છે), તે જ પુરુષ સર્વશ્રેષ્ઠ છે. (૩)

(૨૮)

उद्योगिनं पुरुषसिंहमुपैति लक्ष्मी-
दैवं प्रधानमिति कापुरुषा वदन्ति ।
दैवं निहत्य कुरु पौरुषमात्मशक्त्या
यत्ने कृते यदि न सिध्यति कोऽत्र दोषः ।।

પુરુષોમાં શ્રેષ્ઠ એવા ઉદ્યોગી માણસને લક્ષ્મી વરે છે – પસંદ કરે છે. નસીબ મુખ્ય છે એવું કાયર માણસો જ બોલે છે. નસીબને હટાવીને (હે માનવ!) તું આત્મશક્તિ વડે પુરુષાર્થ કર. યત્ન કરવા છતાં જો સફળતા ન મળે તો (આ જગતમાં) કોનો દોષ? (અર્થાત્, તેથી તને દોષ લાગશે નહિ.)

(૨૯)

वासांसि जीर्णानि यथा विहाय
नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णा-
न्यन्यानि संयाति नवानि देही ।।

(ભગવાન કૃષ્ણ ભક્ત અર્જુનને ઉદ્‌બોધન કરે છે :) જેમ માણસ જૂનાં વસ્ત્રો ત્યજી દઈને નવાં વસ્ત્રો પહેરે છે, તેવી જ રીતે જીવાત્મા જીર્ણ થયેલાં શરીરને ત્યજી દઈને નવાં શરીર ધારણ કરે છે.



(૩૦)

या कुन्देन्दुतुषारहारधवला या शुभ्रवस्त्रावृता
या वीणावरदण्डमण्डितकरा या श्वेतपद्मासना ।
या ब्रह्माच्युतशङ्करप्रभृतिभिर्दैवैः सदा वन्दिता
सा मां पातु सरस्वती भगवती निःशेषजाड्यापहा ।।

જેણે મોગરાના ફૂલ જેવો, ચન્દ્ર જેવો, બરફ જેવો સફેદ હાર કંઠમાં ધારણ કર્યો છે; જેણે સફેદ વસ્ત્રો પરિધાન (પહેર્યાં) કર્યાં છે, જેનાં હસ્તકમળ વીણાના ઉત્તમ દંડથી શોભે છે, જે સફેદ કમળના આસન ઉપર બિરાજેલાં છે, જે હંમેશાં બ્રહ્મા, વિષ્ણુ, શંકર વગેરે દેવોથી પૂજાય છે, જે બુદ્ધિની જડતાને પૂરેપૂરી દૂર કરે છે એવી મા સરસ્વતી મારું રક્ષણ કરો.

(૩૧)

वयं त्वां स्मरामो वयं त्वां भजामो
वयं त्वां जगत्साक्षिरूपं नमामः ।
सदेकं निधानं निरालम्बमीशं
भवांभोधिपोतं शरण्यं व्रजामः ।।

(હે ભગવાન!) અમે તમારું સ્મરણ કરીએ છીએ, અમે તમારું ભજન કરીએ છીએ, જગતના સાક્ષીરૂપ એવા તમને અમે નમસ્કાર કરીએ છીએ; (બધા જ પ્રકારની) સુખસંપત્તિના ભંડાર, જેને કોઈ આધારની જરૂર નથી એવા, સંસારસાગર તરવામાં ઉત્તમ નૌકા સમાન ભગવાનના શરણે અમે હંમેશાં જઈએ છીએ.

(૩૨)

प्रारभ्यते न खलु विघ्नभयेन नीचैः
प्रारभ्य विघ्नविहता विरमन्ति मध्याः ।
विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः
प्रारभ्य चोत्तमजना न परित्यजन्ति ।।

ક્ષુદ્ર માણસો વિઘ્નના ભયથી, ખરેખર, કોઈ સારા કાર્યનો આરંભ જ કરતા નથી; મધ્યમ પ્રકારના માણસો (કાર્યનો) આરંભ કરીને વિઘ્ન આવતાં કાર્ય કરતા અટકી જાય છે; વારંવાર વિઘ્નો આવવા છતાં પણ ઉત્તમ મનુષ્યો (પોતે) શરૂ કરેલા કાર્યને (પૂરું કર્યા વિના) કદાપિ ત્યજી દેતા નથી.

(૩૩)

रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातम्
भास्वानुदेष्यति हसिष्यति पङ्कजश्रीः ।
इत्थं विचिन्तयति कोशगते द्विरेफे
हा हन्त हन्त नलिनीं गज उज्जहारः ।।

કમળની પાંખડીઓમાં (બિડાયેલો) પુરાઈ ગયેલો ભમરો વિચાર કરે છે કે, (થોડા વખતમાં) 'રાત્રિ વીતી જશે, સુંદર પ્રભાત ખીલી ઊઠશે, સૂર્યનો ઉદય થશે, કમળ ખીલી ઊઠશે (પાંખડીઓ ખુલ્લી થશે અને પોતે બહાર નીકળી શકશે); પરંતુ, અરેરે, અફસોસ! હાથીએ એ કમળના છોડને ઉખેડીને ફેંકી દીધો. (ભમરાની બધી આશાઓ નિષ્ફળ ગઈ; માનવજીવનમાં પણ આવું જ બને છે.



(૩૪)

वितरति गुरुः प्राज्ञे विद्यां यथैव तथा जडे
न तु खलु तयोर्ज्ञाने शक्तिं करोत्यपहन्ति वा ।
भवति च पुनर्भूयान्भेदः कले प्रति तद्यथा
प्रभवति शुचिर्बिम्बोद्ग्राहे मणिर्न मृदांचयः ।।

ગુરુ, આમ તો બુદ્ધિશાળી અને જડ (મંદબુદ્ધિ) શિષ્યોને તો સમાન રીતે વિદ્યા આપે છે; પણ શિષ્યોની જ્ઞાન ગ્રહણ કરવાની કે મેળવવાની શક્તિમાં કંઈ વધારો કે ઘટાડો કરતા નથી.

આમ છતાં, પરિણામમાં ઘણો ફરક પડે છે. જેમ કે, સ્વચ્છ મણિ પ્રતિબિંબ ગ્રહણ કરી શકે છે (અને પ્રકાશમાન થાય છે) પણ માટીનો ઢગલો પ્રતિબિંબ ઝીલી શકતો નથી.

(૩૫)

वयमिह परितुष्टा वल्कलैस्त्वं च लक्ष्म्या
सम इह परितोषो निर्विशेषो विशेषः ।
स हि भवति दरिद्रो यस्य तृष्णा विशाला
मनसि च परितुष्टे कोऽर्थवान् को दरिद्रः ।।

(એક સાધુપુરુષ રાજાને કહે છે :) હે રાજા, અમે માત્ર વલ્કલોથી સંતુષ્ટ રહીએ છીએ, તમે લક્ષ્મીથી સંતુષ્ટ રહો છો; આપણા બન્નેનો સંતોષ સરખો જ છે. પરંતુ એમાં વિશિષ્ટતા રહેલી છે : જેની તૃષ્ણા મોટી છે તે જ દરિદ્ર ગણાય છે, મનથી જે સંતુષ્ટ છે તેને મન ધનિક કોણ અને દરિદ્ર કોણ?

(૩૬)

असितगिरिसमं · स्यात्कज्जलं सिन्धुपात्रे
सुरतरुवरशाखा लेखिनी पत्रमुर्वी ।
लिखति यदि गृहीत्वा शारदा सर्वकाल
तदपि तव गुणानामीश पारं न याति ।।

('શિવમહિમ્નસ્તોત્ર'માં કવિ પુષ્પદંત કહે છે :)

સાગરરૂપી પાત્રમાં કાળા પર્વતરૂપી કાજળની શાહી બનાવી હોય, કલ્પવૃક્ષની શાખાની લેખિની બનાવી હોય, આખી ધરતીરૂપી કાગળ બનાવ્યો હોય અને મા સરસ્વતી હંમેશ માટે (ભગવાનના) ગુણોનું વર્ણન લખ્યા કરે તોપણ હે ભગવાન! (હે મહાદેવ!) તમારા ગુણોનો પાર આવી શકે નહીં.

(૩૭)

रे रे चातक सावधानमनसा मित्र क्षणं श्रूयताम्
अम्भोदा बहवो वसन्ति गगने सर्वेऽपि नैतादृशाः ।
केचिद् वृष्टिभिरार्द्रयन्ति वसुधां गर्जन्ति केचिद् वृथा,
यं यं पश्यसि तस्य तस्य पुरतो मा ब्रूहि दीनं वचः ।।

હે ચાતક, હે મિત્ર, સાવધાન. મનથી એક ક્ષણ માટે તું (મારી વાત) સાંભળ. આકાશમાં અનેક વાદળો હોય છે એ બધાં વાદળો એકસરખાં હોતાં નથી; કેટલાંક વાદળો વરસાદથી આ ધરતીને તરબોળ કરી દે છે, કેટલાંક વાદળો નકામાં ગરજ્યા કરે છે (વરસાદ વરસાવતાં નથી) હે ચાતક, જે જે (વાદળ)ને તું જુએ તેને તેને તું દીન વચન બોલી પાણી માટે યાચના કરીશ નહિ.

(ભર્તૃહરિના 'નીતિશતક'માંથી)

■



# વિભાગ-૨

## સૂક્તિઓ



## રત્નકણિકા

# સૂક્તિઓ

વિચારયુક્ત કથનને સૂક્તિ કહે છે. વિચાર અણુ કરતાં પણ અધિક સૂક્ષ્મ અને અધિક સમર્થ છે. તે સર્વાધિક શક્તિશાળી ગણાય છે. એથી ઋગ્વેદમાં એ માટે પ્રાર્થના પણ છે :

**आ नो भद्राः क्रतवा यन्तु विश्वतः।**

''તમામ દિશાઓમાંથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ.''

દરેક ભાષામાં પ્રેરક વિચારને વ્યક્ત કરતાં નાનકડાં પણ અસરકારક અને તેજસ્વી કથનો હોય છે. સંસ્કૃત ભાષામાં તો આવાં કથનોનો આગવો વૈભવ અને વારસો છે. દરેક સૂક્તિ (सु+उक्ति, સુંદર કથન) કવિના પોતાના વ્યાપક અવલોકન અને તેના ગહન ચિંતનની ફલશ્રુતિ હોય છે. એની સમજ મેળવવી અને પાલન કરવું જીવનમાં ખૂબ ઉપયોગી અને અસરકારક નીવડે છે. સૂક્તિઓ જીવનને સમૃદ્ધ બનાવવામાં મદદરૂપ બને છે.

આવી કેટલીક સૂક્તિઓ અહીં એકઠી કરી, પ્રત્યેકનો અનુવાદ અને અર્થવિસ્તાર આપ્યાં છે.



(૧)

**अजीर्णे भोजनं विषम्।**

**અનુવાદ :** અપચામાં ભોજન એ ઝેર છે.

**અર્થવિસ્તાર :** જાણીતી કહેવત 'પહેલું સુખ તે જાતે નર્યાં' આપણને સમજાવે છે કે, સૌથી મોટું સુખ તંદુરસ્તી છે.

આ સૂત્ર સમજાવે છે કે, જેટલું પચી શકે તેટલું જ જમવું જોઈએ. પાચનશક્તિ નબળી હોય અને વિશેષ આહાર કરવામાં આવે તો આરોગ્યને નુકસાન થાય છે. શરીરના ઘણા રોગો અનુચિત આહારને લીધે થાય છે.

શરીરને જીવંત રાખવા આહાર જરૂરી છે, પણ તે પાચ્ય અને માપનો હોવો જોઈએ. વધુ પડતો અને અરુચિકર ખોરાક પાચનતંત્રને નુકસાન કરે છે, આરોગ્ય બગાડે છે. આ સૂક્તિ આરોગ્ય જાળવણીની ચાવી છે.

(૨)

**अति सर्वत्र वर्जयेत्।**

**અનુવાદ :** બધે 'અતિ'નો ત્યાગ કરવો.

**અર્થવિસ્તાર :** આ સૂક્તિમાં વિવેકશક્તિનો મહિમા ગાયો છે. કોઈ પણ કાર્ય હોય એને એની મર્યાદા હોય છે. એ મર્યાદા ઓળંગીને અતિરેક થાય તો પરિણામ માઠાં આવે છે.

"અતિ સૌંદર્યને કારણે સીતાજીનું હરણ થયું, અતિ અભિમાનને કારણે રાવણ હણાયો, અતિ દાનવૃત્તિને કારણે બલિ પાતાળમાં ચંપાયો. આમ, બધે 'અતિ'નો ત્યાગ કરવો." – એ સુભાષિતનું આ છેલ્લું ચરણ એક સરસ બોધક ઉક્તિ છે. વિસ્તારથી કહીએ તો ગુણ કે દોષ અનર્થ કરે છે. જેમકે, અતિશય આહાર, અતિશય નિદ્રા, અતિશય શ્રમ, અતિશય ક્રોધ વગેરે સરવાળે અનિષ્ટ સર્જે છે.

એટલે જીવનના કોઈ પણ કાર્યમાં ક્રિયામાં 'અતિશયતા'થી કામ ન કરવું જોઈએ. એ એક દુર્ગુણ છે, જે નુકસાનકારક અને સરવાળે વિઘાતક નીવડે છે.

(૩)

**अहो रूपम् अहो ध्वनिः।**

**અનુવાદ :** વાહ! કેવું રૂપ અને વાહ! કેવો અવાજ!

**અર્થવિસ્તાર :** આ એક વ્યંગકથન છે. પંચતંત્રની એક વાર્તા અનુસાર, ગધેડો ઊંટને રૂપાળું કહી પ્રશંસા કરે છે અને ઊંટ ગધેડાના ગાનને અત્યંત મધુર કહી વખાણ કરે છે.

પણ હકીકતમાં ઊંટનાં 'અઢારે વાંકાં' હોય છે અને ગધેડાનો અવાજ બેસૂરો હોય છે.

"ઊંટના ઘેર તેનું લગ્ન હોય અને એમાં ગધેડો વિધિપાઠ ભણતો હોય, તો તે બંને એકબીજાની પ્રશંસા કરે છે : વાહ!



(ઊંટભાઈ!) શું તમારું રૂપ છે અને વાહ! (ગધેડાભાઈ!) શું તમારો મધુર અવાજ છે!" આ સુભાષિત વ્યંગમાં સરસ બોધ આપે છે, તેનું અંતિમ ચરણ સૂક્તિ તરીકે ઘણું પ્રસિદ્ધ છે.

ઘણી વાર સમાજમાં સરખેસરખા સ્વાર્થી માણસો ભેગા થાય ત્યારે એકબીજાની ખોટી ખોટી પ્રસંશા કરતા હોય છે અને તેમાં અતિશયોક્તિ હોય છે. એટલે આ સૂક્તિ દ્વારા આવા લોકોની ખાસિયત ઉપર વ્યંગનો- કટાક્ષનો ચાબખો છે.

(૪)

**उदारचरितानां तु वसुधैव कुटुम्बकम्।**

**અનુવાદ :** ઉદાર ચારિત્ર્યવાળાઓ માટે તો આખી પૃથ્વી જ કુટુંબરૂપ હોય છે.

**અર્થવિસ્તાર :** ભારતીય સંસ્કૃતિનો એક ઉમદા વિચાર છે કે, આખી દુનિયા એક કુટુંબ જ છે.

સામાન્ય લોકોમાં સ્વાર્થભર્યો અભિગમ હોય છે. 'આ મારું, આ તારું, આ પારકું.' એવું સંકુચિત માનસ હોય છે, જે સંબંધોને બગાડે છે.

જ્યારે મહાપુરુષો સર્વને સ્વજન ગણી વ્યવહાર કરે છે અને મારું-પરાયું કરી વેરની વાડ કે વ્યક્તિવ્યવહારમાં દીવાલો ખડી કરતા નથી. સર્વ તરફ સમાન ભાવ રાખે છે અને સર્વ પ્રત્યે પ્રેમની ભાવનાથી વર્તે છે.

'વિશ્વબંધુત્વ' અને 'સૌની સાથે ભાઈચારો'નો જીવન-આદર્શ અહીં પ્રશંસાયો છે, જેનો સૌ વ્યવહારમાં અમલ કરે તો વિશ્વશાંતિ આપમેળે સ્થપાય.

(૫)

**उपदेशो हि मूर्खाणां प्रकोपाय न शान्तये।**

**અનુવાદ :** ખરેખર મૂર્ખાઓને અપાતો ઉપદેશ એમને ગુસ્સે કરવા માટે છે, નહીં કે તેમને શાંત કરવા માટે.

**અર્થવિસ્તાર :** ક્રોધ તો એક દૂષણ છે જ. પણ મૂર્ખને ક્રોધ સહજ હોય છે. તે એને મૂર્ખામી સમજતા નથી. મૂર્ખ છતી આંખે અંધ જેવો હોય છે અને છતે કાને બહેરો હોય છે. એટલે એને પોતાની ક્ષતિ દેખાતી હોતી નથી. એના ઉપર શિખામણની કોઈ અસર થતી નથી, ઊલટાનો એ વધારે ક્રોધિત બને છે.

વરસાદથી થથરતા અને અકળાયેલા વાંદરાને, પોતાના માળામાં સલામત સુઘરી સલાહ આપે છે : મારા જેવો નિવાસ બનાવી સુખેથી રહો. ત્યારે તે મૂરખ વાંદરો ખિજાઈને સુઘરીનો માળો તોડી નાખે છે. એ વાર્તાનો સાર આ સૂક્તિમાં છે.

(૬)

**क्रियासिद्धिः सत्त्वे भवति महतां नोपकरणे।**

**અનુવાદ :** મહાપુરુષોના કાર્યની સફળતા તેમના આત્મબળમાં હોય છે, એકલી સાધનસામગ્રીમાં નથી હોતી.



**અર્થવિસ્તાર :** આ બહુ સુંદર અને ગહન વિચારયુક્ત સૂક્તિ છે. અહીં મનોબળ-will powerનું મહત્ત્વ અંકાયું છે. ઉપર વિચાર છે : શારીરિક બળ કરતાં મનોબળ શ્રેષ્ઠ અને સિદ્ધકારક છે.

કાર્ય ગમે તેવું કઠિન હોય, પણ એક વાર મનોબળ દૃઢ બને તો તે કાર્ય પાર પાડી શકાય છે. દૃઢ મનોબળવાળા માણસો કદીય એકલાં સાધનો ઉપર આધાર રાખતા નથી. મહાપુરુષો સિદ્ધિ ના મળે તો તેમાં સાધનોનો નહીં, પણ સાધનાનો દોષ ગણે છે અને આત્મબળપૂર્વક જરૂરી સાધનો કે નવી રીતો કે યુક્તિથી પોતાનું કાર્ય પૂરું કરે છે.

નેપોલિયન દૃઢ મનોબળ ધરાવતો હતો અને તે કહેતો કે, 'impossible' - 'અશક્ય' શબ્દ મારા શબ્દકોશમાં નથી. ચર્ચિલ પણ બે આંગળીનો સંકેત કરી 'V' for victoryનો નારો ગજાવી, વિશ્વયુદ્ધમાં વિજયી બન્યો હતા.

(૭)

**गहना कर्मणो गतिः।**

**અનુવાદ :** કર્મની ગતિ ગહન છે.

**અર્થવિસ્તાર :** ગીતામાં કર્મના સિદ્ધાંતની ચર્ચા અને સમીક્ષા કરવામાં આવી છે.

(૧) કર્મ વિશે પ્રથમ એવું કહેવાય છે કે, 'કરણી એવી ભરણી' અર્થાત્ 'જેવું કરશો તેવું પામશો.' આ કથનો સારાં કામ કરવાની પ્રેરણા આપે છે.

સારાં કામ ન કરનારી વ્યક્તિઓ માટે બીજી કહેવત સૂચક છે : 'ખાડો ખોદે તે પડે.'

(૨) બીજી વિચારણામાં ગીતામાં કહ્યું છે કે, 'જે યજ્ઞ કર્યા સિવાય ખાય, તે ચોરીનું અન્ન ખાય છે.' અહીં યજ્ઞનો ભાવાર્થ 'કર્મ' છે. કર્મ સિવાયનું આળસુ જીવન સેતાનનું કારખાનું છે, એવું બાઈબલમાં પણ લખ્યું છે.

(૩) કર્મ વિષે ગીતાનું ચિંતન ગહન છે. ગીતા તો કહે છે કે, 'કર્મ કરો, પણ ફળની આશા ન રાખો.' નિસ્પૃહ કર્મ કરો. ઈચ્છા રહિત કર્મ જ મનુષ્યનું ભૂષણ છે. એટલે કામ કરો, પણ આસક્તિ સાથે નહીં.

આ રીતે કર્મની ગતિ ન્યારી અને ગહન છે, તે આ સૂક્તિમાં સંકેતરૂપે કહેવાયું છે.

(૮)

**गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः।**

**અનુવાદ :** ગુણવાનોમાં ગુણો પૂજાને પાત્ર હોય છે; એમની જાતિ નહીં અને ઉંમર પણ નહીં.

**અર્થવિસ્તાર :** આ સૂક્તિમાં ગુણોનો મહિમા વ્યક્ત થયો છે. મનુષ્યની કિંમત તેના કુળ પ્રમાણે નથી થતી હોતી, પણ તેના ગુણો પ્રમાણે થાય છે.

સામાન્ય રીતે ઉંમરલાયક માણસ માન અને આદરને પાત્ર છે. પણ જો એ ગુણસંપન્ન ન હોય તો એ તિરસ્કારને પાત્ર બને છે.



આમ, કુળ અને વય કરતાં ગુણોના આધારે જ માણસનું સાચું મૂલ્યાંકન કરવામાં આવે છે.

(૯)

**चक्रार पङ्क्तिरिव गच्छति भाग्यपङ्क्तिः।**

**અનુવાદ :** ભાગ્યની હાર પૈડાના આરાઓની હારની માફક ફર્યા કરે છે.

**અર્થવિસ્તાર :** ચક્રની ગતિ કેવી છે? ચક્રના આરા ક્યારેક ઊંચા જતા, ક્યારેક નીચે જતા - એમ ફરતા રહેતા હોય છે. આવા ચક્રની જેમ, ભાગ્ય પણ ઉપરનીચે થયા કરતું હોય છે; જીવનમાં ચડતીપડતી આવ્યા કરતી હોય છે.

જીવનમાં સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ આવ્યા જ કરે છે.

એક ગુજરાતી કાવ્યકણિકામાં કહ્યું છે કે,

''ઉદય અને અસ્તનાં ચક્રો સદા ગતિમાન થતાં રહે છે;
વિપત્-સંપદ્ તણાં જોડાં અલગ પણ સાથમાં રહે છે.'

આ રીતે માનવીના જીવનની ઘટનાઓ પણ ચક્ર પ્રમાણે ફર્યા કરે છે. માનવીનો ઉદય થાય છે અને વખત જતાં અસ્ત પણ થઈ જાય છે. આમ, ભાગ્યચક્ર સદા સ્થિર હોતું નથી, ઊંચેનીચે ફરતું જ રહે છે.

(૧૦)

**जननी जन्मभूमिश्चः स्वर्गादपि गरीयसी।**

**અનુવાદ :** જનની અને જન્મભૂમિ સ્વર્ગ કરતાં પણ અધિક મહાન છે.

**અર્થવિસ્તાર :** રામાયણમાં મહાકવિ વાલ્મીકિએ આ કથન શ્રીરામના મુખે કહ્યું છે.

માતા સંતાનોને પોષે છે, સંતાનોને જીવન બક્ષે છે; ધરતી પણ જીવમાત્રને પોષે છે એટલે તેને ધરતીમાતા પણ કહી છે.

એ પ્રમાણે આ સૂક્તિમાં જન્મભૂમિને આદરપૂર્વક આરાધવામાં આવી છે. જન્મભૂમિ એ કંઈ ધરતીનો નાનો અમથો ટુકડો નથી. જન્મભૂમિ તો ભાવનાનું અને શ્રદ્ધાનું મહાન તીર્થ છે. જન્મભૂમિ આપણને હવા, પાણી અને અન્ન આપે છે, તેથીય વધુ તો આપણને વ્યક્તિત્વ આપે છે.

આમ, આ નાનકડી સૂક્તિમાં માતૃપ્રેમની મહત્તાની અને રાષ્ટ્રધર્મ અને રાષ્ટ્રીયતાના આદર્શની પ્રશસ્તિ કરવામાં આવી છે.

(૧૧)

**ज्ञानं भारः क्रियां विना।**

**અનુવાદ :** ક્રિયા (કાર્યાન્વિતિ) વગરનું જ્ઞાન ભારરૂપ છે.

**અર્થવિસ્તાર :** "વિચાર કૃતિશીલ બને ત્યારે તે જ્ઞાન કહેવાય અને જ્ઞાન અનુભૂતિમાં પરિણમે ત્યારે તે બોધ કહેવાય." - આ એક ચિંતકનું વિધાન છે.



જ્ઞાન ઉત્તમ છે, પણ જો તે ક્રિયામાં પરિણમે નહીં તો અર્થહીન છે. જ્ઞાન હોય, પણ તેનો વ્યક્તિગત કે સમષ્ટિગત કલ્યાણ માટે સમુચિત ઉપયોગ થતો ન હોય તો એ જ્ઞાન શા ખપનું? એવું જ્ઞાન તો જીવન માટેનો એક ભાર છે.

જ્ઞાન અને ક્રિયા જીવનની બે મહત્ત્વની પાંખો છે, સંસારસાગર તરી જવાનાં બે સાધનો છે.

(૧૨)

**दैवायत्तं कुले जन्मं मदायत्तं तु पौरुषम्।**

**અનુવાદ :** ઊંચા કુળમાં જન્મ થવો એ ભાગ્યને અધીન છે, પણ પુરુષાર્થ-પરાક્રમ તો મને અધીન છે.

**અર્થવિસ્તાર :** આ સૂક્તિમાં પુરુષાર્થનો મહિમા વર્ણવાયો છે. માણસની સાચી ઓળખ તેનાં કાર્યો દ્વારા થાય છે, નહીં કે કયા કુળમાં તે જન્મ્યો છે એનાથી. ચાણક્યે કહ્યું છે કે, 'ભાગ્ય તો પુરુષાર્થની પાછળ ચાલે છે.' એ જ અર્થમાં નેપોલિયને પણ કહ્યું છે કે, 'ભાગ્ય મને દોરતું નથી, હું ભાગ્યને દોરું છું.' 'Man is the architect of his own fortune' - મનુષ્ય પોતે જ પોતાનો ભાગ્યનિર્માતા છે.

પુરુષાર્થથી જ બળ વધે છે અને જરૂરી ગુણોનો વિકાસ થાય છે. જન્મકુળ એ આપણા હાથની વાત નથી, પણ પુરુષાર્થ કરવાનું - પરિશ્રમ કરવાનું તો આપણા હાથની વાત છે - એવી ભાવના કે ખુમારીવાળો મનુષ્ય સદૈવ સફળ થાય છે.

(૧૩)

**बलीयसी केवलमीश्वरेच्छा।**

**અનુવાદ :** કેવળ ઈશ્વરની ઇચ્છા જ બળવાન છે.

**અર્થવિસ્તાર :** મનુષ્યમાત્ર કંઈ ને કંઈ ઇચ્છા સેવતો હોય છે. 'ઇચ્છા' એક શક્તિ પણ છે. એ પાંખ વિનાની પંખિણી છે.

પણ બધી જ ઇચ્છાઓ પરિણામમાં પરિણમતી નથી. માણસ અનેક મહત્ત્વાકાંક્ષાઓ સેવે અને પૂર્ણ કરવાના પ્રયત્નો કરે, પણ ઈશ્વરની ઇચ્છા હોય તો જ એ પૂર્ણ થાય છે. એવા સંજોગોમાં સાંત્વન અને આશ્વાસન માટે માત્ર આ જ ઉદ્‌ગાર છે. ઈશ્વરની ઇચ્છા વગર એક પાંદડું પણ હલતું નથી; એટલે 'મનુષ્યયત્ન, ઈશ્વરકૃપા' એ ઉક્તિને આત્મસાત્ કરીને નિષ્ફળતાથી હતાશ ન થતાં ગીતામાંનો શ્રીકૃષ્ણએ આપેલો બોધ - 'કર્મ કરવું એ જ તારો અધિકાર છે, ફળપ્રાપ્તિમાં નહીં' ને આશ્વાસનરૂપ ગણીને ચાલવું જોઈએ.

(૧૪)

**यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः।**

**અનુવાદ :** જ્યાં નારીઓ પૂજાય છે (સત્કારાય છે), ત્યાં દેવતાઓ પ્રસન્ન થાય છે.

**અર્થવિસ્તાર :** આ સૂક્તિમાં સ્ત્રીસન્માનનો આદર્શ મૂર્તિમંત થાય છે. કુટુંબજીવનમાં તેમજ સમાજ જીવનમાં પણ સ્ત્રીનું સ્થાન કેન્દ્રમાં છે.



સ્ત્રીનાં ત્રણેય સ્વરૂપ - ભગિની, પત્ની અને માતા - માંગલ્યકારક છે. પત્ની સ્નેહની મૂરત છે અને એ માતા તરીકે સંસ્કારમૂર્તિ છે.

જે ઘર કે કુટુંબમાં સ્ત્રીનું માનસન્માન હોય છે તેને પૂજનીય ગણીને આદર અપાય છે તે ઘર, દેવોની પ્રસન્નતા થતાં, સર્વદા સુખી, શાંત અને સમૃદ્ધ રહે છે. તે ઘર-પરિવાર પર દેવતાઓની સદૈવ કૃપાદૃષ્ટિ રહે છે.

(૧૫)

**लोभः पापस्य कारणम्।**

**અનુવાદ :** લોભ પાપનું કારણ છે.

**અર્થવિસ્તાર :** કામ, ક્રોધ, મદ, મત્સર, મોહ અને લોભને મનુષ્યના શત્રુ (ષટ્‌રિપુ - છ શત્રુ) લેખવામાં આવ્યા છે.

લોભને થોભ નહીં. લોભને કદી પૂર્ણવિરામ નથી. લોભને કેન્દ્રમાં રાખી, ઘણી કહેવતો રચાઈ છે : લોભે લક્ષણ જાય; લોભ વિષે છે સઘળા દોષ; સુખનું મૂળ સંતોષ. વગેરે. માટે લોભ ઉપર કાબૂ રાખવો જોઈએ અને લોભને લીધે થતાં અસંખ્ય પાપોમાંથી બચવું જોઈએ.

(૧૬)

**शरीरमाद्यं खलु धर्मसाधनम्।**

**અનુવાદ :** ખરેખર, શરીર જ ધર્મનું પ્રથમ (મુખ્ય) સાધન છે.

**અર્થવિસ્તાર :** આ ઉપદેશ શરીરસ્વાસ્થ માટે છે. ધર્મનું આચરણ કરવું હોય તો સ્વસ્થ-તંદુરસ્ત શરીર અનિવાર્ય સાધન છે,

એટલે શરીરના સ્વાસ્થ્ય માટે મનુષ્યે સતર્ક અને સદા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

શરીર તો આત્માનું મંદિર છે. તંદુરસ્ત શરીરમાં રહેતો આત્મા પ્રસન્ન રહે છે. ગુજરાતી કહેવત પ્રમાણે, 'પહેલું સુખ તે જાતે નર્યાં.' અર્થાત્ સૌથી મોટું સુખ તંદુરસ્તી છે. Health is wealth. આરોગ્ય તો શરીરનું અને આત્માનું પણ ભૂષણ છે.

(૧૭)

**सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते।**

**અનુવાદ :** સર્વે ગુણો સોનાના આશરે રહેલા છે.

**અર્થવિસ્તાર :** આ સંસારમાં સંપત્તિને મહાન લેખવામાં આવી છે. જેની પાસે સુવર્ણ-ધન-દોલત છે તેનો સમાજમાં માન-મોભો હોય છે. એટલે ધનવાનને સૌ સત્કારે છે ગુણવાન ગણવામાં આવે છે. સામાજિક જીવનની આ વાસ્તવિકતા બનાવતી આ એક અનુભવોક્તિ છે.

બીજી બાજુ, આ ઉક્તિ વ્યંગોક્તિ કે અવળવાણી પણ છે. ધનની ઉપયોગિતા છે તે વાત સાચી, પણ ધન જ સર્વસ્વ છે અને ધનવાન હોય તેના દુર્ગુણો સદ્‌ગુણો છે એમ કહેવું ન્યાયોચિત નથી. આથી કોઈ દુર્ગુણી ધનવાન વ્યક્તિ માટે કહેવાય છે : 'સોનું છે ને તેની પાસે, - તો તે દરેક વાતે ગુણશાળી જ હોય ને?'



(૧૮)

**सहसा विदधीत न क्रियातविवेकः परमापदां पदम्।**

**અનુવાદ :** એકાએક કોઈ કાર્ય ન કરવું જોઈએ, કેમકે એ અવિવેક અનેક આપત્તિઓનું મોટું સ્થાન બને છે.

**અર્થવિસ્તાર :** માણસે કોઈ પણ કાર્ય પૂર્ણ રીતે વિચારણા કર્યા પછી જ કરવું જોઈએ.

જો માણસમાં અવિવેક હોય અર્થાત્ સારુંનરસું પારખવાની બુદ્ધિ ન હોય, અને વગર વિચાર્યે કોઇ પણ કાર્ય કરી બેસે તો તે અનેક વિપત્તિઓથી ઘેરાઇ જાય છે.

ઉતાવળે આંબો પાકે નહિ. કોઈ પણ સિદ્ધિ ઉતાવળ કરવાથી પ્રાપ્ત થતી નથી. ઉતાવળ એટલે વગર વિચાર્યે કામ જલદી-જલદી પતાવવાની વૃત્તિ. વગર વિચાર્યે કરેલું કામ બગડી જતું હોય છે, ઘણી વાર મહા અનર્થ સર્જતું હોય છે અને પાછળથી પસ્તાવાનો વખત આવે છે. ગુજરાતીમાં સરસ કહેવત - બોધકથન છે : વગર વિચાર્યું જે કરે પાછળથી પસ્તાય.'

(૧૯)

**साहसे श्रीः प्रतिवसति।**

**અનુવાદ :** સાહસમાં લક્ષ્મીનો વાસ હોય છે.

**અર્થવિસ્તાર :** જીવનના દરેક ક્ષેત્રમાં માનવીએ સાહસ ખેડવું પડે છે. જેઓ સલામતીનો વિચાર કરીને હાથ જોડી બેસી રહે છે

તેમને કદી સિદ્ધિ મળતી નથી. સાહસવૃત્તિ અનેક ગુણોને સજીવ કે ઉત્તેજિત કરે છે. સાહસથી માણસમાં હિંમત અને આત્મવિશ્વાસ આવે છે. તેનામાં સુષુપ્ત રહેલી શક્તિઓ જાગ્રત થાય છે.

સાહસિક વ્યક્તિ સહનશીલ બને છે અને અનેક આપત્તિઓનો સામનો કરી શકે છે. તેની સૂઝશક્તિ સતેજ બને છે અને એ રીતે તે મુશ્કેલીમાંથી રસ્તો કાઢી શકે છે. તે કદી નિરાશ કે હતાશ થતો નથી.

એક મહત્ત્વાકાંક્ષા પૂરી થતાં બીજીને અવકાશ મળે છે અને એ રીતે માનવી સતત પ્રવૃત્તિશીલ અને પ્રગતિશીલ બનતો રહે છે.

આંધળું કે અવિચારી સાહસ કરવાની અહીં વાત નથી. અવિચારી કે શક્તિ બહારનું સાહસ કરવાથી તો ભારે નુકસાન થવાનો જ સંભવ છે.

પણ, પળેપળે સલામતી શોધનાર માણસનો જીવનવિકાસ રૂંધાઈ જાય છે. ઐશ્વર્ય પામવા માટે તો 'સાહસે શૂરા' થવું જ પડે.

'શ્રી'નો અર્થ લક્ષ્મી પણ થાય અને 'શ્રી'નો અર્થ વિજય પણ થાય. સાહસ જ અર્થપ્રાપ્તિની ચાવી છે; સાહસ જ વિજયનો માર્ગ છે.

બધા મહત્ત્વાકાંક્ષી માણસોએ સાહસ કરીને જ સિદ્ધિ મેળવી છે. ઈતિહાસમાં એના ઘણા દાખલા છે. કોલંબસ, હિલેરી, તેનસિંગ, સિકંદર કે નેપોલિયન અને તાજેતરમાં કલ્પના ચાવલા.



(૨૦)

**स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः।**

**અનુવાદ :** પોતાના ધર્મમાં મરણ સારું; પણ પરધર્મ તો ભયકારક જ છે.

**અર્થવિસ્તાર :** માણસને સંનિષ્ઠ બનાવી કાર્યરત રાખે તેનું નામ ધર્મ. ગીતાના આ કથનમાં સ્વધર્મની મહત્તાનો ઉપદેશ છે.

ભારતીય ચિંતન પ્રમાણે ધર્મ એટલે 'પ્રજાનું ધારણ.' धर्मो धारयति प्रजाः। વ્યક્તિ તથા સમષ્ટિના - સમાજના કલ્યાણ માટે કરાતું કર્મ એટલે ધર્મ.

જે કર્તવ્યથી વ્યક્તિત્વ વધે તે સ્વધર્મ-પોતાનો ધર્મ. સ્વધર્મ જન્મજાત છે, એટલે સ્વધર્મનું સંનિષ્ઠપણે પાલન કરવું જોઈએ. કોઈક વાર પરધર્મ - બીજાઓનો ધર્મ કે તેમની કરણી આપણા કરતાં સારી લાગતી હોય છે, પણ જો એ આપણા સ્વધર્મ, વિચારો, મૂલ્યોને અનુકૂળ ન હોય તો ઘણું નુકસાન થાય છે. એટલે સ્વધર્મનું જ પાલન કરવું એ વધારે ઈષ્ટ પરિણામ લાવે છે.

આમ, સ્વધર્મ દ્વારા જ જીવન ટકે છે, વૃદ્ધિ પામે છે અને ઉન્નત બને છે.

(૨૧)

**·चरन् वै मधु विन्दति।**

અથવા

**चराति चरतो भगः।**

**અનુવાદ :** ખરેખર ફરતો કે કાર્યશીલ માણસ સુખ પ્રાપ્ત કરે છે.

**અર્થવિસ્તાર :** આ ભાવને વ્યક્ત કરતી કાવ્યપંક્તિમાં સરસ સ્પષ્ટતા કરી છે :

"બેઠેલાનું બેસતું, ઊભાનું રહે ઊભ;
નસીબ સૂતાનું સૂએ, ચાલે ચાલતા સંગ.'

આમ, પુરુષાર્થ વિના, ઉદ્યમ વિના ભાગ્યનો ઉદય થતો નથી, કદી સિદ્ધિ મળતી નથી. 'ફરે તે ચરે, બાંધ્યું ભૂખે મરે' આ કહેવત પણ આ જ સત્યની પુષ્ટિ કરે છે. કાર્યરત માણસ જ પોતાનું કલ્યાણ કરી શકે છે.

જે ગતિશીલ છે એટલે કે કાર્યશીલ છે તે જ સુખની પ્રાપ્તિ કરી શકે છે.

આપણામાં એવી માન્યતા છે કે, દરેક મનુષ્ય એના નસીબમાં લખાયું હોય એટલાં જ સુખ-વૈભવ, લક્ષ્મી, કીર્તિ વગેરે પ્રાપ્ત કરી શકે છે, પણ આ માન્યતા સાચી નથી. આ બધુંય સતત કાર્યરત રહેનારને આપમેળે આવી મળે છે. એ શાસ્ત્રોક્ત તેમજ અનુભૂતિ-પ્રમાણિત છે.



ઉદ્યમ વિના નસીબ પાંગળું છે. કોઈ પણ કામ કર્યા વગર માણસ બેસી રહે તો નસીબને ભરોસે તેને કંઈ મળતું નથી. ઉદ્યમથી જ કાર્ય સિદ્ધ થાય છે.

(૨૨)

**उत्तिष्ठत जाग्रत प्राप्य वरान् निबोधत।**

**અનુવાદ :** ઊઠો, જાગો અને શ્રેષ્ઠ પુરુષો પાસે જઈને જ્ઞાન મેળવો - બોધ પ્રાપ્ત કરો.

**અર્થવિસ્તાર :** આ જાગૃતિનો સંદેશ છે. આપણા ઋષિમુનિઓએ ચેતનાને જગાવવાનું–પ્રકટાવવાનું જણાવ્યું છે. એથી જ કહ્યું છે કે, શ્રેષ્ઠ વિદ્વાન પુરુષો પાસે જાઓ અને જ્ઞાન મેળવો.

અજ્ઞાનના અંધકારને પરહરી જ્ઞાનના પ્રકાશને આરાધવાનો આદેશ આ પંક્તિમાં આપ્યો છે.

સ્વામી વિવેકાનંદે આ જ પ્રમાણે આહ્વાન કર્યું છે. તેમણે જાગ્રત થવા અને ધ્યેય સિદ્ધ ન થાય ત્યાં લગી પ્રયત્નશીલ રહેવા જણાવ્યું છે.

મહર્ષિ અરવિંદે પણ આ રીતે જાગૃતિમંત્ર આપ્યો છે : તેમણે પ્રકાશને પામવા ચેતનાને જગાડવાનું જણાવીને ઉજ્જ્વળ પંથે પળવા કહ્યું છે. તેમણે સફરને સફળ બનાવવા પુરુષાર્થ કરવા પ્રેરણા આપી છે.

શ્રીકૃષ્ણનું ગીતાગાન પણ આવી જ પ્રેરણા આપે છે. પ્રજાએ પ્રાણવાન અને સત્ત્વશીલ બનીને તથા જીવનના કુરુક્ષેત્રને ધર્મક્ષેત્ર લેખીને કર્તવ્યકર્મ કરવું જોઈએ.

ખૂબ પ્રેરક છે ને આ ઉદ્‌બોધન?

(૨૩)

**उपायं चिन्तयन्प्राज्ञो ह्यपायमपि चिन्तयेत्।**

**અનુવાદ :** ઉપાયનો વિચાર કરતા ડાહ્યા માણસે વિઘ્નોનો પણ વિચાર કરવો જોઈએ.

**અર્થવિસ્તાર :** દરેક વ્યક્તિએ જીવનમાં અનેક સમસ્યાઓ સામે ઝઝૂમવુ પડે છે. સમસ્યાનો ઉકેલ લાવવા કોઈ ને કોઈ ઉપાય શોધવા વિચાર કરવો પડે છે.

આ વિચાર કરવાની સાથે સાથે તે વ્યક્તિએ ઉપાયના માર્ગમાં આવનારાં વિઘ્નો વિશે પણ વિચાર કરવો જોઈએ. આ વિઘ્નોને નિવારવાથી જ જીવનમાર્ગ સરળ થાય છે, જીવનની સફર સફળ થાય છે.

જીવનવ્યવહારની આ એક સુંદર વાત છે.

(૨૪)

**श्रद्धावाँल्लभते ज्ञानं यत्नवान् सुखमेयते।**

**અનુવાદ :** શ્રદ્ધાળુ માણસ જ્ઞાન પ્રાપ્ત કરે છે; તો યત્નશીલ માણસ સુખી થાય છે.



**અર્થવિસ્તાર :** શ્રદ્ધા એક પ્રકારનું અંતરબળ છે. શ્રદ્ધા ધરાવતો માણસ જ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. શ્રદ્ધાને પ્રાણમાં ભરીને જે જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવે છે તે જ મુક્ત જ્ઞાન કહેવાય છે. આમ, વાસ્તવમાં શ્રદ્ધા જ્ઞાનનો પ્રાણકોશ છે.

એ જ રીતે જે માણસ પ્રયત્નશીલ રહે છે તે જ સુખ પ્રાપ્ત કરી શકે છે એવું અહીં જણાવ્યું છે. બે હાથ જોડી બેસી રહેનાર, આળસને પોષનાર કશું જ ઉપાર્જન કરી શકતો નથી. એ કંઈ જ પ્રાપ્ત કરી શક્તો નથી. ઉદ્યમ દ્વારા જ કાર્યસિદ્ધિ થાય છે. પુરુષાર્થના પગલે પગલે પ્રાપ્તિ છે અને કાર્યસિદ્ધિ દ્વારા જ સુખનો અનુભવ થાય છે. આમ, પ્રયત્નશીલ માણસ જ સુખ પામી શકે છે.

(૨૫)

**कृशे कस्यास्ति गौरवम्।**

**અનુવાદ :** દૂબળા પ્રત્યે કોને માન હોય?

**અર્થવિસ્તાર :** સંસારમાં સંપત્તિની મહત્તા વિશેષ છે. ધનવાન સન્માનને પાત્ર બને છે.

'નાણાં વિનાનો નાથિયો, નાણે નાથાલાલ' - આ બહુ જાણીતી લોકોક્તિ છે. જે ધન-દોલત વિનાનો છે તેને કોઈ માન આપતું નથી. મોટે ભાગે તો તે સમાજમાં હડધૂત થતો હોય છે, અપમાનિત થતો હોય છે.

ધનસંપત્તિની મહત્તા વિષે આ ઉક્તિ યથાર્થ નિરુપણ કરે છે. શરીર-શક્તિમાં જે પોચો હોય તેને પણ સમાજ હડધૂત કરે છે.

(૨૬)

**श्वः कार्यम् अद्य कुर्वीत।**

**અનુવાદ :** આવતી કાલનું કામ આજે કરવું જોઈએ.

**અર્થવિસ્તાર :** આ એક પ્રેરક સૂત્ર છે. સમય અને સમુદ્રની ભરતીનાં પાણી કોઈનીય રાહ જોવા થોભતાં નથી. કાળ ગતિશીલ છે, એટલે કાર્ય કરવામાં વિલંબ ટાળવો જોઈએ.

કોઈ પણ સારું કામ કરવામાં મુદત ના પાડવી. એ આજે જ કરવું.

ગત અવસર પાછો આવતો નથી, તેથી મનુષ્યે સમયનો સમયસર સદુપયોગ કરવો જોઈએ અને કાર્યમાં થતા વિલંબને નિવારવો જોઈએ.

"કલ કરે સો આજ કર, આજ કરે સો અબ.
પલ મેં પરલય હોઈગા, બહુરિ કરેગા કબ?"

(૨૭)

**मौनं स्वीकृतिलक्षणम्।**

**અનુવાદ :** મૌન એ સ્વીકારનું લક્ષણ છે.

**અર્થવિસ્તાર :** મૌનનો મહિમા અપરંપાર છે અને કોઈના વિચાર કે મત બાબતે મૌન રહેવું એ તે વ્યક્તિ સાથે તમે સંમત છો, એનો મત તમને સ્વીકાર્ય છે એવો અર્થ થાય એ આ સૂત્રનો સંદેશ છે. આપણા ઋષિમુનિઓ મૌન દ્વારા તપશ્ચર્યાને સાર્થક કરતા.



ગાંધીજીએ કહ્યું છે કે, 'વાણી કરતાં મૌન હંમેશાં લાભદાયી નીવડે છે.' મૌન દ્વારા જ માનસિક શક્તિઓનો વિકાસ થાય છે.

વાદવિવાદમાંથી વિખવાદ પરિણમે છે. દલીલો દિલને દૂભવે છે. વાણી દ્વારા જ મતમતાંતરના વાડા સર્જાય છે.

આથી મૌનને વ્યવહારમાં સર્વોત્તમ ગણાવ્યું છે.

'મૌન સુવર્ણ સમાન છે,' 'મોંને લગામમાં રાખો', 'ચુપકિદી એટલે સ્વીકૃતિ' - એવી કેટલીક કહેવતો પણ મૌનનો મહિમા સમજાવે છે.

(૨૮)

**वदेत् सत्यं वदेत् सत्यं न वदेत् चानृतं कदा।**

**અનુવાદ :** બોલવું તો સાચું જ બોલવું, સાચું ન બોલાય તો કંઈ નહિ પણ ખોટું તો ન જ બોલવું.

**અર્થવિસ્તાર :** આ કથનમાં સદા સત્ય બોલવાની શિખામણ આપવામાં આવી છે. વ્યવહારમાં ભૌતિક લાભ લેવા તથા કહેવાતો ફાયદો ઉઠાવવા માણસ એક વાર અસત્યનો આશ્રય લે છે પછી તેણે બીજાં અનેક જૂઠાણાં - અસત્યો બોલવાં પડે છે.

પણ જે સત્ય બોલે છે અથવા સત્યનું જ આચરણ કરે છે તેને કદી આંચ આવતી નથી. સત્ય બોલનારે કશું છુપાવવું નથી પડતું, તેની શક્તિ વેડફાતી નથી. છેવટે તેનો વિજય જ થાય છે.

સત્યવક્તાનું હૃદય શુદ્ધ હોય છે, તેથી તેનું આત્મબળ મજબૂત હોય છે.

(૨૯)

**यादृशं वपते बीजं तादृशं लभते फलम्।**

**અનુવાદ :** માણસ જેવું બીજ વાવે છે તેવું ફળ તે મેળવે છે.

**અર્થવિસ્તાર :** આ સામાન્ય બાબત મનુષ્ય માટે ઉદાહરણરૂપ છે. મનુષ્ય જેવાં કર્મો કરે છે તેવાં પરિણામો તેણે ભોગવવાં પડે છે.

કોઈ વિદ્યાર્થી વર્ષ દરમિયાન કશું વાંચે નહિ, આળસ, પ્રમાદ કે અન્ય પ્રવૃત્તિમાં સઘળો સમય વ્યતીત કરે તો એ પરીક્ષામાં પાસ ન જ થાય.

આપણી નીચેની કહેવતો આ વાતને ભારપૂર્વક સમજાવે છે :

'વાવે તેવું લણે', 'જેવું કરો તેવું પામો', 'કરણી તેવી ભરણી' 'ખાડો ખોદે તે પડે'.

આમાં કાર્ય-કારણનો સિદ્ધાંત પણ સમાયેલો છે.

(૩૦)

**स्वाध्यायः परमो यज्ञः।**

**અનુવાદ :** સ્વાધ્યાય શ્રેષ્ઠ યજ્ઞ છે.

**અર્થવિસ્તાર :** વિદ્યાર્થીજીવનના કર્તવ્ય વિષે આ સૂત્રમાં કહેવામાં આવ્યું છે. અહીં 'યજ્ઞ'નો વિશિષ્ટ અને વ્યાપક અર્થ છે : યજ્ઞ એટલે સેવાર્થે કરેલું સત્કર્મ. એ પ્રમાણે સ્વાધ્યાયનો શબ્દાર્થ



'સ્વ-અધ્યયન' થાય. પણ તેનો ભાવાર્થ તો છે : 'વેદોનું દૈનિક પુનરાવર્તન'.

પ્રાચીન કાળમાં દરેક વિદ્યાર્થી માટે 'સ્વાધ્યાય અને પ્રવચન' અર્થાત્ 'અધ્યયન-અધ્યાપન'નું કર્તવ્ય બજાવવાનું આવશ્યક ગણવામાં આવતું.

વિદ્યાર્થી સ્વાધ્યાય દ્વારા પ્રાપ્ત કરેલા જ્ઞાનને ધારણ કરી શકતો અને એ રીતે વિદ્યાનું હાર્દ પ્રાપ્ત કરી શકતો. તે એ જ્ઞાન થકી સમાજસેવા કરતો. એટલે જ સ્વાધ્યાયને અહીં શ્રેષ્ઠ યજ્ઞ કહેવામાં આવ્યો છે.

'યજ્ઞ'નો આ ખૂબ અર્થપૂર્ણ પ્રયોગ છે. પૂ. પાંડુરંગ આઠવલેએ આ સૂત્રને ભારતીય સંસ્કૃતિના અર્ક સમાન ગણ્યું છે. તેમણે સ્વાધ્યાય એટલે 'સ્વ'નો અભ્યાસ - એવું અર્થઘટન કર્યું છે. 'સ્વ'નો અભ્યાસ એટલે નિજ આત્માનો અભ્યાસ. એ આત્માનો અભ્યાસ એ યજ્ઞ સમાન છે.

(૩૧)

**उद्योगो जनलक्षणम्।**

**અનુવાદ :** ઉદ્યોગ લોકોનું લક્ષણ છે.

**અર્થવિસ્તાર :** લોકસમાજનું મૂલ્યાંકન કંઈ સંખ્યાબળથી થઈ શકતું નથી. તે તો તેના જીવનધોરણથી મપાય છે.

લોકસમાજનું સ્તર ઊંચું ક્યારે હોય? જ્યારે બે સમયનો રોટલો સુખેથી રળી શકાતો હોય. જ્યાં બેકારી ન હોય એ જનસમાજ ઉચ્ચ છે.

પરંતુ, ઉદ્યમ વિના રોટલો સુખેથી રળી શકાતો નથી. આળસને પોષવામાં આવે, વિલાસને છુટ્ટો દોર મળે અને ઉદ્યમને અપનાવવામાં ન આવે તો નિર્ધનતા અને ગરીબાઈ સર્જાય અને આખરે એ સમાજ નષ્ટ-ભ્રષ્ટ થઈ જાય છે. ઉદ્યમ વિના પ્રજા સત્ત્વહીન બને છે.

ઉદ્યમ દ્વારા જ ઉદ્યોગ ચાલે છે. જીવનમાં ઉદ્યમનું ઘણું મહત્ત્વ છે. ઉદ્યમી પુરુષને જ કાર્યની સફળતા અને લક્ષ્મી વરે છે. એટલે સામાજિક અને રાષ્ટ્રીય ઉત્કર્ષ માટે ઉદ્યમને–ઉદ્યોગને પ્રાધાન્ય આપવું જોઈએ.

આ સૂક્તિ દ્વારા આજે પણ એક પ્રેરક સંદેશો મળે છે કે, આઝાદીની આબાદી માટે અને કૃષિ અને ઉદ્યોગોની પ્રગતિ અને રાષ્ટ્રના વિકાસ માટે ઉદ્યમ અત્યંત આવશ્યક છે.

(૩૨)

**आचारः परमो धर्मः।**

**અનુવાદ :** આચાર એ શ્રેષ્ઠ ધર્મ છે.

**અર્થવિસ્તાર :** આચરણ દ્વારા જ માણસના ચારિત્ર્યને ઓળખવામાં આવે છે. આચરણ એ તો વ્યક્તિત્વની ઝલક છે. માણસ ગમે તેવા સારા વિચારો કરે, પણ એ વિચારો આચારમાં મુકાય ત્યારે જ એનું સાચું મૂલ્યાંકન થાય છે.

એક સંતે કહ્યું છે કે, 'વિચારોની તસવીરને આચારની ફ્રેમમાં મઢો, તસવીર ઝળકી ઊઠશે.'



જેના દ્વારા અન્યને ઉપયોગી થવાય તથા પોતાની પ્રતિભા ખીલી ઊઠે એવું આચરણ કરવું. દુર્ગુણો તુચ્છ ગણવા અને તેમને ક્યારેય આચરવા નહીં. સદ્ગુણોને સામાન્ય ગણી તેમને ક્યારેય છોડવા નહિ.

કાકાસાહેબ કાલેલકરે લખ્યું છે :

''વાણી એ વિચારની ભાષા છે,
કળા એ હૃદયની ભાષા છે;
આચાર એ ધાર્મિકતાની ભાષા છે,
એટલે એ જીવનની ભાષા છે.

(૩૩)

**शीलं सर्वस्य परं भूषणम्।**

**અનુવાદ :** ચારિત્ર્ય સર્વનું શ્રેષ્ઠ આભૂષણ છે.

**અર્થવિસ્તાર :** વિચાર, આચાર અને વ્યવહાર તથા વિશિષ્ટ શોખ અને મનનો આનંદ - આ સર્વેનો સરવાળો એટલે ચારિત્ર્ય.

એનન નામના કવિએ કહ્યું છે :

''જ્યારે સંપત્તિ ગુમાવી ત્યારે માનવું કે કંઈ ગુમાવ્યું નથી. (કારણ કે એ પાછી મેળવી શકાય છે.)

જ્યારે આરોગ્ય ગુમાવ્યું ત્યારે માનવું કે કંઈક ગુમાવ્યું છે.

પણ, જ્યારે ચારિત્ર્ય ગુમાવ્યું ત્યારે માનવું કે સર્વસ્વ ગુમાવ્યું છે.''

આમ, ચારિત્ર્ય માણસની સર્વશ્રેષ્ઠ સંપત્તિ છે. આભૂષણ છે.

લોકો આપણા વિષે વિચારે એ તો આપણી ખ્યાતિ છે. દેવો અને દેવદૂતો આપણા વિષે જે જાણે છે તે આપણું ચારિત્ર્ય છે.

(૩૪)

**विद्याविहीनो नरः पशुः।**

**અનુવાદ :** વિદ્યા વગરનો માણસ પશુ છે.

**અર્થવિસ્તાર :** વિદ્યા મનુષ્યના મનને કેળવે છે. વિદ્યા મનુષ્યની બુદ્ધિનો વિકાસ કરે છે. વિદ્યા મનુષ્યના સંસ્કારનું ઘડતર કરે છે. આ પ્રમાણે વિદ્યા દ્વારા મનુષ્યને વ્યક્તિત્વ પ્રાપ્ત થાય છે.

પશુઓને આમાંનું કંઈ હોતું નથી. એ તો માત્ર ખાવું, પીવું અને જે હોય એ પરિસ્થિતિમાં જીવવું - એ રીતે જીવે છે.

(૩૫)

**संहतिः कार्यसाधिका।**

**અનુવાદ :** સંગઠન કાર્યસાધક હોય છે.

**અર્થવિસ્તાર :** આ નાનકડું કથન એક ભૌક્તિક વિધાન સમું છે અને તે અર્થસભર છે. આ યુગમાં તો તે પ્રવર્તમાન સૂત્ર સમું પ્રસ્તુત અને વહેવારુ છે. ગુજરાતીમાં કહેવત છે કે - 'ઝાઝા હાથ રળિયામણા.'



માણસ એકલા હાથે કંઈ કરે તેના કરતાં સર્વની સાથે હળીમળીને સહિયારો પુરુષાર્થ કરે તો કાર્ય સરળ અને સફળ બને છે. સંઘબળ મહાન છે. સંગઠન એ શક્તિ છે. એટલે જ કહ્યું છે : **संघे शक्तिः कलौयुगे।**

સંગઠનને સત્તા પણ માન આપે છે અને તેથી તેનાં ઘણાં કાર્યો સિદ્ધ થઈ શકે છે.

(૩૬)

**निरामयत्वं प्रथमं सुखं मतम्।**

**અનુવાદ :** તંદુરસ્તીને પહેલું સુખ માની છે.

**અર્થવિસ્તાર :** શરીર રોગરહિત હોય, સ્ફૂર્તિદાયક હોય અને ચેતનવંતુ હોય તેને તંદુરસ્ત (નિરામય) માનવામાં આવે છે. આવું તંદુરસ્ત શરીર હોવું એ પ્રથમ સુખ છે.

મન પણ આવા સ્વસ્થ શરીરમાં હોય તો જ તાજગી પામી શકાય છે.

'પહેલું સુખ તે જાતે નર્યા.' - એ આપણી ખૂબ પંકાયેલી ઉક્તિ છે.

જો માણસ શારીરિક રીતે અને માનસિક રીતે સ્વસ્થ હોય તો જ તે પોતાના જીવનમાં બધાં કાર્યો, કર્તવ્યો અને કર્મો બરાબર કરી શકે છે. એટલે શરીર એ ધર્મનું પ્રથમ સાધન છે એમ માનવામાં આવ્યું છે.

(૩૭)

**सा विद्या या विमुक्तये।**

**અનુવાદ :** જે મુક્તિ અપાવે તે જ સાચી વિદ્યા.

**અર્થવિસ્તાર :** વિદ્યા અજ્ઞાનના અંધકારને દૂર કરે છે, જડ અને મિથ્યા રૂઢિઓની જંજીરો તોડે છે. ખોટા ખ્યાલો અને મંતવ્યો તથા અનુચિત અભિપ્રાયોમાંથી વિદ્યા આપણને સત્યની પ્રતીતિ કરાવે છે, એટલે કે આપણને તે અજ્ઞાનરૂપી અંધકારમાંથી છોડાવે છે.

અર્થાત્, ખોટા વિચારો અને અજ્ઞાનમાંથી મુક્ત કરે એનું નામ સાચી વિદ્યા. જીવનમાં મૃદુતા લાવે, સમભાવ પેદા કરે અને અહંને લગામ લગાવે એવી કેળવણી. વિદ્યા એટલે કેવળ અક્ષરજ્ઞાન એમ નહિ.

વિદ્યા ધર્મનું પુનરાવર્તન કરે છે; અને અંતે તે આપણને મુક્તિ - મોક્ષ અપાવે છે. કોઈએ સુંદર લખ્યું છે કે, વિદ્યા તો –

– હૃદયની, બુદ્ધિની અને તમામ ઈન્દ્રિયોની સ્વામિની છે.
– વિજ્ઞાન તેનું મસ્તક છે.
– ધર્મ તેનું હૃદય છે.
– નિરીક્ષણ અને તર્ક તેની આંખો છે.
– ઈતિહાસ તેના કાન છે.
– સ્વાતંત્ર્ય તેનો શ્વાસ છે.
– ઉત્સાહ અને ઉદ્યોગ એનાં ફેફસાં છે.
– શ્રદ્ધા તેનું ચૈતન્ય છે.



આ બધા ગુણો વિદ્યા અને કેળવણીમાંથી આવે છે; એટલે કે વિદ્યાથી સાચો અને સર્વાંગી વિકાસ થાય છે, જીવન ફાલે, ફૂલે અને ફોરમ પામે છે. વિદ્યા અને કેળવણીની ઉપાસના કરનારો મનુષ્ય કોઈનો ઓશિયાળો નહિ રહે. તેની સર્વકામનાઓ સિદ્ધ થઈ શકે છે.

(૩૮)

**विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः।**

**અનુવાદ :** વિવેકભ્રષ્ટ માણસોનો શતમુખ વિનિપાત થાય છે.

**અર્થવિસ્તાર :** મનુષ્ય એક વાર ભ્રષ્ટ થાય એટલે તેનું અનેક રીતે પતન થાય છે. દા.ત., નાનું વ્યસન શરૂ થાય તો તેની સાથે મોટા થાય ત્યાં સુધીમાં બીજાં અન્ય વ્યસનો પણ આવી જાય છે. જુગાર, દારૂ, વ્યભિચાર, અનીતિનાં કામો, ચોરી વગેરે દુર્ગુણો એ જ રીતે ઘર કરી જાય છે. સમાજમાં આવી વ્યક્તિની પ્રતિષ્ઠા ઓછી થઈ જાય છે; કોઈ એને માન આપતું નથી અને ઊલટું તેની નિંદા અને ટીકા કરે છે.

એટલે સમાજવિરોધી કામ, વ્યસનો, ખરાબ સંગ વગેરેથી હંમેશાં દૂર રહેવું, એમાં એક વાર દાખલ થયા પછી નીકળવું મુશ્કેલ હોય છે. એનાથી પ્રગતિને બદલે અવનતિ થવા માંડે છે.

બહુ જ ભાવવાહક અને બોધદાયક સૂક્તિ છે.

(૩૯)

**आहारे व्यवहारे च स्पष्टवक्ता सुखी भवेत्।**

**અનુવાદ :** આહારમાં અને વ્યવહારમાં સ્પષ્ટ બોલનારો સુખી થાય છે.

**અર્થવિસ્તાર :** આરોગ્યનો આધાર આહાર ઉપર છે. પોષ્ટિક અને માપનો આહાર જ શરીરને સ્વસ્થતા બક્ષે છે. એટલે કોઈના દબાણને વશ થઈ ગમે તેવી, ગમે તેટલી વાનગીઓ આરોગવી નહીં. પાચન માટે પ્રતિકૂળ વાનગીઓ હોય તો સ્પષ્ટ રીતે તે જમવાની ના પાડી દેવી જોઈએ.

એ જ રીતે વ્યવહારમાં પણ સ્પષ્ટતાની આવશ્યકતા રહે છે. શેહશરમને વશ થઈ કોઈ બિનજરૂરી કે અયોગ્ય કામ કરવું પડે તેનાં પરિણામ માઠાં આવતાં હોય છે અને પશ્ચાત્તાપ કરવો પડે છે. એના કરતાં એવાં કાર્યો કરવાની સ્પષ્ટ ના પાડી દેવી જોઈએ, કે જેથી આપણે સંકટમાં ન પડીએ, દુઃખી ન થઈએ.

જે કાર્ય પોતાને અનુકૂળ ન હોય, જે કાર્ય રુચિ અનુસાર ન હોય, જે આપણા સિદ્ધાંતની વિરુદ્ધ હોય કે બાધક-ઘાતક હોય તેવાં કાર્યો કરવાથી આપણી કીર્તિ તથા પ્રતિષ્ઠાને ઝાંખપ લાગે છે. એવાં કામો માટે સ્પષ્ટ ઈનકાર કરવો જોઈએ, જેથી માઠાં પરિણામ ભોગવવાં પડે નહીં. આહાર અને વ્યવહાર વિષે આ સુંદર ઉક્તિ છે. એનું પાલન થાય તો ખૂબ ફાયદો થાય.



(૪૦)

**मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः।**

**અનુવાદ :** મન એ જ માનવીના મોક્ષ કે બંધનનું કારણ છે.

**અર્થવિસ્તાર :** મન વિષે આપણા ધર્મચિંતકો, સંતો અને તત્ત્વજ્ઞાનીઓએ ઘણું કહ્યું છે.

માનવીનું મન આનંદ કે શોકનું નિર્માણ કરે છે. સુખદુઃખ પણ મનની જ સ્થિતિમાંથી પેદા થાય છે. મન પ્રેરણાદાયી બને તો ઘણાં શુભ કામો થાય છે, પણ જો તે વિષયોથી રંગાઈ જાય તો ઘણાં અનિષ્ટો પણ પેદા કરે છે.

મન નિરંકુશ છે અને તેને અંકુશમાં રાખવું અઘરું છે, પણ જો તેને સમત્વ અને સમતામય રાખવાનું શિખાય, તો ઘણાં સત્કર્મો, પ્રગતિ અને વિકાસ થાય.

મનને મનન દ્વારા, સદ્‌વિચારો દ્વારા, ધ્યાન દ્વારા જ કેળવી શકાય છે અને કાબૂમાં લાવી શકાય છે, પણ એના માટે સતત પ્રયત્નો કરવા પડે છે, ધ્યાન (meditation) કરવું પડે છે, હકારાત્મક (positive) અભિગમ કેળવવો પડે છે.

આમ, મનને યોગ્ય રીતે કેળવવાથી ઘણાં કાર્યો સરળ થઈ જાય છે.

(૪૧)

**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।**

**અનુવાદ :** કર્મ કરવાનો જ તારો અધિકાર છે, તેનાં ફળમાં કદી પણ નહીં.

**અર્થવિસ્તાર :** ગીતા કર્મના તત્ત્વજ્ઞાનનો ગ્રંથ છે. ગીતા ઉપદેશ આપે છે કે મનુષ્યે પોતાનું કર્મ કર્યે જ રાખવાનું છે; કર્મના ફળની આશા કે એના વળગણ સાથે કામ કરવાનું નથી.

કર્મનું ફળ પ્રભુ આપવાના જ છે એવી સમજણ-શ્રદ્ધા હૈયામાં હોવી જોઈએ; અને નિષ્કામ-નિરપેક્ષ કર્મ કરવામાં આવે તો તે સુગંધિત બની જાય છે. કાર્ય-કારણ સિદ્ધાંત પ્રમાણે તમને સારાં કામોનાં સારાં અને ખરાબ કામોનાં ખરાબ ફળ મળવાનાં જ છે. એ કર્મનો સિદ્ધાંત છે.

એટલે મનુષ્ય જે કંઈ કરે તે નિષ્ઠાપૂર્વક કરે, પ્રેમથી કરે, પોતાની ફરજ સમજીને કરે એ વાત મહત્ત્વની છે. ગાંધીજીએ અનાસક્તિભાવથી કામ કરવાનું કહ્યું છે. કર્મનું પરિણામ રૂપે જે કંઈ ફળ આવે એ સ્વીકારીએ તો પછી મનને ઉદ્વેગ કે નિરાશા સાંપડતી નથી અને સારુ પરિણામ આવે તો પોતાની ફરજ સારી રીતે બજાવ્યાનો આનંદ આવે છે.

મનની સમતા અને શાંતિ માટે તથા કામ કર્યાના સંતોષ માટે આ ભાવના ખૂબ ઉપયોગી છે.



(૪૨)

**सत्यम् ब्रूयात् प्रियं ब्रूयात्, न ब्रूयात् सत्यं अप्रियम्।**

**અનુવાદ :** સત્ય બોલવું, પરંતુ પ્રિય બોલવું, સાંભળનારને અપ્રિય લાગે તેવું સત્ય બોલવું નહીં જોઈએ.

**અર્થવિસ્તાર :** 'મનુસ્મૃતિ'નું આ પ્રખ્યાત કથન છે. એ આજે પણ એટલું જ નીતિવિષયક અને પ્રસ્તુત છે.

કડવાં વચન કોઈને ગમતાં નથી. કહેનાર પ્રેમ અને સહાનુભૂતિ ગુમાવે છે. તેના પ્રત્યે ઘણી વાર નફરત અને તિરસ્કાર જાગે છે.

એટલે વ્યવહારું તો એ છે કે સત્ય જરૂર કહો, પણ સાંભળનારને તે ગમે તેવી રીતે નહીં, પણ પ્રિયકર બની રહે એ રીતે કહો. સત્ય જીવનનું હાર્દ છે; તો મધુરતા મુખ છે.

પ્રિય બોલવું એટલે ખુશામત કરવી એવો અર્થ નથી કરવાનો. હૃદયને દુઃખ ના થાય, લાગણીઓ કે ભાવનાઓને ઠેસ ન પહોંચે એ રીતે સત્ય બોલવાની વહેવારુ શીખ આ સૂક્તિમાં આપણને આપી છે.

(૪૩)

**सहृदयं संमनस्यमिद्वेषं कृणोमि वः।**

**અનુવાદ :** તમારું હૃદય અને મન સમાન હો અને તમારા વ્યવહારમાં દ્વેષ ના હો.

**અર્થવિસ્તાર :** આ અથર્વવેદનો સુંદર શ્લોક છે. ઋષિ બોધ કરે છે કે, હૃદય અને મનને ગુણ-વ્યવહાર માટે એકસમાન રાખો અને દ્વેષનો ત્યાગ કરો. હૃદયનો ગુણધર્મ લાગણી અને સંવેદના અનુભવવાનો છે. મનનો ગુણધર્મ ઈચ્છાઓ, આકાંક્ષાઓ, અભિલાષાઓ કરવાનો છે. હૃદય 'ભાવના' છે, મન 'કર્તવ્ય' છે. ભાવના અને કર્તવ્ય વચ્ચે એકવાક્યતા રાખવાનું અહીં કહેવામાં આવ્યું છે.

ભાવનાની ક્યારીમાં કર્તવ્ય-કાર્યની વલ્લરી ઊગે છે, પાંગરે છે. ભાવના વિહોણું કર્તવ્ય યંત્રવત્ છે, જડ હોય છે.

આ જ સૂત્રમાં ઋષિઓએ વ્યવહારમાં દ્વેષનો ત્યાગ કરવાનું કહ્યું છે. દ્વેષ અગ્નિ સમાન છે. દ્વેષ કરનાર સ્વયં પોતાના માર્ગમાં તણખા વેરે છે ને પછી દાઝે છે.

સઘળા ધર્મોમાં પ્રભુભક્તિ અને પ્રભુપ્રાપ્તિ વિશે કહ્યું છે. માનવપ્રેમ સર્વ ધર્મોનો પ્રમુખ ઉદ્દેશ્ય છે. એટલે સર્વસમભાવ જરૂરી છે. કોઈ ધર્મ આપસ-આપસમાં વેરઝેર રાખવાનું અને માણસને ધિક્કારવાનું શીખવતો નથી. આપણે બધાએ મોટા મનવાળા અને ઊંચા વિચારોવાળા બનવું જોઈએ એ આ સૂક્તિનો સંદેશ છે.

(૪૪)

**योगः कर्मसु कौशलम्।**

**અનુવાદ :** કર્મમાં કૌશલ એ જ યોગ.

**અર્થવિસ્તાર :** ગીતાના આ પ્રખ્યાત શ્લોકમાં કર્મયોગનું ચિંતન રજૂ થયું છે.



સંસારમાં રહી, પોતાના કર્મને નિષ્ઠાપૂર્વક કરવું તે પણ એક પ્રકારનો યોગ જ છે. સંનિષ્ઠ કામ કરનાર કર્મયોગી છે.

ગાંધીજીએ પોતાના શબ્દોમાં લખ્યું છે કે, જે માતા રાતદિવસ પોતાના પરિવારનું પાલન કરે, બાળકોની સંભાળ રાખે, અતિથિઓની ભાવભીની સત્કાર-શુશ્રૂષા કરે, સર્વને જમાડી છેલ્લે જમે, એને યોગી નહીં, તો બીજું શું કહેવું? યોગી બનવા ભગવાં વસ્ત્રો પહેરવાની કે જંગલમાં જવાની જરૂર નથી. પોતાનું કામ વફાદારીપૂર્વક અને નીતિમૂલ્યોના પાલન સાથે કરનાર મનુષ્ય સાચા અર્થમાં યોગી છે, કર્મયોગી છે.

(૪૫)

**न वित्तेन तर्पणीयो मनुष्यः।**

**અનુવાદ :** કેવળ ધનથી જ માનવને સંતોષ મળી શકતો નથી.

**અર્થવિસ્તાર :** તૃષ્ણાને તૃપ્તિ નથી. ધનની તૃષ્ણા કદીય સંતોષાતી નથી, એ વિસ્તરતી જ રહે છે.

ધનની લાલસા-તૃષ્ણા, તીવ્ર ઈચ્છા ધનવાનનાં સુખ અને ચેનને નષ્ટ કરે છે. ધન કમાવાની દોડમાં એ દોડ્યા જ કરે છે અને તેને માટે સુખશાંતિ હરામ બની જાય છે.

ધનને પગલે પગલે અન્ય દુર્ગુણો અને દૂષણો આવતાં હોય છે અને તેથી પણ સુખશાંતિ દૂર જાય છે.

કમાયેલા ધનને સાચવી રાખવું પડે છે અને તે માટે ઘણુંબધું કરવું પડે છે.

એટલે ધન એકત્રિત કરવું, ધન સાચવવું, જે ધન છે તેને વધારવું - એ અર્થોપાર્જનનું એક વિષચક્ર છે.

એટલે નીતિનાં મૂલ્યોવાળું અને ધર્મમય જીવન, એટલે કે ઉત્કૃષ્ટ જીવનમાર્ગ આપણા ઋષિમુનિઓએ બતાવ્યો છે, જેમાં આધ્યાત્મિક નિર્ભરતા અને સ્વાભિમાનનું મહત્ત્વ અને ધનનો સદુપયોગ, દાન વગેરેનો મહિમા સમજાવ્યો છે. એને અપનાવવાથી કે એનો અમલ કરવાથી મનની શાંતિ અને સંતોષ મળે છે.

કૌટિલ્યઋષિએ કહ્યું છે કે, 'જીવનમાં સુખની સ્થાપના માટે ધનની નહીં, ધર્મની નિતાંત આવશ્યકતા છે. એટલે કે - सुखस्य मूलं धर्मः।'

■



## વિભાગ-૩

# ગુજરાતી મુક્તકો
# કહેવતોનો વારસો



# ગુજરાતી મુક્તકો

૧. અક્કલ ઉધારે ના મળે, હેત ન હાટ વેચાય;
રૂપ ઉછીનું ના મળે, પ્રીત પરાણે ન થાય.

૨. અનાથ કૌન હૈ યહાં? ત્રિલોકનાથ સાથ હૈં,
દયાલુ દીનબંધુ કે બડે વિશાલ હાથ હૈં.

૩. કડવા હોયે લીંબડા, તેની શીતળ છાંય;
બોલકણા હોય બાંધવા, તોય પોતાની બાંહ્ય.

૪. કદમ અસ્થિર હો તેને કદી રસ્તો નથી જડતો,
અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો.

૫. કલા છે ભોજ્ય મીઠી ને ભોક્તા વિના કલા નહીં,
કલાવાન કલા સાથે ભોક્તા વીણ મળે નહીં.

૬. કંઈ લાખો નિરાશામાં, અમર આશા છુપાઈ છે.

૭. કંઈક લીધા, કંઈક દીધા બધા હિસાબ બાકી છે,
કર્યા કાળાં અને ધોળાં, બધાનું વ્યાજ બાકી છે;
કર્યાં બહુ પાપ આ હાથે, થવાનું પૂણ્ય બાકી છે,
લથડિયાં ખાય ક્યાં કાયા? હજુ તો મોત બાકી છે.

૮. કુલદીપક થાવું કઠિન, દેશદીપક દુર્લભ;
જગદીપક જગદીશના અંશી કોક અલભ્ય.

૯. કોઈ મારા માર્ગમાં કંટક ભલેને પાથરે,
પુષ્પ તેના માર્ગમાં વેરીશ હું, વેરીશ હું.



૧૦. ચાતક ચકવા ચતુર નર, પ્રતિદિન ફરે ઉદાસ;
ખર ઘુવડ અને મૂરખજન, સુખે સૂએ નિજવાસ.

૧૧. જગતમાં કોઈનો ગર્વ ધરશો નહિ,
ગર્વ છે જીવનનું ફીણ ખાલી;
વ્યોમભર મેઘથી સિંધુ નવ ફૂલતો,
સરિત રેલે ફૂલી જાય ઠાલી.

૧૨. જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર;
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.

૧૩. જલાવી જાતને ધૂપ સુવાસિત બધુ કરે;
ઘસીને જાતને સંતો અન્યને સુખિયાં કરે.

૧૪. જાતે કરવું, જાતે રળવું, જાત વિના સૌ જૂઠું જી;
જાતે ઝૂઝવું, આગે વધવું, જાત વડે ઉદ્ધરવું જી.

૧૫. જે ઊગ્યું તે આથમે, ફૂલ્યું તે કરમાય;
એહ નિયમ અવિનાશનો, જે જાયું તે જાય.

૧૬. જેમની સંસારમાં વસમી સફર હોતી નથી,
તેમને શું છે જગત તેની ખબર હોતી નથી;
જિંદગીને મોતમાં છે માત્ર ધરતીનું શરણ,
કોઈની વ્યોમ હવેલી કે કબર હોતી નથી.

૧૭. ઝાઝા નબળા લોકથી કદી ન કરીએ વેર;
કીડી કાળા નાગનો પ્રાણ જ લે આ પેર.

૧૮. નહીં આદર, નહીં આવકાર, નહીં નૈનોમાં નેહ;
ઉસ ઘર કભી ન જાઈએ, ભલે કંચન વરસે મેહ.

૧૯. જ્યાં આદર, જ્યાં આવકાર, જ્યાં નૈનાંમાં નેહ,
ઉસ ઘર જા સજના, ભલે ના વરસે ભાણાના મેહ.

૨૦. 'તુલસી' ઇસ સંસાર મેં ભાત ભાત કે લોગ,
સબસે હિલમિલ ચાલીએ, નદી નાવ સંજોગ.

૨૧. દયા ધરમકા મૂલ હૈ પાપ મૂલ અભિમાન,
'તુલસી' દયા ન છાંડીએ, જબ લગ ઘટમેં પ્રાણ.

૨૨. ધન, જોબન ને ઠાકરી, તે ઉપર અવિવેક;
એ ચારે ભેગાં થયાં, અનરથ કરે અનેક.

૨૩. નામ રહંતાં ઠક્કરા, નાણાં નવ રહંત;
કીર્તિ કેરાં કોટડાં, પાડ્યાં નવ પડંત.

૨૪. નીંદ ન દેખે મુર્દે કી ખાટ, પ્યાસ ન દેખે ધોબીઘાટ;
ભૂખ ન દેખે જૂઠી ભાત, પ્રેમ ન દેખે જાત કજાત.

૨૫. પરસેવાને પ્રબળ રસાયણ થઈ સદાયે રેલાવું પડશે;
ભલે ભાગ્ય-રેખા વજ્જરસમ, તેને પણ ભૂંસાવું પડશે.

૨૬. પીળાં પર્ણો ફરી નથી થતાં, કોઈ કાળે જ લીલાં;
ભાંગ્યાં હૈયાં ફરી નથી થતાં, કોઈ કાળે રસીલાં.

૨૭. બોલો બોલ વિચારીને પસ્તાવો નવ થાય;
બોલેલું ખેંચાય ના. કરતાં કોટિ ઉપાય.

૨૮. મિત્ર ઐસા કીજીએ ઢાલ સરીખા હોય;
સુખ મેં પીછે જો રહે દુઃખમેં આગે હોય.



૨૯. મોતી ભાંગ્યું વીંધતાં, મન ભાગ્યું કવેણ,
ઘોડો ભાગ્યો ખેલતાં, નહિ સાંધો નહિ રેણ.

૩૦. રૂઝવે જગના જખ્મો, આદર્શોને પૂરાં કરે;
ચલાવે સૃષ્ટિનો તંતુ, ધન્ય તે નવયૌવન.

૩૧. વર્ષા સમ વારિ નહિ, પ્રેમ સમો નહીં ત્યાગ;
વેણ સમ ચિનગારી નહીં, વિરહ સમ નહીં આગ.

૩૨. વર્ષાના સિંચને દાણો દટાયેલો ઊઠે ઊગી;
વિઘ્ન આગમને તેમ, સુપ્ત શક્તિ ઊઠે ખીલી.

૩૩. વાપરતાં આ વિશ્વમાં સહુ ધન ખૂટી જાય;
વિદ્યા વાપરતાં વધે એ અચરજ કહેવાય.

૩૪. વિપત વડે નવ વલખીએ, વલખે વિપત નવ જાય;
વિપતે ઉદ્યમ કીજીએ, ઉદ્યમ વિપતને ખાય.

૩૫. સૌંદર્યો વેડફી દેતાં, ના, ના સુંદરતા મળે;
સૌન્દર્યો પામતાં પહેલાં સૌંદર્ય બનવું પડે.

૩૬. શેરી મિત્ર સો મળે તાળી મિત્ર અનેક;
જેમાં સુખ દુઃખ પામીએ તે લાખોમાં એક.

૩૭. હલકા જન હલકા રહે, લીએ પલકમાં લાજ;
ઉતરાવે છે પાઘડી માંકડ ભરી સમાજ.

૩૮. હા, પસ્તાવો! વિપુલ ઝરણું, સ્વર્ગથી ઊતર્યું છે;
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.

૩૯. લેવા-દેવા તણું કામ જે કરવાનું હોય તે,
તુર્ત જ જો ન થાંય તો, તો કાળ એને ગળી જાય.

૪૦. બીજાને સંતાપ આવ્યા સિવાય,
દુષ્ટના ઘેર ગયા વગર,
પોતાના આત્માને ક્લેશ વગર,
જે મળે તે, સ્વલ્પ હોય તો પણ ઘણું છે.

૪૧. જે દુર્ભાવના અને કુટેવો હંમેશ માટે નથી છોડતો, જેની ઇન્દ્રિયો અને મન શાંત નથી, તે મનુષ્ય કેવળ પુસ્તક જ્ઞાનથી પ્રભુને પામી શકતો નથી. **- કઠોપનિષદ**

૪૨. જેના વડે ચારિત્ર્યનું ઘડતર થાય, મનની શક્તિ વધે, બુદ્ધિનો વિકાસ થાય અને વ્યક્તિ પોતાના પગ ઉપર ઊભી રહી શકે તેનું નામ કેળવણી. **- વિવેકાનંદ**

૪૩. સરવાળો કરો સત્કર્મનો, ગુણનો ગુણાકાર,
બાદબાકી કરો બૂરાઈની ભ્રમનો ભાગાકાર.

૪૪. ધન્ય જીભ તો તેને કહીએ જે
વાણી વિમલ ઉચ્ચારે રે.
પાપ, તાપ, સંતાપ, મિટાવી,
તન, મન, શીતલ કરતી રે.

■



## કહેવતોનો વારસો

(વાણી-વ્યવહારમાં ઉપયોગી)

૧. આપ સમાન બળ નહિ, મેઘ સમાન જળ નહિ.

૨. આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય.

૩. એક નન્નો સો દુઃખને હણે.

૪. કાકા મામા કહેવાના અને ગાંઠે હોય એ લેવાના.
– જ્યારે ગાંઠે પૈસા હોય ત્યારે ઘણા મિત્રો અને સગાવહાલાં ઊતરી પડે છે.

૫. કીડીને કણ અને હાથીને મણ.
– બધાને એમની જરૂર પ્રમાણે મળી રહે છે.

૬. આવે ઘોડાવેગે, જાય કીડી વેગે.

૭. આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન જવાય.

૮. આખો લાડવો સામટો ન ખવાય.

૯. આંધળાને આરસી અને બહેરાને શંખ.

૧૦. એકડા વિનાનાં સો મીંડાં નકામાં.

૧૧. એક નૂર આદમી, હજાર નૂર કપડાં.

૧૨. કાંકરે કાંકરે પાળ બંધાય, ટીપે ટીપે સરોવર ભરાય.

૧૩. ખાવું એનું ખોદવું નહિ.

૧૪. ખોદે ઉંદર, ભોગવે ભોરિંગ.

૧૫. ગઈ તિથિ જોશી પણ ન વાંચે.
– જે થયું તે થઈ ગયું, હવે બદલી ન શકાય.

૧૬. ગોળ નાંખે તેટલું ગળ્યું થાય.

૧૭. ચડે તે પડે, અને ભણે તે ભૂલે. / ભણ્યો ભૂલે અને તારો ડૂબે. – ભૂલ થવી એ માનવની કમજોરી છે. અને સારો તરવૈયો પણ કોઈક વાર ડૂબે છે.

૧૮. ચાકરી કરે તો ભાખરી મળે.
– કામ કર્યા વગર કંઈ મળે નહિ.

૧૯. ચોરનારની ચાર, અને જોનારની બે.
– ચોર લોકો ઘણીવાર હોંશિયાર અને ડાહ્યા માણસોને પણ હરાવી દે છે.

૨૦. જટા વધારે જગદીશ મળે, તો વડલો પણ વૈકુંઠ જાય.

૨૧. જાગે તેની પાડી, ઊંઘે તેનો પાડો. – ઊંઘતી બિલાડી ઉંદર ના પકડી શકે. એટલે સભાનતાથી કામ કરવું જોઈએ.

૨૨. જાણીજોઈને કુવામાં ના પડાય.

૨૩. જેની આંખમાં કમળો હોય, તેને પીળું જ દેખાય.

૨૪. જેવાં ભાઈનાં મોસાળાં તેવાં બેનનાં ગીત. – જેવું કરો તેવું પામો, Tit for tat, like for like.

૨૫. ઝાઝી કીડીઓ સાપને તાણે.
– ભેગા મળીને કામ કરીએ તો મુશ્કેલ કામ પણ કરી શકાય.



૨૬. ઠોઠ નિશાળિયાને વતરણાં ઘણાં.
– જેને કામ ન કરવું હોય તે અનેક બહાનાં કાઢે.

૨૭. ડાહ્યી સાસરે ના જાય અને ગાંડીને શિખામણ આપે.
– કહીએ એ ના કરવું સારું નથી.

૨૮. ડુંગરા દૂરથી રળિયામણા, પાસે જાઓ તો બિહામણા.
– કેટલીક બાબતોથી તો દૂર રહેવું સારું, ભલે પછી એ સારી રીતે રજૂ થઈ હોય.

૨૯. તેજીને ટકોરો, અને ગધેડાને ડફણાં.
– ડાહ્યા માણસને તો એક વાર કહીએ એટલે સમજી જાય. મૂરખને વારેવારે કહેવું પડે.

૩૦. ત્રેવડ ત્રીજો ભાઈ છે.

૩૧. થોડેસો ખાના, ઓર બડેસો રહેના.
– ખાવું આનંદથી, પણ પીવું માપથી.

૩૨. દરિયામાં રહેવું અને મગર સાથે વેર.
– સાથે રહેવાનું કે કામ કરવાનું હોય, તો મોટા કે સત્તાવાળા માણસ સાથે વેર ન બંધાય.

૩૩. દીવા પાછળ અંધારું. – બધા દીવાને પડછાયો તો હોય છે.

૩૪. દૂધનો દાઝેલો, છાશ ફૂંકીને પીએ.
– છોકરું બળે તો અગ્નિથી બીએ. તેમ એક વાર ખરાબ અનુભવ થયો હોય તો સાચવીને વ્યવહાર કરવો.

૩૫. દોરડી બળે, પણ વળ ના જાય.
– નબળા માણસો માર ખાય તોય નબળા જ રહે. એવા માણસથી ચેતવું.

૩૬. ધોબીનો કૂતરો નહિ ઘરનો નહિ ઘાટનો.
– ગબડતા રહેતા પથ્થર ઉપર લીલ બાઝતી નથી, એમ જે માણસો જેમ તેમ રખડતા હોય તે સારું કામ કરી શકતા નથી.

૩૭. નશીબ ચાર ડગલાં આગળ અને આગળ.
– ઘણી વાર વારંવાર કામ કરતાં હોઈ છતાં ધાર્યું પરિણામ મળતું નથી.

૩૮. નહિ મામા કરતાં કેણો મામો સારો.
– ઘણી વાર આપણને કશું જ ન મળે તેવું હોય, તો થોડું ઘણું જે મળે તે સ્વીકારી લેવું જોઈએ.

૩૯. નામ મોટાં, અને દર્શન ખોટા.
– ઘણી વાર બહારથી કે દૂરથી આકર્ષક લાગતી વસ્તુઓ બહુ ઉપયોગી હોતી નથી.

૪૦. નીચી બોરડી સહુ ઝૂડે. – તમે ઢીલા હો તો બધા જ તમારો લાભ ઉઠાવવા પ્રયત્ન કરશે. Willing horse carries more load. ઢીલાને સૌ ધક્કે ચડાવે.

૪૧. પથ્થરને બચકું ભરીએ તો દાંત તૂટે.

૪૨. પાકી કોઠીએ કાંઠા ન ચડે.

૪૩. પાણી વલોવી માખણ ન મળે.

૪૪. પારકી આશા સદા નિરાશ.

૪૫. પોતાની માને કોઈ ડાકણ ના કહે.

૪૬. પંચકી લકડી ઔર એક કા બોજ. ઝાઝા હાથ રળિયામણા.
– સાથે મળીને કામ થાય, તો કામ સહેલું બને.



૪૭. પાંચે આંગળીઓ કાંઈ સરખી હોતી નથી.
– ટોળામાં બધા સારા ન હોય, કોઈ નબળા પણ હોય.

૪૮. ફરે તે ચરે અને બાંધ્યો ભૂખે મરે.

૪૯. ફૂલ નહિ તો ફૂલની પાંખડી.
– કંઈ જ મળવાનું ન હોય તો થોડું પણ સ્વીકારી લેવું. Something is better than nothing.

૫૦. બકરું કાઢતાં ઊંટ પેસે.
– કેટલીક વાર ઉપાય, ઉપાધિ કરતાં પણ ભયંકર હોય છે. વિચાર કરી ઉકેલ લાવવો જોઈએ.

૫૧. ભાગ્યશાળીને ઘેર ભૂત રળે.
– ઘણી વાર મૂરખ અને લાયક ના હોય તેવા લોકો પણ ખૂબ સંપત્તિવાળા હોય છે. એની ઈર્ષા ન કરો.

૫૨. મન હોય તો માળવે જવાય.
– જો ઈરાદો મજબુત હોય તો રસ્તો જડી જ જાય છે.

૫૩. મનમાં ચંગા, તો કઠોરટમાં ગંગા.
– જો તમારા વિચારો સારા હોય, તમારી વૃત્તિ અને સભાનતા સાચી હોય તો દૈવી પરિણામો આવે છે.

૫૪. માગ્યા વિના તો મા પણ ન પીરસે.
– જ્યાં જરૂર હોય ત્યાં યોગ્ય સ્થળે, યોગ્ય રીતે પૂછપરછ કરવી જોઈએ.

૫૫. માણસ માણસમાં આંતરો, કોઈ ઝેવરને કોઈ કાંકરો.

૫૬. મીઠા ઝાડનાં મૂળ કાપવાં નહિ.

૫૭. લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા ના જવું.

૫૮. લાંબા જોડે ટૂંકો જાય, મરે નહિ તો માંદો થાય.

૫૯. વાર્યું ન આવે, પણ હાર્યું આવે.

૬૦. વાંકી આંગળી વગર ઘી ના નીકળે.

૬૧. વિનાશકાળે વિપરિત બુદ્ધિ.

૬૨. શિયાળ તાણે સીમ ભણી અને કુતરું તાણે ગામ ભણી.
– દરેક જણ પોતાના સ્વાર્થ પ્રમાણે, અને ફાયદા પ્રમાણે કામ કરતો હોય છે.

૬૩. શિર સલામત તો પઘડિયાં બહોત.

૬૪. સોનું જોઈએ કસીને, માણસ જોઈએ વસીને.
– કોઈ વસ્તુને બરાબર તપાસ્યા વિના પ્રથમ દૃષ્ટિએ માપી નહિ લેવી.

૬૫. સાંભળીએ સૌનું, પણ કરીએ મનનું.

૬૬. હાથનાં કર્યાં હૈયે વાગે.

૬૭. હાથીના દાંત - ચાવવાના જુદા અને દેખાડવાના જુદા.

૬૮. હામ, દામ અને ઠામ ત્રણએ જોઈએ.
– ધંધો, કે સાહસ કરવા માટે આ ત્રણેની જરૂર પડે છે.

૭૦. હિંમતે મર્દા તો મદદે ખુદા.
– પ્રભુ પણ એને જ મદદ કરે છે જે પોતે જ કામ કરે છે અને પોતાને મદદ કરે છે. એટલે કામ કરીએ તો પ્રારબ્ધ પણ આવે.

■




કાલુપુર બેંક ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યૂટીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ - ગાંધીનગર




એસ. કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ - ગાંધીનગર